
# બંધન અને મુક્તિ

સંપાદક : સાહિત્યોપાસક પ્રવર્તક

પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.




।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

તત્વબોધ પરીક્ષા-૨૦ માટે સ્વીકૃત પાઠ્યપુસ્તક

# બંધન અને મુક્તિ

(સચિત્ર)



2210

★ લેખક - સંપાદક ★


સાહિત્યોપાસક, પ્રવર્તક

પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ

❁ સાથી ❁

પં. હરેશભાઈ એચ. ઝોટા ✤ પં. રમેશભાઈ ડી. ડુંગાણી


મૂલ્ય : રૂા. ૫૦-૦૦


★ પ્રકાશક ★

શ્રી નવજીનવ ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ, મુંબઈ

★ પ્રાપ્તિસ્થાન ★

**શ્રી નવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ**

ડી-૧૦૧/૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ. બી. શાસ્ત્રી માર્ગ,
ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ**

તત્ત્વજ્ઞાન ભવન, ૨૬૫, ન્યુ રવિવાર પેઠ, ગોડીજી દેરાસર સામે,
પૂના - ૪૧૧ ૦૦૨.

## મુખપૃષ્ઠ બોલે છે...

**બંધન બંધન ઝંખે મારું મન,**
**પણ આતમ ઝંખે છૂટકારો.**

નિગોદથી આપણો આત્મા કર્મના બંધનમાં બંધાયેલો છે. તે કર્મસત્તાથી દબાયેલો છે જ્યારે આત્મા સ્વતંત્ર રહેવા ટેવાયેલો છે. જે દિવસે આત્મા કર્મ પર પુરુષાર્થ દ્વારા જોર કરશે ત્યારે આત્મા કર્મના બંધનથી મુક્ત થઈ શાશ્વત સુખનો ભોક્તા બનશે.

**૭૬**

આવૃત્તિ : પહેલી
પ્રત : ૨,૫૦૦

અષાઢ, ૨૦૬૪
ઈ.સ. ૨૦૦૮

: મુદ્રક :
**ABC Publication**
**ભરત જે. ચિત્રોડા**
૧૩૫, નમન પ્લાઝા શોપિંગ સેન્ટર, પહેલા માળે, કાંદિવલી (વે), મુંબઈ-૬૭.
ફોન : ૯૨૨૩૩ ૧૯૬૫૫, ૯૨૨૩૩ ૦૩૨૫૬

**સમ્પાદકીય...**



# વિદાય વેળાએ...

આવજો, પાછા જરૂર પધારજો. ફરી ફરી આવીશું, તમારી સેવા-ભક્તિ અને લાગણી ભૂલી ભૂલાય તેવી નથી. આજે તો જઈએ છીએ પણ જરૂર ફરી પાછા આવીશું. ધન્યવાદ !

સંસારમાં ઘરે મહેમાન થઈ આવેલા જતાં જતાં કાંઈક આવું ભાવથી કે વ્યવહારથી કહીને વિદાય લેતા હોય છે.

✿

આથમતી સંધ્યાએ, કરમ ન રાખે શરમ, ઉગમતી પ્રભાતે પછી એજ વિષયના માધ્યમથી 'બંધન અને મુક્તિ'નું નિર્માણ થયું. મુખ્ય વાત નજર સામે એજ રાખવામાં આવી હતી કે, સંસારી જીવ કર્મની કથા-વ્યથાને સમજે. આંખમાંથી આંસુ પાડીને જે દુઃખને ભોગવવા અનિચ્છાએ માનવી તૈયાર થાય છે. દુઃખ ભોગવતા ન આવડે તેવા માટે અથવા તેથી પણ આકરા દુઃખોનું નિર્માણ દુઃખ કરે. આ પરંપરામાંથી બચવા માટે એજ વિષયને ફરી તમારી સમક્ષ રજૂ કરવામાં આવે છે.

આત્માતત્ત્વ જો તદ્દન નિર્મળ થઈ જાય તો સુખ-દુઃખ, આધિ-વ્યાધિ-ઉપાધિ જેવા આત્માને મલિન કરનારા નિમિત્તોનો સહવાસ એ કરે જ નહિ. મલિન થયા પછી આત્મશુદ્ધિની પ્રક્રિયા ઘણી જટીલ છે. ધીરજ ને સમતા જીવનમાં આવે, વિનય ને વિવેકની બુદ્ધિ પ્રગટે તો જ આત્મશુદ્ધિ થાય. આત્મ શુદ્ધિના સાધનો-કારણો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ પ્રત્યેનો અનુરાગ. આજ સુધી આ રત્નત્રયીનું મૂલ્યાંકન અજ્ઞાની જીવે કર્યું નહિં તેથી જ શુદ્ધિ ન થઈ.

સોનાને શુદ્ધ કરવા અગ્નિ-તેજાબની જરૂર પડે. પાણીને શુદ્ધ કરવા ફટકડી જોઈએ. મલિન શરીર-વસ્ત્રને શુદ્ધ કરવા સર્ફ-સાબુ વગેરે સાધનો જોઈએ. પેટને શુદ્ધ કરવા એરંડિયાનો પ્રયોગ જોઈએ, વાસણને શુદ્ધ કરવા માટી યા પાવડર જોઈએ અને ઘરને સાફ કરવા ઝાડુ અને પાણીનું પોતું મારવું પડે છે. તો વિચારો કે, આ આત્મા એમ સહેલાઈથી શુદ્ધ થશે ? તપ-ત્યાગ-જપ-ધ્યાન-યોગ વિગેરે નહિં કરવા પડે ?

**સંસારં છેત્તું મણો, કમ્મં ઉન્મૂલએ તદટ્ઠાએ ।**
**ઉન્મૂલીજ્જ કસાયા, તમહા ચઈજ્જ સહનાઈ ।।**

**અર્થ :** સંસારને જો ઘટાડવો હોય તો કર્મ સમૂહને જડમૂળથી ઉખેડી નાખવા પડશે. કર્મ સમૂહને જો ઘટાડવા-ઓછા કરવા હોય તો કષાયોની કાલીમાં જે ઘર કરી ગઈ છે તે સુધારવી-ઘટાડવી પડશે. ટૂંકમાં આ પરંપરાને અટકાવવી હોય તો આત્મામાં રહેલું વીર્ય-પુરુષાર્થને ફોરવવો-વિકસાવવો પડશે.

દૂધમાં સાકર ન હોય, પાણીમાં મીઠાસ ન હોય કે રસોઈમાં મીઠું ન નાખ્યું હોય તો બધું નિરસ લાગે તેમ જીવનમાં ઉપકારી પુરુષોએ સંસારને ઘટાડવાની ચાવી પુરુષાર્થમાં બતાવી છે. આજ સુધી આ જીવે ઘણાં જન્મ-મરણ કર્યા પણ તે બધા એકડા વિનાના મીંડા જેવા, સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ વિનાના.

આંકડાશાસ્ત્રીઓએ ૧૦૦+૧૦૦=૧૦૦ એક એવું અટપટું ગણિત જગતની સામે મૂક્યું છે. ૧૦૦+૧૦૦=૨૦૦ એ તો સામાન્ય બુદ્ધિનું ગણિત છે. તેમાં કાંઈ ચિંતન-મનન કે વિચાર નથી. આજ સુધી આ જીવે ૧૦૦ ટકા સમય, શક્તિ, આયુષ્ય જે પોતાની પાસે ભંડોળરૂપે હતું તેમાં એજ પદ્ધતિનું ૧૦૦ ટકા બીજું ઉમેર્યું. પણ ઉમેરતા પહેલા પૂર્વનું બધું ખર્ચાઈ-વપરાઈ ગયું. એ તેને કાંઈ ન સમજાયું એટલે જેટલો ઉમેરો કર્યો એટલું જ એની પાસે (૧૦૦+૧૦૦=૧૦૦ દ્રષ્ટિએ) રહ્યું. હવે જાગૃતિ-સમજદારી આવી, બચાવવાની કે વધારો કરવાની બુદ્ધિ આવી તેથી એનું ગણિત ૧૦૦x૧૦૦= ૧૦૦૦ જેવું પરિણમવું જરૂરી છે. મનુષ્ય ભવ જન્મ-મરણ ઘટાડવા માટે છે.

ચાલો, હવે વિદાયની વેળા આવી છે.

વિદાય એટલે મૃત્યુ નહિં પણ એવી અનોખી જગ્યાએ કાયમી નિવાસ કરવા જન્મ લેવાનો છે. જ્યાંથી ફરી મૃત્યુનો ઘંટ નહિં વાગે. શય્યાઃ માતાની કુક્ષીમાં વાત્સલ્ય આપે. અનસનની ભૂમિમાં જન્મ-મરણથી નિવૃત્તિ આપે. નનામીમાં મૃત્યુ પછી કર્મ અનુસાર જન્મ આપે. ફૂટપાથ ઉપરની શૈયા પાપનો ભોગવટો કરાવે. મિથ્યાત્વી જીવનની શય્યા જન્મ-મરણની વૃદ્ધિ આપે. જ્યારે સંથારાની શૈયા વિરતિ જીવનનો અનુભવ પાપોથી મુક્તિ આપે.

આ પાઠ્યપુસ્તક દ્વારા ઓપન બુક પરીક્ષાની એક વીસી પૂરી થશે. મનુષ્યની ચાર અવસ્થા ચાર વીસી દ્વારા પરિવર્તન પામે છે. એ અપેક્ષાએ પહેલી બાલ્યવસ્થા

અજ્ઞાનતાના કારણે નિરર્થક ગઈ. બીજી યુવાવસ્થામાં આ વીસી દ્વારા કાંઈક જૈનશાસ્ત્રોને નજર સામે રાખી સમજણના ઘરમાં પ્રવેશવાની દ્રષ્ટિ પ્રગટાવી. ક્રિયાઓ માટે સૂત્ર કંઠસ્થ કરવા પડે જ્યારે તત્ત્વજ્ઞાનના વિકાસ માટે જૈન દર્શનના તત્ત્વોને વાંચવા-સમજવા-વાગોળવા પડે. અને એ કારણે યુવાવસ્થાની બીજી વીસી જ્યારે પૂરી થશે ત્યારે આ પાઠ્યક્રમની વીસી તમને ધર્મધ્યાનમાં, આરાધનામાં, સાધનામાં પ્રૌઢ થવાની તક આપશે. આ અમૂલ્ય તક આદર્શ જીવન બનાવવા માટે ઘણી મહત્વની છે એ વાત ભૂલતા નહિં. દ્રવ્યથી ઘણું આરાધન કર્યું હવે ભાવથી કરવાનું છે. એ શોધવા આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અને અંતે...

આ પુસ્તકના તાત્ત્વિક વિષયોનું સંપાદન કરતાં કાંઈપણ કલ્પના ગગનમાં વિહરતા, વિષયને નવી ભાષામાં સમજાવતાં શાસ્ત્ર વિરુદ્ધ છદ્મસ્થ બુદ્ધિથી લખાયું હોય તે માટે મિચ્છા મિ દુક્કડં. ચતુર પુરુષો એ દ્રષ્ટિદોષ-વિચારદોષ કે પ્રેસદોષને સુધારીને વાંચે અને જણાવે એ જ ભાવના.

ગ્રંથના પ્રકાશનમાં શ્રુતભક્તિ કરનારા નાના-મોટા શ્રુતાનુરાગીઓ, પ્રકાશન-સંશોધન-પ્રુફરિડીંગ કરનારા શ્રુતોપાસકો અને ઉત્સાહથી ઓપનબુક દ્વારા પરીક્ષાર્થીઓને તૈયાર થવા પ્રેરણા આપનારા, પરીક્ષા આપીને જ્ઞાનવૃદ્ધિ કરનારા નામી-અનામી સેવાભાવી પ્રચારકોને આ તકે યાદ કરી સેવાયજ્ઞમાં વધારો કરવા શુભ પ્રેરણા.

જેઠ સુદ - ૭, ૨૦૦૮
પૂ. ગુરુદેવની પુણ્યતિથિ
શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસર
ભરૂચ.

– પ્રવર્તક
મુનિ હરીશભદ્ર વિજયજી

## પરીક્ષાર્થીઓને ખાસ સૂચના :

* તા.ક. : નીચેના સૂચનો ધ્યાનથી વાંચો અને ફોર્મ ભરો.
* પુસ્તકમાં આપેલ ફોર્મ જ માન્ય રહેશે. ઝેરોક્ષ ફોર્મ સ્વીકારાશે નહિં.
* જે નામથી ફોર્મ ભરેલ હશે તે જ વ્યક્તિ પરીક્ષા આપી શકશે. બીજા નામે લખેલ પેપર સ્વીકારવામાં આવશે નહિં. નામમાં ફેરફાર ન કરવો.
* ૧૫ વર્ષથી ઉપરની ઉંમરના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, શિક્ષક-શિક્ષિકા બહેનો કોઈપણ વ્યક્તિ પરીક્ષા આપી શકશે.
* બન્ને પરીક્ષા આપી બન્નેમાં ૫૦ % માર્ક મેળવનાર દરેક પરીક્ષાર્થીને પ્રોત્સાહન ઈનામ તથા અભિનંદન કાર્ડ અપાશે.
* એક પેપર લખનાર પરીક્ષાર્થીને ઈનામ આપવામાં આવશે નહિં.
* પ્રથમ પરીક્ષાના પેપર તા. ૧૦-૦૮-૨૦૦૮ શ્રાવણ સુદ-૯ સુધીમાં જે પ્રચારક દ્વારા તમે ફોર્મ ભર્યું હોય તેને જ પહોંચાડશો. તારીખ વિત્યા પછી પેપર સ્વીકારવામાં આવશે નહિં.
* ફાઈનલ પરીક્ષા કેન્દ્ર ઉપર તા. ૨૮-૦૯-૨૦૦૮, ભાદરવા વદ-૧૪, રવિવારના બપોરે ૧.૩૦ થી ૪.૩૦ કલાકે લેવામાં આવશે. વેસ્ટર્ન લાઈનમાં પ્રાયઃ પ્રિમિયર હાઈસ્કૂલ, જ્ઞાનમંદિર રોડ, દાદર, પારલા, મલાડ, બોરીવલી, ભાયંદર તથા સેન્ટ્રલ લાઈનમાં ઘાટકોપર, મુલુન્ડ, કલ્યાણ કેન્દ્રોમાં લેવાશે.
* સંજોગોવસાત બાકી રહેલા પરીક્ષાર્થીઓની પરીક્ષા તા. ૫-૧૦-૨૦૦૮, આસો સુદ-૬, રવિવારના રોજ બપોરે ૧-૩૦ થી ૪-૩૦ ફક્ત દાદર જ્ઞાનમંદિર રોડ, પ્રિમિયર હાઈસ્કૂલમાં જ રહેશે.
* પ્રોત્સાહક ઈનામ તથા અભિનંદન પત્ર પરિણામ જાહેર થયાના ૧૦ દિવસ સુધીમાં જ તમારા પ્રચારક પાસેથી ઈનામી કાર્ડ આપી મેળવી લેવા. અન્ય સ્થળે અપાશે નહિં.
* કાર્ડ હશે અને બીજા પેપરમાં ૫૦ % માર્ક મેળવેલ હશે તો જ ઈનામ આપવામાં આવશે. ઈનામના કાર્ડ બીજા પેપરમાં પરીક્ષાર્થીને કેન્દ્ર ઉપર આપવામાં આવશે.
* પરીક્ષાર્થી જો શિક્ષક-શિક્ષિકા હોય તો જવાબ પેપરમાં ખાસ તેનો ઉલ્લેખ કરવો. પરીક્ષાર્થીએ પોતાનું નામ-ગામ વિગેરે પૂર્ણ લખવું. (ટૂંકમાં ન લખવું.)
* પરીક્ષા સંબંધીના અંતિમ નિર્ણયો આયોજકોને સ્વાધિન રહેશે.
* પરીક્ષા તમે આપો. બીજાને આપવા માટે ખાસ પ્રેરણા કરો.

**પરીક્ષાર્થી માટે પ્રવેશ ફી રૂા. ૫૦/- : પુસ્તક ભેટ**

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના

દ્વારા આયોજિત

## તત્ત્વબોધ પરીક્ષા-૨૦

: વિષય :

# બંધન અને મુક્તિ

**ધ્યાનથી વાંચો** **ટૂંકમાં લખો**

### પરીક્ષા માટે વિશેષ જાણકારી

★ બહુમાનને પાત્ર (૧) પૂ. સાધુ-સાધ્વીજી (૨) શિક્ષક-શિક્ષિકા (૩) પ્રૌઢ વર્ગ (૪) શ્રાવક વર્ગ (૫) શ્રાવિકા વર્ગ

★ આકર્ષક ઈનામો

| | | | |
|---|---|---|---|
| ★ પ્રથમ | - રૂા. ૧૦૦૧/- | ★ દ્વિતીય | - રૂા. ૯૦૧/- |
| ★ તૃતીય | - રૂા. ૮૦૧/- | ★ ચોથું | - રૂા. ૭૦૧/- |
| ★ પાંચમું | - રૂા. ૬૦૧/- | ★ છઠ્ઠું | - રૂા. ૫૦૧/- |
| ★ સાતમું | - રૂા. ૪૦૧/- | ★ આઠમું | - રૂા. ૩૦૧/- |
| ★ નવમું | - રૂા. ૨૫૧/- | ★ દશમું | - રૂા. ૨૦૧/- |
| ★ અગ્યારમું | - રૂા. ૧૫૧/- | | |

★ પ્રોત્સાહન ઈનામ બીજા પેપરમાં ૫૦ % ઉપર માર્ક મેળવનાર બધાને અપાશે.

★ પરીક્ષા - ૧ પેપર ઘરે બેઠા - ૧ પેપર કેન્દ્ર ઉપર - પાસિંગ માર્ક ૫૦ %

★ પ્રવેશ ફી - રૂા. ૫૦/- : પાઠ્યપુસ્તક ભેટ.

★ જવાબ - ઉત્તરપત્રમાં જ લખવા. અલગ પેપર ઉપરનું લખાણ સ્વીકારાશે નહિં.

★ ઘર બેઠા પરીક્ષાનું પેપર તા. ૧૦-૦૮-૨૦૦૮ સુધીમાં જ પ્રચારકને પહોંચાડવું. તારીખ પસાર થઈ ગયા પછી સ્વીકારવામાં આવશે નહિં. ફાઈનલ પરીક્ષા તા. ૨૮-૦૯-૦૮ ના રોજ કેન્દ્ર પર, સપ્લીમેન્ટ્રી તા. ૫-૧૦-૦૮ દાદરમાં લેવાશે.

★ પરીક્ષાર્થીઓએ પોતાના સ્વહસ્તે જ ઉત્તરો લખવા, બીજા પાસે ન લખાવવા.

★ પરીક્ષા આયોજન, પાઠ્યપુસ્તક, ઈનામ યોજનાના રૂા. ૨,૫૦૦/- ભરી મેમ્બર બનો. સમ્યગ્જ્ઞાનની - જ્ઞાનના પ્રચારની અનુમોદના કરો.

★ **પત્ર વ્યવહારનું સરનામું : જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ફોન : ૬૭૯૭ ૯૮૪૦**
*D/૧૦૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ. બી. શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.*

# * તત્ત્વબોધ પરીક્ષા-૨૦ના માનવંતા પ્રચારકો *

ઓપન બુક પરીક્ષાના ઉમેદવારી ફોર્મ, જેઓની પાસે મેળવ્યા (ભર્યા) હોય તે પ્રચારકને જ 'ઘર બેઠા પરીક્ષા'ના ઘરેથી લખેલા ઉત્તરપત્રો તા. ૧૦-૦૮-૨૦૦૮ સુધી પહોંચાડવા.


| ગામ | નામ | ફોન |
|---|---|---|
| ભાયંદર | પં. રમેશભાઇ ડી. ડુંગાણી | ૯૮૨૧૧૦૯૮૯૬ |
| | પં. નરેશભાઇ એસ. શાહ | ૨૮૧૪ ૬૩૯૫ |
| | શ્રી શકરીબેન પી. શાહ | ૨૮૧૯ ૫૪૫૪ |
| | શ્રી ચેતનાબેન પી. શાહ | ૨૮૧૯ ૮૫૧૫ |
| બોરીવલી | શ્રી જૈમિનીબેન આર. શાહ | ૨૮૯૨ ૧૫૯૮ |
| | શ્રી જ્યોત્સનાબેન એમ. શાહ | ૨૮૩૩ ૨૬૧૪ |
| | શ્રી ચેતનાબેન એન. પરીખ | ૨૮૬૨ ૧૪૫૨ |
| | શ્રી દિલીપભાઇ સી. શાહ | ૨૮૯૧ ૮૬૪૮ |
| કાંદિવલી | શ્રી હિંમતભાઇ એ. શાહ | ૨૮૦૭ ૦૬૬૦ |
| | પં. સુનિલભાઇ બી. શાહ | ૨૮૬૪ ૯૬૫૬ |
| | શ્રી વર્ષાબેન હર્ષદભાઇ શાહ | ૨૮૮૭ ૯૬૩૫ |
| મલાડ | પં. વિરેન્દ્રભાઇ આર. શાહ | ૨૮૮૩ ૮૮૩૦ |
| | શ્રી મૃદુલાબેન શાહ | ૨૮૮૧ ૯૦૯૮ |
| ગોરેગામ | પં. ચંપકલાલ પી. મહેતા | ૩૯૫૭ ૭૪૨૦ |
| | શ્રી ઉમાબેન એસ. શાહ | ૨૬૮૬ ૨૨૧૮ |
| અંધેરી (ઇસ્ટ) | શ્રી મંજુલાબેન ડી. ગાંધી | ૨૬૮૩ ૨૧૬૮ |
| પાર્લા | શ્રી મહેન્દ્રભાઇ ટોલીયા | ૯૩૨૨૫૨૩૭૫૪ |
| | શ્રી લલિતાબેન જે. શેઠ | ૨૬૧૧ ૮૩૭૪ |
| સાંતાક્રુઝ | શ્રી અનિલભાઇ શેઠ | ૨૬૪૮ ૦૮૩૯ |
| દાદર | પં. હરેશભાઇ એચ. ઝોટા | ૨૪૧૬ ૧૫૧૫ |
| | શ્રી ઉર્મિલાબેન ડી. શાહ | ૨૪૩૬ ૧૦૦૪ |
| મુંબઇ | શ્રી સુશિલાબેન વખારીઆ | ૨૨૪૨ ૩૮૪૮ |
| મસ્જિદ બંદર | શ્રી લલીતાબેન - રેખાબેન | ૯૮૨૦૭૬૪૩૧૪ - ૨૩૭૦ ૩૪૬૨ |
| સાયન | શ્રી હંસાબેન આર. શાહ | ૨૪૦૧ ૦૩૮૪ |
| ઘાટકોપર | શ્રી મધુબેન કે. શાહ | ૨૫૦૦ ૪૦૫૧ |
| | શ્રી ચંદનબેન કે. શાહ | C/o. ૨૫૧૦ ૬૨૨૯ |
| | શ્રી સંજયભાઇ જે. શાહ | C/o. ૨૫૬૮ ૦૦૮૨ |
| ભાંડુપ | શ્રી નિર્મલભાઇ વી. શાહ | ૬૭૯૭ ૯૮૪૦ |
| મુલુન્ડ | પં. જિતુભાઇ જે. શાહ | ૨૫૬૯ ૦૧૬૯ |
| કલ્યાણ | શ્રી રવિભાઇ શાહ | ૦૨૫૧-૨૩૧૯૧૧૯ |
| પૂના | શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ | (૯૫-૨૦) ૨૪૪૪ ૫૬૮૧ |
| | પં. અજીતભાઇ પી. શાહ | (૦૯૮૬૦), ૩૮૧૩૫૩ |
| સુરત | શ્રી ભદ્રાબેન એમ. ઝવેરી | (૦૨૬૧) ૨૫૯ ૦૪૫૪ |
| જામનગર | શ્રી મોહન વિજયજી જૈન પાઠશાળા | (૦૨૮૮) ૨૬૭ ૦૮૦૫ |

નોંધ : પરીક્ષાર્થીઓએ જરૂર હોય તો વિવેકપૂર્વક સભ્ય ભાષામાં પ્રચારકને ફોન કરવો.

પૂ. પન્યાસ શ્રી પ્રવિણ વિજયજી મ.સા.



પૂ. પન્યાસ શ્રી મહિમા વિજયજી મ.સા.



પ. પૂ. આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

ગુરુજી
અમારો
અંતરનાદ



અમને
આપો
આશીર્વાદ

|| તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ||



પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્ર વિજયજી મ.સા.



પ. પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.સા.

❖ સૌજન્ય ❖


પાટણ (શાંતિનાથની પોળ) નિવાસી

**સ્વ. સેવંતીબેન સુમતિલાલ ભાગચંદ શાહ**

ઘોડનદી – પૂના.

॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર સદ્ગુરૂભ્યો નમઃ ॥

ગુરૂજી અમારો અંતર નાદ
અમને આપો આશીર્વાદ



ગચ્છાધિપતિ

## પ.પૂ.આ.શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ

સંયમી જીવનમાં કરેલી અનેકાનેક ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદનાર્થે


: પ્રેરક :

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી મ.સા.**

: લાભાર્થી :

શ્રી જવાહરનગર ગોરેગામના ગુરુભક્તો


॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-અરિહંતસિદ્ધ સદ્ગુરુભ્યો નમઃ ॥




પ.પૂ.આ.શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ

ગુરુજી અમારો અંતર નાદ
અમને આપો આશીર્વાદ

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી મ.સા.ના
વિનીત શિષ્યાઓ



સા. શ્રી મૃગનયનાશ્રીજી મ.
સા. શ્રી મુક્તિનીલયાશ્રીજી મ.
સા. શ્રી રમ્યદર્શનાશ્રીજી મ.
સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.




સંયમી જીવનમાં કરેલી અનેકાનેક ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદનાર્થે

શ્રી જવાહરનગર ગોરેગામની શ્રાવિકાઓ તરફથી

શ્રી લબ્ધિ-પ્રવિણ-મહિમા શિશુ

સાહિત્યભૂષણ, સંયમ સ્થવીર

**પ. પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્ર વિજયજી મ.સા.ને**



**ભાવભરી કોટીશઃ વંદના**

શ્રી સુમતિલાલ ભાગચંદ શહા

સ્વ. કમલબેન અનિલભાઈ શહા

શ્રીમતી પ્રમિલાબેન રવિકાંત શહા

શ્રીમતી સુવર્ણાબેન પ્રકાશચંદ્ર શહા

શ્રીમતી સુષમાબેન શતિષભાઈ શહા

**શહા પરિવાર - ઘોડનદી (પૂના)**

સાહિત્યોપાસક, પ્રવર્તક


**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.સા.**

**૬૯મો જન્મ - ૫૭મી દીક્ષા તિથિ નિમિત્તે**

|| શ્રી આદિનાથાય નમઃ ||

પૂ. સાધ્વીજી શ્રી મનોરમાશ્રીજી મ.સા.ના

શિષ્યા



પૂ. સાધ્વીજી શ્રી જયલતાશ્રીજી મ.

ચાતુર્માસમાં થએલ વિવિધ
શાસન પ્રભાવના નિમિત્તે

પૂ. સા. શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ.ની

શુભ પ્રેરણાથી

શ્રી કુર્લા ચુનાભટ્ટી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ

ચુનાભટ્ટી, કુર્લા.

# દીર્ઘ સંયમીની અનુમોદના...


પ.પૂ. આ.મ. શ્રીમદ્ વિજય અરિહંત-સિદ્ધસૂરીશ્વરજી મ.ના

આજ્ઞાવર્તિની

પૂ. સાધ્વીજી શ્રી મનોહરશ્રીજીમ.ના શિષ્યા-પ્રશિષ્યા



પૂજ્ય સાધ્વીજી
શ્રી સુલસાશ્રીજી મ.



પૂજ્ય સાધ્વીજી
શ્રી પદ્મરેખાશ્રીજી મ.

ગુરુજી અમારો અંતર નાદ
અમને આપો આશીર્વાદ



સાધ્વીજી શ્રી ગીતપ્રજ્ઞાશ્રીજી

સ્વ. સાધ્વીજી શ્રી અર્હત્પ્રજ્ઞાશ્રીજી

સાધ્વીજી શ્રી મૃગનયનાશ્રીજી મ.


સાધ્વીજી શ્રી મુક્તિનીલયાશ્રીજી મ.

સાધ્વીજી શ્રી રમ્યદર્શનાશ્રીજી મ.

સાધ્વીજી શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.

ભીવાન્દી (હાલ મુંબઈ) નિવાસી

# ઉત્સાહી ધર્મનિષ્ઠ



## સ્વ. હીતેશ રમેશભાઈ શાહ

જન્મ : ૧૯૮૬     વર્ગવાસ : ૨૦૦૩

## સ્મરણાંજલિ

માતુશ્રી : લલિતાબેન રમેશચંદ્ર શાહ

નાનાજી : શ્રી ગણેશમલજી ચુનીલાલ ચૌહાણ

નાનીજી : શ્રી ગોદાવરીબેન ગણેશમલજી ચૌહાણ

મામા : પ્રવીણ જી. ચૌહાણ - દિલીપ જી. ચૌહાણ

મામી : કંચનબેન પ્રવીણ ચૌહાણ


માસી : રેખાબેન કિશોર જૈન - કિરણ પ્રવીણ જૈન
શાંતાબેન જયંતીલાલ જૈન

: ભાઈ-બહેન :

ધરેન્દ્ર બી. મહેતા

અંકિત, મનિષ, રિષભ, અજીત, જયેશ,
ભૂમિકા, મનિષા, દિપીકા, દિશા

પાટણ (ભાભાનો પાડો) નિવાસી





સ્વ. પ્રતાપભાઈ
કેશવલાલ શાહ

માતુશ્રી દમયંતિબેન
પ્રતાપભાઈ શાહ

આપે આપેલા સંસ્કારો
આપના ચિંધેલા સન્માર્ગે
અમે ચાલ્યા કરીએ.

શુભકામના

શ્રીમતી રેખાબેન શૈલેશભાઈ
શ્રીમતી ભારતીબેન દીવ્યેશભાઈ

સુપુત્રી : શ્રીમતી નીતાબેન નવનીતભાઈ, અમદાવાદ

પૌત્ર-પૌત્રી

જેસલ - ભાવિન - ધ્રુમિલ - મયંક - ખુશ્બુ - હિરલ


# ધ્યાન...

ભારતીય સંસ્કૃતિમાં કહો કે જૈન દર્શનમાં કહો, 'ધ્યાન' અને 'યોગ'ની ઘણી આવકારને પાત્ર વાતો પ્રાચીન કાળના શાસ્ત્રોમાં લખેલી જોવા મળે છે.● આજે વર્તમાનમાં પણ એ વાતો જૂદા નામે સાંભળવા મળે છે. માત્ર સાધના કરનારની દ્રષ્ટિ કે ધીરજમાં ફરક છે. તે કારણથી થોડો યોગ અને ધ્યાન ઉપર વિચાર કરીએ.

યોગને કાયા સાથે સાંકળવામાં આવે છે. શરીરમાં જે જે પ્રવૃત્તિ ચાલે છે એ બરાબર ન ચાલે તો શરીરમાં રોગનું આગમન થાય અથવા અસ્વસ્થતા આવે. એ માટે આસન卐 (પદ્માસન, યોગાસનાદિ)નો અભ્યાસ કરી જો યોગના પ્રયોગો કાયમ નિયમિત દ્રઢતાથી કરવામાં આવે તો પ્રાયઃ શરીર તંદુરસ્ત અને વર્ષો સુધી સ્વાવલંબી જીવન જીવવા ઉપયોગી થાય. છ આવશ્યકમાં તેથી જ કેટલાક સૂત્રો મુદ્રા સહિત બોલાય છે. તેમાં પણ અપ્રગટ રીતે મુદ્રા દ્વારા શરીરની સુખાકારીને આવકારવામાં આવી છે.

અકાળે વૃદ્ધાવસ્થા આવે છે. પાંચ ઈન્દ્રિય અથવા કાયા-દાંત-આંખ-કાન શિથિલ થાય છે. તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો એનો દુરૂપયોગ યા જરૂર કરતાં વધુ વપરાશ. કર્મ વિજ્ઞાનમાં નામકર્મના ઉદયે જે જે વસ્તુ શરીર સાથે આપણને પ્રાપ્ત થઈ છે ત્યાં તેની મર્યાદા પણ રાખવામાં આવી છે. જે વ્યક્તિ ખાવા-પીવામાં, જોવા-ચાલવામાં કે જીવન જીવવામાં સંયમ કે વિવેક નહિં રાખે, મર્યાદિત જીવન નહિં જીવે તો બધી રીતે જીવન હારી જશે. માટે ભૂતકાળમાં ને વર્તમાન કાળમાં યોગને શારીરિક, માનસિક, આધ્યાત્મિક દ્રષ્ટિએ અપનાવવા કહ્યું છે.

આજની પેઢીનો ૨૫ થી ૩૫ વર્ષનો નવો શિક્ષિત સમાજ મોટી ઓફિસોમાં મોટા પગારે અને મોટી આશાએ ૧૦-૧૨ કલાક સુધી કોમ્પ્યુટર-ટીવી જેવા સાધનો સાથે શક્તિ બહારનું કામ કરે છે. ઓફિસેથી થાકીને ઘરે ગયા પછી ન ખાવા-પીવાનું કે ન કરવા-ભોગવવાનું કરી દુઃખી થાય છે. માટે જીવનમાં યોગનું અને ધ્યાનનું ઘણું મહત્વ છે એ સ્વીકારવું પડશે.



● યોગદ્રષ્ટિ સમુચ્ચય, ધ્યાનશતક વિગેરે.

卐 પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કાટિકાસન, કાર્યોત્સર્ગાસન, ઉતાસન, લગુડાસન, પાર્શ્વાસન, નિષધાસન, સામ્રકુબ્જાસન.

**યસ્ય દ્રષ્ટિ કૃપા વૃષ્ટિ, ગિરઃ સમ સુધાકિરઃ ।**
**તસ્મૈ નમઃ શુભ ધ્યાન, જ્ઞાન મગ્નાય યોગિનઃ ।।** (જ્ઞાનસાર)

**અર્થ :** જેની દ્રષ્ટિમાં કૃપાની વૃષ્ટિ છે, વાણી સુધા-અમૃત જેવી મીઠી મધુરી છે, જે જ્ઞાન-ધ્યાનમાં મગ્ન-તન્મય છે એવા યોગી-ધ્યાની પુરુષને અમે ભાવપૂર્વક નમસ્કાર કરીએ છીએ.

યોગ સંબંધિ પ્રાથમિક દિશા સૂચન, વિચાર વિનિમય કર્યા પછી હવે ધ્યાનનો વિચાર કરીશું. સર્વપ્રથમ ધ્યાન એ બંધન અને મુક્તિ વચ્ચેનો સેતુ-પુલ છે. એના વિના આજ સુધી બંધનમાંથી મુક્તિ તરફ કોઈએ પ્રગતિ કરી નથી. ધ્યાન એટલે ઈચ્છિત પદાર્થ ઉપર મનન-ચિંતન-નિદિધ્યાસન દ્વારા તેના મૂળ સુધી પહોંચવું.

**ધ્યાનની પૂર્વ ભૂમિકા–પાત્રતા :**

ધ્યાન – ચિત્તમાં પરમ શાંતિ હોય, મનમાં અનિત્ય ભાવનાના પાયારૂપે વૈરાગ્ય હોય, પાપભીરૂતા હોય, ક્રિયા-સાધનામાં રુચિ એટલે ચંચળ વૃત્તિનો અભાવ હોય અને સંસારથી મુક્ત થઈ જીવન ધન્ય કરવાની દ્રષ્ટિ હોય, નિદ્રા-આહાર-ભય-મૈથુન આદિ સંજ્ઞાઓથી દૂર હોય, દૂર થવાની તૈયારી હોય એજ ઉત્તમ પ્રકારે ધ્યાન કરી શકશે. તેમાં પ્રગતિ ને સફળતા પ્રાપ્ત કરી શકશે. આ માટે પ્રાચીન કાળમાં સાધુ પુરુષો જંગલમાં વધુ સમય પસાર કરતા. એકાંતવાસ કરી એકનો (અહંનો) અંત કરવા પ્રયત્ન કરતા.

ધ્યાતા થવા માટે જીવ માત્રની સાથે દ્રવ્યભાવથી મૈત્રી કરુણા કેળવવી અત્યંત જરૂરી છે. તો જ માનવીના મનમાં જે ચંચળતા-અસ્થિરતા ઘર કરી ગયેલ હોય તે દૂર થશે. કષાયો ચાલુ પ્રવૃત્તિમાંથી માનવીને બીજે ખેંચી જાય છે. પર પદાર્થમાં રમણતા એ જ ચંચળ થવાનું મુખ્ય કારણ છે. તેની માત્રા ઘટશે તો જ ધર્મ ધ્યાનમાં મન સ્થિર થશે. ધ્યાતાએ શાશ્વત પદાર્થ તરફ મનને વાળવાનું છે.

ધ્યાન – સંસારી સંસાર વધારવા સંસારની રીતે અને આધ્યાત્મિક પુરુષો સંસાર ઘટાડવા આધ્યાત્મિક રીતે કરે છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વાદિનું ધ્યાન શરૂ કરતાં સાલંબન અવસ્થાનો આશ્રય પ્રાયઃ લેવામાં આવે છે. ધ્યાન કરનારના પુદ્ગલો (શરીર) અને જેનું ધ્યાન કરવું છે તે આલંબન-સાધન-ઉપકરણના પુદ્ગલો પરમ પવિત્ર હોવા જોઈએ. તો જ ધ્યાન એકાગ્રચિત્તે થાય. આજ સુધી તેવું કરવા-વિચારવા આ જીવે પ્રયત્ન કર્યો નથી.

પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરતાં ધ્યેય પરમપદ-મોક્ષ પ્રાપ્તિ માટે જો વિચારેલ હોય તો પંચ પરમેષ્ઠીના યંત્ર-મંત્રને લક્ષમાં રાખી એક એક પદમાં પૂજ્યભાવ-અહોભાવ ઉપકારક તત્ત્વની વિચારણા કરવી જોઈએ. તેઓમાં રહેલ ગુણના

ગુણાનુરાગી થવું જોઈએ તો જ ગુણી થવાય, તો જ ધ્યાનમાં મગ્નતા-લયલીનતા આવે.● પાંચમા ગુણ સ્થનકથી આગળ વધી ચૌદમાં ગુણ સ્થાનક સુધી પહોંચવા ધ્યાન વધુ કામ આવે છે.

ધ્યાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સાથ લઈને કરવું જોઈએ. નિમિત્ત સારા છે પણ ક્ષેત્ર યા સમય પ્રતિકૂળ છે. ઘણાં દુકાનમાં કે મકાનમાં કાંઈ કામ નથી એટલા માટે ધ્યાન કરવા બેસે તો તે અનુચિત છે. જ્યાં સુધી ધ્યાનનું સ્થાન નિશ્ચિત કરવામાં નહિં આવે ત્યાં સુધી તન્મય નહિં થવાય. ભોજન માટે, સુવા માટે, વ્યાપાર કરવા માટે જો નિયત સ્થાન આવશ્યક છે તો તેથી પણ વધારે ધ્યાન માટે એકાંત સ્થળ આવશ્યક છે. તે સ્થળમાં બેસવાથી સાધક સ્વમાં ખોવાય જાય એ નિશ્ચિત છે.

સંસારમાં બાહ્ય પદાર્થો અથવા સાધનો સાધકને ચળવિચળ કરે છે. જો બાહ્ય જગતને ભૂલી જવું હોય તો જ્યાં બાહ્ય પદાર્થો નથી તેવા સ્થળની પસંદગી કરવી જોઈએ. બાહ્ય પદાર્થ અભ્યંતર પદાર્થો સુધી જવા નહીં દે. તત્ત્વજ્ઞાનના ચિંતનના સહારે અથવા અંધારાના આલંબનથી અરૂપીમાં રૂપ કલ્પી તેણે ધ્યાન દ્વારા શોધવાનું સહેલું પડશે. આંખ બંધ કરો તેની સાથે મનના વિચારો બંધ કરો, જરૂર કાંઈક સમજાશે-દેખાશે.

ઘણાં આડંબરી માનવો ધ્યાનને પ્રદર્શન કરવાની પ્રવૃત્તિ કરે છે પણ એ દર્શનીય તત્ત્વ નથી. બીજાને આકર્ષવા અથવા બીજાને 'હુ ધ્યાની છું' એવું બતાડવા જે કાંઈ કાર્ય થાય છે તે બધું વ્યર્થ છે. શરીરની અંદર એક અદ્રશ્ય અરૂપી શક્તિ છે, તેના દર્શન-અનુભવ માટે લૌકિક વ્યવહાર અસ્થાને છે. જીવનમાં સારા આચાર-વિચાર-વર્તન હશે તો જીવન શુદ્ધ થશે. જીવન શુદ્ધ થશે તો ધ્યાનમાં પ્રગતિ કરાવશે.

ધ્યાનનો આરંભ સંકલ્પ સાથે હોવો જોઈએ. વજ્રપંજર સ્તોત્ર, મુદ્રાઓ અને આવ્હાન દ્વારા આમંત્રણાદિ તથા શિવમસ્તુની ભાવના ભાવી કોઈપણ અનુષ્ઠાનથી પ્રારંભ કરાય છે. દુષ્કૃતની નિંદા, સુકૃત્યની અનુમોદના કરવાથી પરિણામની શુદ્ધિ થાય છે અને કાર્યમાં સફળતા-પ્રગતિ યાવત્ સદ્ગતિ સુધી પહોંચી જવાય છે. જો સંકલ્પ અશુદ્ધ તો પરિણામ અશુદ્ધ.

વેપારી વ્યાપાર કરતાં ઘર-પરિવાર, ભૂખ-તરસ વિગેરે બધું ભૂલા જાય તેમ ધ્યાતા (આત્મા) ધ્યાન દ્વારા શરીર અને આત્માને ભિન્ન કરી દે છે. જ્ઞાનના સહારે લોકમાંથી અલોકનું સિદ્ધ અવસ્થાનું ચિંત્વન કરી દે છે.

ધ્યાન એ પ્રવાસ છે. પ્રવાસી જેમ પ્રથમ ઉદ્દેશ્ય નક્કી કરી તેનો રાજમાર્ગ શોધી લે, જરૂરી માહિતી-સાધનો ભેગા કરી લે તેમ ઉત્કૃષ્ટ ભાવનાવાળો ઉત્તમ

---

● સિદ્ધાચલ ગિરિનું છ માસ ધ્યાન ધરે તો રોગ-શોક દૂરે જાય.

સાધક ખામી વિનાનો પુરુષાર્થ કરે તો સુખ-શાંતિ-સમાધિ મળ્યા વિના ન રહે. કદાચ જરૂર પડે તો ધ્યાનકાળમાં ઉત્તર સાધકનો પણ સહકાર લેવાય છે. માત્ર ધ્યેય સ્વ-પરના હિત માટેનું હોવું જોઈએ.

વ્યાકરણમાં જેમ કર્તા-કર્મ-ક્રિયાપદ વાક્ય રચનામાં યોગ્ય રીતે હોવા જોઈએ તેમ ધ્યાન-ધ્યાતા-ધ્યેય પણ યોગ્ય હોવા જોઈએ. એના વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ધ્યાન પવિત્ર થવા માટે હોવું જોઈએ. ધ્યાતા જીવ રાગ-દ્વેષ-કષાયાદિ રહિત હોવો જોઈએ અને ધ્યેય આત્મોન્નતિ, મોક્ષપ્રાપ્તિ, જન્મ-મરણથી મુક્તિ માટે હોવું જોઈએ. ઉપા. યશોવિજયજી મહારાજે તેથી જ આ ત્રણને ક્ષીર-નીરની જેમ ભેગા કરવા કહ્યું છે.

પ્રાયશ્ચિત્તના ઝરણામાં સ્નાન કરવા માટે પણ ધ્યાન કરાય છે. ત્યારબાદ ધર્મધ્યાન દ્વારા આત્મશુદ્ધિ સહજ રીતે થઈ શકે છે. (કોઈપણ ધાર્મિક અનુષ્ઠાનમાં સર્વપ્રથમ લઘુપ્રતિક્રમણ, ઈરિયાવહિયંની ક્રિયા કરાય છે.) અશુભ માર્ગે કરેલા ગમણાગમણથી લાગેલા પાપથી સર્વ પ્રથમ નિવૃત્ત થવું આવશ્યક છે અને એજ આત્મશુદ્ધિની પ્રગતિનો પાયો છે.

એકલવ્ય ગુરુપદની સ્થાપના, આજ્ઞાના અનુશાસન અને એકાગ્રતાથી ઉત્કૃષ્ટ બાણાવાળી બન્યો હતો. લડવૈયો વિજયની વરમાળા મેળવવા મનોબળથી સર્વસ્વ ભૂલી કાર્ય સિદ્ધ કરે છે. તરવૈયો પાણીમાં ડૂબકી મારી તળીયેથી મોતી શોધી લાવી આપે છે તેમ ધ્યાની ધ્યાનના આલંબનથી પાપનો ક્ષય કરી, આત્માને પવિત્ર કરી ભવસાગર તરી જાય છે. માત્ર સાત શુદ્ધિઓ તેણે જાળવવી પડે.卐

સંસારમાં ભાન ભૂલી રાગદશામાં લપેટાઈ ગયેલા ભતૃહરિજીને તેમાંથી છૂટવા-મુક્ત થવા, સંસારને ભૂલી જવા માત્ર એક જ કડવો અનુભવ થયો હતો. જ્યારે અનુરાગ હતો ત્યારે શ્રૃંગાર શતકનું નિર્માણ થયું. હવે તે સ્થાનથી નિવૃત્તિ લેવી છે તેથી વૈરાગ્ય શતક દ્વારા જાતને સાચી વસ્તુ સમજાવી દેખાડી. તેમ ધ્યાનમાં જગત માત્રને જ નહિં સ્વને ભૂલી જવા, પર પદાર્થમાં રહેલી નશ્વરતા, ક્ષણિકતા સમજાઈ જાય એટલે ઘણું મળી ગયું કહેવાય. લાકડું પાણીમાં તરે પણ માટીના વિલેપનવાળું તુંબડું પહેલા પાણીમાં ડૂબી જાય પછી પાણીના સહકારથી માટીથી અલિપ્ત થઈ પાણી ઉપર તરવા લાગે છે. કમળ કાદવમાં ઉગે પણ છેલ્લે એ પાણીની સપાટી ઉપર આવી જાય છે.

ધ્યાન અણું-પરમાણુંથી પણ આગળ સૂક્ષ્મમાં સૂક્ષ્મ દ્રષ્ટિને વિકસાવવાની

---

卐 અંગ વસન મન ભૂમિકા, પૂજો પગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

પ્રવૃત્તિ છે. આત્માના અનંત જ્ઞાનના ખજાનાને શોધવાની ભાવના જ સંપૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન સુધી પહોંચવાનો રાજમાર્ગ છે. સૂક્ષ્મજ્ઞાન, સૂક્ષ્મતામાં રહેલી કડીઓ અણ ઉકેલાયેલા પ્રશ્નોને ખોલી આપવા સમર્થ છે. એ કડીઓ જ બાકીના આત્માના સાતે મૂળ ગુણોને નજીકમાં લાવી પૂર્ણપદ-મોક્ષને આપવા સમર્થ છે. ધ્યાન પ્રગતિ કરે તો તેથી બંધ આંખે ઈચ્છીત વસ્તુ દેખાઈ જાય. માસતુષ મુનિ ૧૨ વર્ષ સુધી 'મારુષ મા તુષ'ના ઉંડા અર્થને શોધવા ગયા તો તો કેવળી થયા.

કાઉસ્સગ્ગ ધ્યાન કરતાં ૨૨ પરિષહને જીતવાના (સહન કરવાના) હોય છે. તેમજ ધ્યાન અખંડ થાય તે માટે ૧૨+૪=૧૬ આગારો અપવાદોની છૂટ આપવામાં આવી છે. ૧૯ દોષો ત્યાગવાના હોય છે. તો જ ઈચ્છીત ફળ પ્રાપ્ત થાય.

**ધ્યાનની વિશાળ સૃષ્ટિ :**

જૈન ધર્મમાં 'ઠામિ કાઉસ્સગ્ગં', 'અપ્પાણં વોસિરામિ', 'મિચ્છા મિ દુક્કડં'નો સૂત્ર પ્રયોગ ધ્યાનને પ્રાયશ્ચિત સાથે નીચે મુજબ સાંકળી દીધેલ જોવા મળે છે. હકીકતમાં આત્મા પ્રથમ સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે. પછી જ્ઞાન જેમ જેમ દ્રઢ થતું જાય તેમ એ જાપ-ધ્યાનમાં મગ્ન બનતા જાય. ટૂંકમાં જ્ઞાન એ પ્રારંભ છે અને ધ્યાન એ પ્રગતિ છે.

(૧) ધ્યાન : સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ એવી છ ભાવનાથી કરવું જોઈએ. ચૈત્યવંદન ભાષ્યમાં કહ્યું તેમ વર્ણાલંબન (અક્ષર)થી અર્થાલંબન (અર્થ ચિંત્વન)થી અને પ્રતિમાલંબન (આલંબન)થી કરવું જોઈએ.

(૨) અરિહંત પરમાત્માની સન્મુખ કાઉસ્સગ્ગ ધ્યાન : ૧. વંદન કરવા માટે, ૨. પૂજન કરવા માટે, ૩. સત્કાર કરવા માટે, ૪. સન્માન કરવા માટે, ૫. બોધીબીજ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ માટે, ૬. ઉપસર્ગ રહિત ધર્મારાધના કરવા માટે હું કાઉસ્સગ્ગ ધ્યાન કરાય છે. (અરિહંત ચેઈઆણં)

(૩) કાઉસ્સગ્ગ : ૧. મારા આ શરીરને એક જ સ્થાને સ્થિર રાખી, ૨. મૌનપણે, ૩. શુભ ધ્યાનપૂર્વક, ૪. પાપ કરતી કાયાને આત્માથી અલગ કરું છું. (ઈરિયાવહિ)

(૪) કાઉસ્સગ્ગ ધ્યાન કરવાના કારણો ઈરિયાવહિયં સૂત્રમાં ગમણાગમણેથી સંતાણા સંક્રમણે સુધી ૧-૨ પ્રકારો બતાડ્યા છે. તે જ રીતે અભિહયાથી જીવિયાઓ વવરોવિયા સુધી ૧૦ વિરાધનાના પ્રકારો બતાડી તેનાથી બચવા પાછા ફરવા કહેવામાં આવ્યું છે. તે કારણે કુલ તેના ૧૮,૨૪,૧૨૦ ભાંગા પણ થાય છે.

(૫) સંકલ્પ પ્રમાણે શરૂ કરેલ કાઉસ્સગ્ગ 'નમો અરિહંતાણં' એ પદ ન બોલે ત્યાં સુધી અખંડ કરવામાં આવે છે. ત્યાર પછી પૂર્ણ થયો કહેવાય. (અન્નત્થ)

(૬) ધ્યાન માત્ર સંપૂર્ણ નવકાર મંત્રનું મન-વચન-કાયાની શુદ્ધિથી શુદ્ધ રીતે શ્વાસોશ્વાસના પ્રમાણ સહિત કરવામાં આવે તો ૧૬,૬૩ ૨૬૭ પલ્યોપમનું દેવગતિનું આયુષ્ય સાધક આત્મા બાંધે. એજ રીતે ૫૦૦ સાગરોપમના પાપનો નાશ થાય.

(૭) ધ્યાનના મુખ્ય ૪ પ્રકાર : આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન પ્રચલિત છે. તેમાં પણ આર્ત-રૌદ્રધ્યાનના ૬૦ અને ધર્મ-શુક્લના ૪-૪ ભેદો છે. તેનું મુખ્ય કારણ ધ્યાતાની લેશ્યા, વિચારશ્રેણી, પરિણામના કારણે છે.

(૮) ધ્યાન અને સામાયિકને ઘણો જ નજીકનો સંબંધ છે. ધ્યાનથી જે મેળવવાનું કરવાનું કે આચરવાનું છે તે જ સામાયિકમાં થાય છે. સર્વપ્રથમ કરે મિ ભંતે સૂત્રની પ્રતિજ્ઞા લઈ અવિરતિમાંથી વિરતિમાં પ્રવેશ થાય છે. વિનય દ્વારા સમાધિ-સમતા ૪૮ મિનિટ ૨ ઘડી સુધી ટકાવવાની વિચારધારા છે. સામાયિકમાં (૧) પ્રતિક્રમું-પાપથી પાછા હટવું, (૨) આત્મ સાક્ષીએ કરેલા પાપોની નિંદા (ખરાબ થયું-કર્યું) કરવી અને (૩) ગુરુની સાક્ષીએ ગૃહા (પ્રગટીકરણ) કરવી. આમ કરવાથી મન હળવું થાય છે ને ધ્યાનમાં આરુઢ થવાય છે. જીવનમાં સમતા વધે છે.

(૯) શ્રાવકે નિત્ય સામાયિકાદિ છ આવશ્યક ક્રિયા કરવી જોઈએ. છેવટે 'કરે મિ ભંતે' સૂત્ર પ્રતિજ્ઞારૂપે બોલી સામાયિકમાં અથવા પ્રતિક્રમણમાં છ આવશ્યકની આરાધના (વિધિ દ્વારા) કરી દૈનિક કૃત્ય પૂર્ણ કરવામાં આવે છે. આ છ આવશ્યકમાં પણ સામાયિક–કાઉસ્સગ્ગ દ્વારા ધ્યાનની આરાધના ધર્મી આત્મા કરી ધન્ય બને છે.



(૧૦) તંદુલિયો મત્સ્ય દુર્ધાને મરી નરકે ગયો. જ્યારે સમડી (પક્ષી) અંત સમયે નવકાર સાંભળી સમાધિ મરણ પામી રાજપુત્રી થઈ.

(૧૧) કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના ઉપદેશ આપતા હતા ત્યારે તેઓ સાત પાટોની ઉપર બેઠેલા. પાટો કાળજીથી કાઢી લીધી છતાં તેઓને કાંઈ જ તકલીફ ન પડી. આ છે ઉત્કૃષ્ટ કોટીનો ધ્યાન યોગ.

અંતે... ધ્યાન અને તેના અનુભવ કોઈ શબ્દથી જાણવા માગે તો તે અશક્ય છે. સ્વાનુભવથી જ એ જાણી શકાય. શ્રદ્ધા વિના તે વાતોને સ્વીકારવા પણ ક્યારેક મન ના પાડી દે. વ્યવહારમાં વશીકરણ યા નજરબંધી જે થઈ રહ્યું છે તે અવાંતર રીતે ધ્યાનનું જ સ્વરૂપ છે પણ અશુભ ફળ આપનારું છે.

❁

## શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પૂના, ભાંડુપ શાખા આયોજિત
## તત્ત્વબોધ પરીક્ષા–૨૦ (ઓપનબુક)ના
### પાઠ્યપુસ્તક પ્રકાશન, પરીક્ષા આયોજન, ઈનામ વિતરણમાં
## શ્રુતભક્તિનો લાભ લેનાર પુણ્યશાળીઓ

### ✱ વિશિષ્ટ દાતા ✱

✤ શ્રી કલ્પનાબેન સુરેન્દ્રભાઈ — ગ્રાંટ રોડ

### ✱ શ્રુત અનુમોદક ✱

❋ શ્રી કાંતિલાલ મોતિલાલજી — ભિવંડી
❋ શ્રી વાલચંદજી લાલચંદજી રાંકા — ભિવંડી
❋ શ્રી દેવીચંદજી વાલચંદજી રાંકા — ભિવંડી
❋ શ્રી અજીત પરમ નાગડા, હસ્તેઃ શ્રી ભાનુબેન નાગડા — માટુંગા
❋ શ્રી કસ્તુરબેન શાંતિલાલ ગાલા — માટુંગા
❋ શ્રી રસિલાબેન રોહિતભાઈ — માટુંગા
❋ શ્રી નયનાબેન કોન્ટ્રાક્ટર — વાલકેશ્વર
❋ શ્રી ઈન્દુબેન હસમુખરાય રાજપરાવાળા — મુલુન્ડ
(પૂ. સા. શ્રી પૂર્ણયશાશ્રીજી મ.ના ઉપદેશથી)
❋ શ્રી શારદાબેન રમણલાલ, હસ્તેઃ મીનાબેન વખારીયા — કાંદિવલી
(પૂ. સા. શ્રી પદ્મરેખાશ્રીજી મ.ના ઉપદેશથી)
❋ શ્રી મહેન્દ્રભાઈ કાંતિલાલ કરસનજી — દાદર

### ✱ શુભેચ્છક ✱

★ શ્રી રસિલાબેન તથા શ્રી હર્ષાબેન — વાસી, મુંબઈ
★ શ્રી કુસુમબેન તનસુખભાઈ — ઘાટકોપર
★ શ્રી જશવંતલાલ મગનલાલ શાહ — માટુંગા
★ શ્રી અરુણાબેન જિતેન્દ્રભાઈ મહેતા — મલાડ
★ શ્રી રસિલાબેન રોહિતભાઈ — માટુંગા
★ શ્રી અવનીબેન સુમીરભાઈ ઝવેરી — વાલકેશ્વર
★ શ્રી સાહિલ સુધીરભાઈ ઝવેરી — વાલકેશ્વર
★ શ્રી ચીનુભાઈ શાહ — મુંબઈ
★ શ્રી સુરેખાબેન — બોરીવલી
★ શ્રી મિતેશભાઈ જયંતીલાલ ગાંધી — વલસાડ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ✤ | કથા કર્મની | ૧ |
| ૧. | જ્ઞાનાવરણીય કર્મ | ૨૦ |
| ૨. | દર્શનાવરણીય કર્મ | ૩૦ |
| ૩. | મોહનીય કર્મ | ૩૭ |
| ૪. | અંતરાય કર્મ | ૪૭ |
| ૫. | વેદનીય કર્મ | ૫૭ |
| ૬. | આયુષ્ય કર્મ | ૬૩ |
| ૭. | નામકર્મ | ૭૧ |
| ૮. | ગોત્રકર્મ | ૮૫ |
| ✤ | ચાલો આત્મારામ ! શાશ્વતા ઘરે... | ૯૧ |
| ✤ | મનમંદિર | ૯૯ |
| ✤ | સંસારથી અલવિદા... | ૧૦૩ |

# કથા કર્મની :

કર્મ માત્ર અઢી અક્ષરનો 'શબ્દ' છે. પણ તેનું સામ્રાજ્ય ૧૪ રાજલોકમાં, અસંખ્ય દ્વીપસમુદ્રમાં ૮૪ લાખ યોનિમાં જન્મ-મરણ કરતાં જીવ માત્રની સાથે સંકળાયેલું છે. તેથી જ કવિએ કહ્યું છે, 'કરમ તારી કથા ન્યારી, બધાને તું નચાવે છે.'

કર્મ શબ્દના અર્થ ઘણાં થાય છે. સંસારી સંસારના વિવિધ કર્તવ્યને કર્મમાં ખપાવે છે. જ્યારે આધ્યાત્મિક મહાપુરુષો કર્મના પોતે જ નિર્માતા, પોતે જ ભોક્તા અને એ કર્મનો ક્ષય કરી મોક્ષ સુધી પહોંચનાર પણ પોતે જ છે એવો અર્થ કરે છે.

તેથી જ કર્મની કથા : (૧) કર્મના નામ, (૨) કર્મબંધ, (૩) કર્મબંધના હેતુ (નિમિત્તો), (૪) કર્મબંધથી બચવાના સ્થાનો, (૫) કર્મબંધની પદ્ધતિ, (૬) કર્મ બંધના પ્રકાર, (૭) કર્મ ઉદય (ભોગવવા) અને નિમિત્તો, (૮) કર્મનો સત્તાકાળ (સ્થિતિ), (૯) કર્મની મૂળ પ્રકૃતિ (ભેદ), ઉત્તર પ્રકૃતિ વિગેરે વિચારોને અહિં ક્રમશઃ રજૂ કરવામાં આવ્યા છે.

જે ક્ષણે જીવને કર્મની વાત સમજાઈ જશે તે ક્ષણથી જીવ દરેક પ્રવૃત્તિમાં સાવધાની રાખશે. ઓછો પાપનો બંધ અને વધુ કર્મનો ક્ષય એ આદર્શ પોતાની નજર સામે રાખશે. પરિણામે એક દિવસ કર્મ રહિત થઈ મોક્ષે જશે.

અનાદિકાળથી આ આત્માને ચારે ગતિમાં ભમવું જો પડયું હોય તો તેનું મુખ્ય કારણ કર્મ છે. એ કર્મસત્તા અકલ્પનીય દુઃખો જીવને આપે છે. આત્મા જ્યારે એનાથી થાકી જશે, કંટાળી જશે, ત્રાસી જશે ત્યારે જ મુક્ત થવાના સ્વપ્ન સેવશે. પછી ધર્મસત્તા તેની મદદે આવશે. પીઠ થાબડશે. સાંત્વન આપશે, મુક્તિનો માર્ગ દેખાડશે. એનો અર્થ એજ કે, કર્મસત્તા દરેક ક્ષણે પાપનો ગુણાકાર કરે છે. જ્યારે ધર્મસત્તા જીવનમાંથી પાપની બાદબાકી કરે છે, ભાગાકાર કરે છે. થાકેલા પ્રવાસીને ટૂંકો માર્ગ બતાડે છે. પ્રવાસી સુખના માર્ગે જ જો પ્રયાણ કરે તો લેણદારને કર્મનું દેવું ચૂકતે કરી દેવામાં વિલંબ ન થાય. આ રીતે સંસાર અટવીમાં રઝળતો, ભટકતો, અથડાતો, કુટાતો આત્મા મોક્ષની શાશ્વત નગરીમાં નિશ્ચિત પહોંચી જાય.

મોક્ષ એ શાશ્વત સુખની અલબેલી નગરી છે. ત્યાં જવા જીવને પાસપોર્ટની જેમ યોગ્યતા ઊભી કરવી પડે છે. ત્યાં ગયા પછી પાછા સંસાર સાગરના પ્રવાસે આવવું પડતું નથી. જે કારણે આ આત્મા કર્મનો બંધ કરે છે. કર્મબંધ થાય છે. તેના કોઈ પણ કારણો મોક્ષમાં નથી. આત્માના મૂળ ગુણો પ્રગટ થઈ ગયા પછી જ મોક્ષમાં જવાય છે. જે ગુણોની ઉપર કર્મના વાદળો આવરણરૂપે આવી ગયા હતા. એકમેક

થઈ ગયા હતા. તે ધર્મસત્તાના કારણે વિખરાવા લાગે છે. પછી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરતા વાર લાગતી નથી.

અનંત કાળથી આ આત્મા અવ્યવહાર રાશિમાં (નિગોદ) સૂક્ષ્મરૂપે હતો. કોઈ એક આત્મા સિદ્ધપણાને પામ્યો ત્યારે તેના ઉપકારના કારણે નિગોદનો આત્મા વ્યવહારરાશિમાં આવ્યો. ત્યાર પછી જ્યાં સુધી શાશ્વત સુખના-મોક્ષના સ્વામી નથી થયો ત્યાં સુધી કર્મની ઘટમાળમાં અટવાતા રહેવું પડશે. તેથી એ કર્મબંધની કથા અહિં શરૂ થાય છે.

## (૧) કર્મના નામ :

શાસ્ત્રોમાં કર્મ સંબંધીના નામ-ભેદ નીચે મુજબ કહ્યા છે.


*"ઈહ નાણ દંસણાવરણ, વેય મોહાઉ નામ ગોઆણિ,*
*વિગ્ધં ચ પણ નવ દુ, અટ્ઠવીસ ચઉ તીસય દુ પણ વિહં."*

ગાથાર્થ : અહિં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય (આઠ કર્મના) અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૧૦૩, ૨, ૫ ભેદો છે.

ઉપરના શ્લોકના અર્થનો સાર નીચેના કોઠા દ્વારા વિસ્તારથી બરાબર સમજાશે.★

| નં. | ૧ કર્મનું નામ | ૨ કયા ગુણને રોકે ? | ૩ વિકૃતિ | ૪ ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | અનંતજ્ઞાન | અજ્ઞાન, મૂર્ખતા | આંખે પાટા બાંધ્યા જેવું |
| ૨. | દર્શનાવરણીય | અનંતદર્શન | અંધાપો, નિદ્રા | દ્વારપાળ જેવું |
| ૩. | મોહનીય | વીતરાગતા | મિથ્યાત્વ, રાગ-દ્વેષ, કષાય, અવિરતિ | દારૂડિયા જેવું |
| ૪. | અંતરાય | અનંતવીર્ય | કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા | શેઠના ભંડારી જેવું |
| ૫. | વેદનીય | અવ્યાબાધ સુખ | સુખ-દુઃખ, શાતા-અશાતા | મધથી લેપાયેલ તલવારની ધાર જેવું |
| ૬. | આયુષ્ય | અક્ષય સ્થિતિ | જન્મ-મૃત્યુ | બેડી જેવું |
| ૭. | નામ | અરૂપી પણું | શરીર,ઈન્દ્રિય,વર્ણ, ત્રસ-સ્થાવરપણું વિ. | ચિત્રકાર જેવું |
| ૮. | ગોત્ર | અગુરુ લઘું પણું | ઉચકુળ-નીચકુળ | કુંભાર જેવું |

★ કોઠામાં ઘાતી-અઘાતી કર્મને લક્ષમાં રાખેલ છે.




| નં. | ૫ પ્રકૃતિ | ૬ કર્મક્ષય માટે પ્રવૃત્તિ | *૭ કર્મ સાથે સંકળાયેલા ચરિત્રો |
|---|---|---|---|
| ૧ | ૫ | ભણે, ભણાવે, અનુમોદે | માસતુષ મુનિ, વરદત્ત-ગુણમંજરી |
| ૨ | ૯ | તીર્થયાત્રા, દર્શન, પૂજા | ભાનુદત્ત મુનિ, શ્રીકૃષ્ણ, શ્રેણિક |
| ૩ | ૨૮ | ચારિત્ર-સંયમ પાળે | આષાઢાભૂતિ, રત્નચૂડ, ઝાંઝરીયા મુનિ |
| ૪ | ૫ | ચતુર્વિધ ધર્મની અનુમોદના | ઢંઢણ અણગાર, મમ્મણ શેઠ, દ્રુમક |
| ૫ | ૨ | અનુકંપા-દયાભાવ | મૃગાપુત્ર, જીરણ શેઠ, લક્ષ્મણા સાધ્વી |
| ૬ | ૪ | જીવદયા | સુકુમાલિકા સાધ્વી, નંદ મણિયાર |
| ૭ | ૧૦૩ | ઈન્દ્રિય શુભ પ્રવૃત્તિમાં વાપરે | કમલપ્રભ આચાર્ય |
| ૮ | ૨ | આઠ મદનો ત્યાગ | દ્રુમક, હંસ, કાગડો |

**નોંધ :** ૮ કર્મમાં ૧ થી ૪ કર્મ આત્માના મૂળ ગુણોનો ઘાત કરનારા (લુટારું જેવા) હોવાથી **ઘાતીકર્મ** સમજવા બાકીના ૫ થી ૮ મૃત્યુ ન થાય ત્યાં સુધી સાથે રહેતા હોવાથી (વળાવું જેવા) **અઘાતીકર્મ** જાણવા.

* કથાનકો વિસ્તારથી ૬૪ પ્રકારી પૂજામાં આપેલા છે.




## (૨) કર્મબંધ :

સંસારમાં હાથીને અંકુશનું, ઘોડાને લગામનું, કૂતરાંને પટ્ટાનું, પક્ષીને પાંજરાનું, પુરુષને સ્ત્રીનું વિગેરે બંધન જોવા મળે છે. તેમ આત્મા જ્યાં સુધી સ્વસ્થાને મોક્ષમાં પહોંચતો નથી ત્યાં સુધી આ સંસારમાં કર્મના બંધનથી બંધાયેલો રહે છે. સુખની ઈચ્છા, દુ:ખનો અણગમો, મૃત્યુને લંબાવવાની ધારણા ગમે તેટલી હોય તો પણ કાંઈ થવાનું નથી. ઋણાનુંબંધ અથવા લેણાદેણીથી અનુકૂળતા-પ્રતિકૂળતા અનુભવવી પડે છે.

જેનો સ્વભાવ ભેગા થવાનો-જોડાઈ જવાનો અને કાળાંતરે વિખરાઈ છૂટા પડી જવાનો છે. તેણે •'પુદ્ગલ' કહીશું. આવા અનંત પુદ્ગલોના સમૂહથી અર્થાત્ ઓદારિક વર્ગણાના પુદ્ગલથી મનુષ્ય અને તિર્યંચનું શરીર બને છે. જ્યારે દેવ અને નરકના જીવોનું વૈક્રિય વર્ગણાથી શરીર બને છે. ત્રીજા નંબરની આહારક વર્ગણાના

● પુદ્ગલ વર્ગણા ૧૬ પ્રકારે છે : ૧. ઔદારિકવર્ગણા, ૨. વૈક્રિયવર્ગણા, ૩. આહારકવર્ગણા, ૪. તૈજસવર્ગણા, ૫. કાર્મણવર્ગણા, ૬. શ્વાસોશ્વાસવર્ગણા, ૭. ભાષાવર્ગણા, ૮. મનવર્ગણા. આ રીતે આ આઠ વર્ગણાઓ ગ્રાહ્ય અને બીજી આઠ અગ્રાહ્ય હોવાથી ૮+૮=૧૬ વર્ગણા છે.

શરીર દ્વારા સમવસરણની રિદ્ધિ-સિદ્ધિ તથા પ્રશ્ન પૂછવા જવાય છે. જ્યારે તેજસ વર્ગણાથી શરીરમાં ગરમી નિર્માણ થાય (ખાધેલો ખોરાકની પાચન ક્રિયા ચાલે) આ ઉપરાંત ભાષા-શ્વાસોશ્વાસ મન પછી છેલ્લી કાર્મણ વર્ગણા કર્મ નિર્માણનું કામ કરે છે. આ વર્ગણાઓ ૧૪ રાજલોકમાં ઠાંસીઠાંસીને પડેલી છે. તે કારણે જ આત્મા ગમે ત્યાં ગમે તે ગતિ-જાતિ કે પરીસ્થિતિમાં હોય તો પણ ત્યાં કર્મ બાંધે છે. અર્થાત્ કાર્મણ વર્ગણાના પુદ્ગલો ૧૪ રાજલોકમાં વ્યાપેલા હોવાથી ગમે તે સ્થળેથી ગ્રહણ થાય છે.*

## (૩) કર્મ બંધના હેતુ (નિમિત્તો) :

ઝવેરીઓ મોતીની જાતો (સાઈઝ)ને છૂટી પાડવા જેમ અનેક જાતની ચાળણીનો ઉપયોગ કરે છે. તેમ કર્મ બંધના ૪(૫) હેતુ-કારણો છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે દ્વારા એ કર્મબંધ કરે છે.

કર્મગ્રંથકારના મતે ૪ હેતુઓ કારણો છે અને તત્ત્વાર્થકારના મતે પ્રમાદ સહિત પાંચ કારણો છે.

| | |
|---|---|
| ૧ થી ૩ | ગુણસ્થાનકે ચારે હેતુથી કર્મબંધ થાય. |
| ૧ થી ૪ | ગુણસ્થાનકે મિથ્યાત્વ સિવાય ત્રણ હેતુથી કર્મબંધ થાય. |
| ૧ થી ૧૦ | ગુણસ્થાનકે મિથ્યા-અવિરતિ સિવાય કષાય અને યોગથી બંધાય. |
| ૧ થી ૧૩ | ગુણસ્થાનકે યોગથી કર્મ બંધાય. |
| | તેમાં ૧૧ થી ૧૩માં ગુણસ્થાનકે માત્ર યોગથી કર્મ બંધાય. |
| ૧૪ મા | ગુણસ્થાનકે યોગપણ નથી માટે કર્મબંધ થાય જ નહિં. |

**(૧) મિથ્યાત્વ :** સર્વજ્ઞ ભગવંતે જે પદાર્થ જેવા સ્વરૂપે બતાવ્યો છે તેવા સ્વરૂપે ન માનતાં વિપરીત સ્વરૂપે માનવાં તે.

મિથ્યાત્વ એક એવું કારણ છે કે, આ જીવે અનંતકાળથી તેનો સંગ કર્યો છે. તેથી એ હંમેશાં જીવન અવિરતિમય સ્વચ્છંદી રીતે પૂર્ણ કરવાના મનોરથ સેવે છે. જ્યારે જીવ સ્વચ્છંદી થાય ત્યારે સમય-શક્તિ આદિનો દુરૂપયોગ કરે એટલે પ્રમાદ સેવે. પ્રમાદમય જીવન જીવનાર મનગમતું ન થાય તો કષાય કરવા લાગે. પોતાની અજ્ઞાન ક્રિયા કે ધારેલું ન થયું તેથી એ વિચારો (યોગ) પણ વિના કારણે ખરાબ કરે. ટૂંકમાં એક મિથ્યાત્વના કારણે બાકીના ચારે હેતુઓ જીવનમાં પ્રવેશ્યા વિના ન રહે. તેથી મિથ્યાત્વ-ખોટી માન્યતાને સર્વ પ્રથમ જાકારો આપવો જરૂરી છે. ૧૮ પાપ સ્થાનકમાં મિથ્યાત્વ ૧૮મું છતાં રેલ્વેમાં ગાર્ડ હોય તેમ મહત્વનું કામ કરનાર છે.

---

* મોબાઈલ કે ટીવી ગમે તે સ્થળેથી અવાજ કે ચિત્ર ઝડપી શકે છે.

ભૂતકાળે, પૂર્વ ભવે બાંધેલા કર્મ આ ભવે ઉદયમાં જ્યારે આવે છે. ત્યારે સ્ત્રી-પુરુષ કે નાના-મોટા, શ્રીમંત-ગરીબનો તેમાં પક્ષપાત થતો નથી. જેવું કર્મ જેણે બાંધ્યું હોય, તેવું તેને ભોગવવું પડે છે. આ વાત મિથ્યાત્વી વિચારવાળા માનતા નથી તેથી તેઓ મનમાન્યું કરી વધારે પાપને નોતરે છે. મિથ્યાત્વના મુખ્ય પાંચ પ્રકાર ભેદ છે.✿ ટૂંકમાં આ એકજ કારણે સંસારીનો સંસાર વધે છે.

**૨. અવિરતિ :** વિરતિ એટલે પચ્ચક્ખાણ, અ એટલે નહીં જેને પચ્ચક્ખાણ ન હોય તે. પાપના દ્વાર ચોવીશે કલાક જ્યાં ખુલ્લાં હોય તે. આ સંસારમાં અગણિત ભોગવવા યોગ્ય પદાર્થો છે. તેને ભોગવ્યા-વાપર્યા વિના પણ પાપ લાગે છે, તેમાંથી બચવા જ્ઞાની પુરુષોએ સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મની પ્રરૂપણા કરી છે. જે જીવ સ્વચ્છંદી રીતે જીવવાના મનોરથ સેવતો હોય તે વિરતિ-પચ્ચક્ખાણ-ત્યાગનો વિરોધી હોય તેથી એ વિના કારણે કર્મ બાંધે છે. નાનામાં નાનું લીધેલું પચ્ચક્ખાણ પણ ઘણાં ફળ આપે છે, ઘણાં પાપોથી બચાવે છે.

**૩. પ્રમાદ-આળસ :** ઈન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી આળસુ થવાય છે. સ્પર્શના-૮, રસના-૫, ઘ્રાણના-૨, ચક્ષુના-૫, શ્રોત્રના-૫ એમ પાંચ ઈન્દ્રિયના ટોટલ ૨૩ વિષયો છે.

આત્માનું અસ્તિત્વ ભૂલી જઈ ઉપેક્ષા, દુર્લક્ષ રીતે જીવન જીવવા જે પ્રેરે. સંસારી જ્ઞાન મેળવવા કે ધન મેળવવા જો આળસ કરે તો તેનું જીવન બરબાદ થાય તેમ ઉપકારી પુરુષોએ ૧૩ ✦કાઠીયા દ્વારા દુર્લભ મનુષ્ય જીવન વેડફાઈ ન જાય તે માટે તેનાથી બચવા-અલગ થવા ઉપદેશ આપેલ છે. ટૂંકમાં પ્રમાદી મનુષ્ય કિંમતી સમયને વ્યર્થ ગુમાવે છે. સુકૃત્યની ઉપેક્ષા કરાવે છે. પાપપ્રવૃત્તિથી બચવાના બદલે તેનામાં ખોવાઈ જાય છે. પ્રમાદની સાથે જીવનમાં અનેકાનેક પ્રકારના દુર્ગુણોનું આગમન થાય છે. અયોગ્ય ખાવું, અનુચિત રીતે જીવવું એ પ્રમાદીને મન સામાન્ય બાબત બની જાય છે. પ્રભુવીરે તેથી જ અપ્રમાદિ એવા ગૌતમસ્વામીને 'સમયં ગોયમ ! મા પમાએ' એવું વારંવાર કહ્યું હતું.

**૪. કષાય :** કષ્ એટલે સંસાર, આય એટલે લાભ. જેથી સંસારની વૃદ્ધિ થાય તે કષાય. આત્મા પવિત્ર છે, નિર્મળ છે, શુદ્ધ છે. તેને જે મલીન કરે તેનું નામ કષાય.

---

✿ ૧. અભિગ્રહિક, ૨. અનાભિગ્રહિક, ૩. આભી નિવેશિક, ૪. સાંશયિક, ૫. અનાભોગિક. આનું વિસ્તારથી વર્ણન પેજ-૨૨ ઉપર જુઓ.

✦ આળસના રૂપાંતરે ૧૩ કાઠીયા : ૧ થી ૪ મદ્યાદિને પીવાથી, ૫ વિષયોને ભોગવવાથી, ૬-૯ કષાયાદિને કરવાથી, ૧૦ નિદ્રા લેવાથી, ૧૧-૧૨ વિકથા કરવા-બોલવાથી, ૧૩ પ્રમાદનું સેવન કરવાથી.




તેના મૂળ-૪ ભેદ. ઉત્તર ભેદ-૧૬. જીવનમાં ક્રોધ-ગુસ્સો કરવો. માન-અભિમાન કરવું. માયા-પ્રપંચ, કાવાદાવા કરવા અને લોભ-લાલચ કરવી (જરૂરીઆત કરતાં વધારે મેળવવું-ભેગું કરવું વિ.) આ ચારને કષાય કહેવાય છે. તેનો જ્યારે વ્યવહારમાં પ્રયોગ થાય ત્યારે તેની માત્રામાં વધ-ઘટ થાય છે. તેથી દરેકના બીજા ૪-૪卐 ભેદો બતાડ્યા. એટલુ જ નહિં પણ એ કષાયોના કારણે સમય-ગતિ અને ગુણ વિગેરેને શું નુકસાન થાય તે ટૂંકમાં નીચેનાં કોષ્ટકથી સમજી લઈએ.

| નં. | ૧<br>નામ | ૨<br>સ્વભાવ | ૩<br>રંગ | ૪ ઉદાહરણ<br>(અપ્રિય) | <br>(પ્રિય) | ૫<br>ફળ | ૬<br>મંત્રજાપ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ક્રોધ | પ્રીતિ વિનાશ | લાલ | સર્પ | કબુતર | શાંતિ | નમો લોએ સવ્વસાહૂણં |
| ૨. | માન | વિનય નાશ | પીળો | હાથી | વૃક્ષની વેલ | વિનય | નમો ઉવજ્ઝાયાણં |
| ૩. | માયા | મિત્રતા તૂટે | નીલો | શિયાળ | હરણ | નિખાલસ | નમો આયરિયાણં |
| ૪. | લોભ | સર્વ વિનાશ | કાળો | મધમાખી<br>કીડી | કાગડો | સંતોષ | નમો સિદ્ધાણં |

卐 અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન.

| નં. | ૭ પ્રાપ્તિ | ૮ ચરિત્ર | ૯ નુકસાની | | ૧૦ કષાયના કારણે | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અનંતા | અપ્રત્ય. | પ્રત્યા. | સંજ્વલન |
| ૧. | ક્ષમા | પ્રસન્નચંદ્ર | દાવાનળની જેમ બાળે | ગતિ → | નરકગતિ પામે | તિર્યંચ | મનુષ્ય | દેવ |
| ૨. | નમ્રતા | ગૌતમ સ્વામી | પર્વત પીગળે નહિં, અપ્રિતિ | ઉપમા → | પત્થર | પૃથ્વી | રેત | પાણી |
| ૩. | સરળતા | લક્ષ્મણા સાધ્વી | નાગણની જેમ છંછેડાય | સમય → | જાવજ્જીવ બગાડે | ૧ વર્ષ | ૪ મહિના | ૧૫ દિવસ |
| ૪. | ઉદારતા | કોણીક | પિસાચ નિંદા કરાવે | ગુણ રોકે → | સમ્યકૂત્વ ગુણને | દેશ વિરતિને | સર્વ વિરતિને | યથાખ્યાત ચારિત્રને |

**સાર :** જો જીવ અનંતાનું બંધી કષાય કરે તો તે અંત સમય સુધી અપ્રગટ દુ:ખ આપે. આર્તધ્યાનના કારણે નરકગતિનું આયુષ્ય બાંધે અને જો જીવનમાં સમ્યકૂત્વ હોય તો ચાલ્યું જાય એમ સમજવું.

**કષાય :** ક્રોધ ચર્મચક્ષુ થી જોવાથી કાનથી સાંભળવાથી અને મુખથી બોલવાથી થાય. તપસ્વીનું તપ પણ ક્રોધના કારણે નિષ્ફળ જાય. જ્યારે ક્ષમા દિવ્યચક્ષુ છે. શાંતિ આપે, તપસ્યા સફળ કરે. તપેલા લોખંડના ગોળાની જેમ કષાયો છે. પોતે બળે બીજાને બાળે. વેરનો આનંદ અલ્પ-ક્ષણિક. ક્ષમાની સુવાસ જન્મોજન્મ.卐

***ઉપકારનો બદલો :***

जातापत्या पति द्वेषी, कृतदारस्तु मातरम् ।
कृतार्थः स्वामिनं देष्टि, जितरोगाश्चिकित्सकम् ।।

**અર્થ :** આ જીવ પુત્ર થતાં પતિ પ્રત્યે ઉદાસીન-દ્વેષિ, પુત્ર પોતાના લગ્ન થયા પછી માતા પ્રત્યે ઉદાસીન, પૈસો-ધન મળ્યા પછી શેઠ પ્રત્યે અને રોગ ગયા પછી વૈદ્ય-હકીમ પ્રત્યે દ્વેષ થાય છે. અર્થાત્ જ્યાં સુધી સ્વાર્થ છે ત્યાં સુધી લાગણી હોય છે. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે - 'સમકિતદાયક ગુરુતણો પચ્ચુવયાર ન થાય.' ગમે તેટલું કરો તો પણ ઉપકારનો બદલો વળાતો નથી.

**૫. યોગ●** : ઉપરના ચારે કર્મ બંધના કારણોમાં મન-વચન-કાયાના અશુભ યોગ (પ્રવૃત્તિ) ચિકણા પાપકર્મ બાંધવા નિમિત્તરૂપ થાય. અશુભ યોગ પાપનો વધારો કરે જ્યારે શુભ યોગ પુણ્ય બંધાવી ધીરે ધીરે તપશ્ચર્યાદિ દ્વારા પાપથી મુક્તિ અપાવે.

---

卐 ખામેમિ સવ્વ જીવે. શિવમસ્તુ સર્વ જગત:. સવ્વે જીવા કમ્મવસ. ક્ષમા વીરસ્ય ભૂષણમ્.

● યોગના પંદર પ્રકાર છે : મનયોગ-૪, વચનયોગ-૪ અને કાયયોગ-૭ એમ ૧૫ યોગ છે.

## (૪) કર્મબંધથી (હેતુથી) બચવાનો ઉપાય :

એક જ સ્થળે પ્રવૃત્તિ અનુસાર કાંતો નુકસાન થાય અથવા ફાયદો થાય. તેમ ઉપર જણાવેલા પાંચે કર્મબંધના હેતુની સામે પક્ષે એવા પાંચ શક્તિશાળી ઉપાયો છે જેના કારણે ધારેલું પરિણામ સારું સુખાકારી આવે. પાપનો બંધ ઓછો થાય. તે પાંચ નીચે મુજબ છે.

(૧) **સમકિત :** ખોટી માન્યતાના સામે સાચી દ્રઢમાન્યતા. આ ગુણના કારણે સમ્યક્ત્વ પામનાર આત્માનો અર્ધ પુદ્‌ગલ પરાવર્તનકાળ ઘટે છે. મોક્ષ પ્રાપ્તિ આ ગુણના કારણે જ થાય. આ ગુણ આચાર-વર્તનને સુધારે છે, વ્યવહારમાં પ્રીતિપાત્ર થવાય.

(૨) **વિરતિ :** બ્રેક વિનાનું જીવન તે અવિરતિ. જ્યારે બ્રેકવાળું ત્યાગ ભાવનાવાળું જીવન-વિરતિ. મને જરૂર નથી એવું સંતોષી જીવન જીવનાર આરંભ સમારંભ ઓછા કરે. જીવન સાધનામય શાંતિથી પસાર કરે. આર્તધ્યાન ન કરતાં ધર્મધ્યાન કરવાનો આગ્રહ રાખે. ન મળે તો દુઃખનો અનુભવ ન કરે.●

(૩) **અપ્રમત્ત :** વિવેક-જયણા સહિત જે જીવન જીવે તેને ક્યાંય જાકારો અનુભવવો પડતો નથી. થોડા સમયને થોડી શક્તિઓને ખર્ચી એ ઘણું મેળવી લે છે. સમયનો સદુપયોગ પાપથી બચાવે છે. સમય ઘણો મૂલ્યવાન છે. અપ્રમત્ત આત્મા જીવનમાં શક્તિશાળી સ્ફુર્તિવાન દેખાય છે. અકાળે વૃદ્ધાવસ્થા આવતી નથી.

(૪) **સમતા :** જીવનને સફળ કરવાનું, કષાયોને જીતવાનું સર્વોત્તમ સાધન સમતા, પરપંચાત, પરનિંદાથી બચવા જીવનનું ક્ષેત્ર નાનું કરવું પડે. પગ પહોળા કરનાર દુઃખી થાય છે. તેથી સમતાને સુખ-શાંતિ-સમાધિ આપનાર સર્વોત્તમ સાધન કહ્યું, મિત્ર વર્ણવ્યો છે. સમતાથી આનંદનું ફળ પ્રાપ્ત થાય.

(૫) **શુભયોગ (ગુપ્તિ) :** મન-વચન-કાયાના અશુભ વ્યાપાર ઉપર કાબૂ એટલે શુભયોગ. મન માનતું નથી પણ મનાવવું પડે, વચન વેડફાઈ ન જાય તે માટે કિંમતી બનાવવું પડે. કાયા બેકાબૂ બની જાય છે પણ ધ્યાન-યોગ-દ્વારા તેના ઉપર નિયંત્રણ લાવવું પડે છે. જે દિવસે એ ત્રણે તમારા કલ્યાણકારી મિત્ર થશે, તે દિવસથી તમારો શાશ્વત સ્થાને જવાનો માર્ગ ખૂલી જશે. પછી અશુભ બંધ કરાવવાની કોઈનામાં તાકાત નથી. શુભ બંધ સ્વ સ્થાને પહોંચાડશે.

કર્મની નિર્માણ જગ્યા (ફેક્ટરી)ની વિચારણા કર્યા પછી એ નિર્માણ થએલા કર્મનો સ્વભાવ-સમય-માત્રા અને સ્થાન ને પણ જાણી લેવાની જરૂર છે. એ સમજાઈ જશે તો કર્મના ઉદય-અનુભવ વખતે પૂર્વ તૈયારી કરવાની સમજ પડે.

---

● સાધુ શુદ્ધ ગોચરી મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ માને પણ આર્તધ્યાન ન કરે.





## (૫) કર્મના બંધની પદ્ધતિ :

આ જીવ દરેક ક્ષણે એક સરખી પરિણતિવાળો હોતો નથી. કર્મ કરતાં શકય છે કે આર્તધ્યાન કરે, પાપ બાંધે અને કર્મક્ષય કરી આત્માનું સાધી પણ લે. એટલે ચોવીશે કલાક શુભ કર્મનો બંધ અશક્ય છે. જૂના બાંધેલા ૮ કર્મ એ ભોગવે છે અને નવા ૭-૮ કર્મ બાંધે પણ છે. માનવી સ્વભાવે ક્રોધી-માની વિગેરે ન હોય નિમિત્તથી કષાયી બને છે. આત્મા જ્યારે કર્મ બાંધે છે ત્યારે તે 'પ્રકૃતિ' (સ્વભાવ) 'સ્થિતિ' (સમય) 'રસ' (અનુભવ) અને 'પ્રદેશ' (દલીકો) નક્કી કરે છે. તેથી તેના કર્મ શાસ્ત્રમાં નામો જૂદા જૂદા આપ્યા છે. જેનો થોડો પરિચય કરી લઈએ.

(૧) **પ્રકૃતિબંધ :** સ્વભાવનું નક્કિ થવું તે. આજે બાંધેલું કર્મ ૨-૫ ભવે ઉદયમાં આવે ત્યારે એ કર્મ કેવા પ્રકારના દુઃખનો અનુભવ કરાવશે તેનો નિર્ણય તે-પ્રકૃતિ બંધ. ઉદા-બાહુબલીજીએ સંયમ-દીક્ષા તો શુભ ભાવે લીધી પણ નાના ભાઈઓને વંદન કરવું પડશે, એ વાતે અભિમાન નડ્યું. મન કોઈપણ રીતે ૧૨ મહિના સુધી ન સમજ્યું અને જ્યારે બેનોના મીઠા વચન સાંભળ્યા ત્યારે તરત સમજી ગયું. ભાઈઓને વંદન કરવા પગ ઉપાડ્યો ત્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. એજ રીતે ચંડકૌશિકે અનેક જીવોની હિંસા વિનાકારણે કરી જ્યારે પ્રભુવીરે ઉપદેશના ૨ શબ્દ કહ્યા ત્યારે એ જીવ સુધરી ગયો.

(૨) **સ્થિતિબંધ :** કાળ-માનનું નક્કિ થવું તે. આજે બાંધેલું કર્મ કાળાંતરે ઉદયમાં આવે છે. બંધ સમયે એ કર્મ કેટલા સમયે ઉદયમાં આવશે, કેટલો સમય એ રહેશે અને ઉદયકાળે ભોગવવું પડશે એનો નિર્ણય. દા.ત. ભ. મહાવીરના જીવે મરીચિના ભવમાં નીચ ગોત્ર કર્મ બાંધ્યું અને સત્તામાં રહેલું કર્મ કાળ ક્રમે દેવાનંદા માતાને ત્યાં ૮૨ દિવસ રહ્યા ત્યાં ઉદયમાં આવ્યું. સ્થિતિ બધા કર્મની એક સરખી હોતી નથી. નીચે આઠે કર્મની જઘન્ય (ઓછામાં ઓછી) અને ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) સ્થિતિ આપવામાં આવી છે.




(૩) **રસ બંધ :** બંધાયેલા કર્મોમાં તીવ્ર-મંદતાની શક્તિનું નક્કિ થવું તે. લાડુમાં સાકર ઓછી નાખો તો સ્વાદ મોળો લાગે પ્રમાણ કરતાં વધુ સાકર નાખો

તો ગળ્યો લાડવો લાગે. રસ-શુભ કર્મ સાથે સંકળાયેલ હોય તો શુભફળ આપે. શેરડીના રસ સમાન મીઠો સમજવો અને અશુભ કર્મ બંધાય તો અશુભ ફળ આપે લીમડાના કટુરસ સમાન. તેના ચાર-ચાર ભેદ પણ થાય છે.卐

**(૪) પ્રદેશબંધ :** બંધાતા કર્મોમાં પુદ્‌ગલોનું નક્કિ થવું તે. ઉદા. લાડવા કિલોના ૫ બનાવો તો તે ૨૦૦ ગ્રામના પ્રમાણે થાય ને ૧૦ બનાવો તો ૧૦૦ ગ્રામના હિસાબે નાની સાઈઝના થાય. કેટલાક કર્મનો ઉદય જો તાવ રૂપે હોય તો સંપૂર્ણ ક્ષેત્રવ્યાપિ સમજવો અને માથુ કે પેટ દુઃખતું હોય, ગુમડુ થયું હોય તો તેટલા સ્થળ-ક્ષેત્ર પૂરતો પ્રદેશ બંધ સમજવો.

ઉપરના ચારે પ્રકારોથી જ્યારે કર્મ બંધાય છે ત્યારે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મુખ્યત્વે યોગ એટલે મન-વચન કાયાની પ્રવૃત્તિથી થાય છે. તેજ રીતે સ્થિતિ અને રસનો બંધ કષાયના કારણે થાય છે. જેટલી માત્રામાં કષાય તીવ્ર તેટલો સ્થિતિ-રસનો બંધ વધારે. માટેજ યોગ અને કષાયથી સાવધ રહેવા સમજાવેલ છે.

## (૬) કર્મબંધના પ્રકાર (પગથિયા) :

આ જીવે મિથ્યાત્વાદિ કારણે કર્મનો બંધ કર્યો. કરતી વખતે કર્મના સ્વભાવનો પણ નિર્ણય કરી લીધો. હવે એ બંધાયેલું કર્મ પાપના પ્રાયશ્ચિત્તાદિ કારણે એક સરખું જ બંધાય કે તેમાં કાંઈ બાંધ છોડ હોય ? બીજા શબ્દમાં કોઈ વ્યક્તિ સાથે અજાણપણે કે જાણપણે ઝઘડો થયો. વેર લેવા માટે ઝઘડો થયો કે ઝઘડો થયા પછી ભૂલી ગયા. આ પ્રકારોમાં ઝઘડો મુખ્ય હોવા છતાં પરિણામ જૂદા જૂદા હોવાથી ઓછા વધુ કર્મ ભોગવવા પડે તેમ કર્મ બંધના ૪ પગથિયા છે. તે પણ વિચાર કરી લઈએ.

**(૧) સ્પૃષ્ટ :** (શિથિલ) સોયના ઢગલાને મુખેથી ફૂંક મારવાથી તે તરત છૂટી થઈ ગઈ. અનિચ્છાએ કે વિનાકારણે અચાનક ઝઘડો તો થયો પણ ક્ષમાની આપ-લે કરી બન્ને છૂટા થઈ ગયા. ૫/૧૦ મિનિટમાં ભૂલી ગયા. (ઉદા. અઈમુત્તામુનિ પ્રાયશ્ચિત્ત કરતાં કેવળી થયા.)

**(૨) બદ્ધ :** (ગાઢ) થએલા ઝઘડા માટે ૫-૧૦ દિવસમાં સમજૂતી કરી લીધી. મિચ્છા મિ દુક્કડં આપી પાપથી છૂટા થયા. (ઉદા. સોયના પડીકાને ખોલ્યા પછી સોય નજીવા પ્રયત્નથી છૂટી થાય તેમ. મેતારજ મુનિને ઉપસર્ગ કરનાર સોની સાચું સમજાતાં તરી ગયો.)

---

卐 એક ઠાણીયા, બે ઠાણીયા, ત્રણ ઠાણીયા અને ચાર ઠાણીયા અશુભમાં ૧ થી ૪ પ્રકારે અને શુભમાં ૨ થી ૪ એમ ટોટલ સાત પ્રકારે હોય છે. બીજી રીતે (૧) મંદ, (૨) તીવ્ર, (૩) તીવ્રતર, (૪) તીવ્રતમ.

(૩) **નિધ્યત્ત :** (કટાયેલી સોય જેવું) કર્મ બાંધતા તો બંધાઈ ગયું. તે પછી પશ્ચાતાપ કર્યો વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ તે પાપનું પ્રાયશ્ચિત્ત લીધું. અંતે ચોમાસી ચઉદસે પ્રતિક્રમણમાં મિચ્છા મિ દુક્કડં આપી જીવન ધન્ય કરવા પ્રયત્ન કર્યો. (ઉદા. કાટ ખાયેલી સોયનું પડીકું પ્રયત્ન કરી ખોલ્યું. સોયને પણ થોડા પ્રયત્નથી છૂટી પાડી તે જ રીતે ક્રોધના આવેશમાં ૪-૪ હત્યા કરનાર પાપની આલોચનાથી સિદ્ધાચલ ગિરિરાજ ઉપર અર્જુનમાળી તરી ગયો.)

(૪) **નિકાચીત :** ઉપરના ત્રણે કર્મબંધ (પાપ) પરિણામ અનુસાર તાત્કાલીક વિચારોમાં સુધારો થવાથી પ્રાયશ્ચિત્તરૂપે તપ-જપાદિ કરવાના કારણે વિખરાઈ જાય પણ પાપ કર્યા પછી તેનો પશ્ચાતાપ કર્યો નથી. પ્રાયશ્ચિત્ત કે પ્રતિક્રમણ કર્યું નથી. એ નિકાચીત શ્રેણીમાં પહોંચી જાય. પછી ગમે તેટલી ઉદીરણા કરવાનો પ્રયત્ન કરો તો પણ તેનો છૂટકારો થવાનો નથી. ભોગવવું જ પડે. (ઉદા. કાટ-જંગ લાગેલી સોયના સમૂહને છૂટી પાડવા માટેની મહેનત ન કરતાં અગ્નિમાં જ તે દ્રવ્યને વિસર્જન કરવું હિતકારી સમજવું. અથવા પાર્શ્વનાથ ભ. અને કમઠ વચ્ચે ૧૦-૧૦ ભવ સુધી વેરની પરંપરા ચાલી. એક ક્ષમા આપે છે ને બીજા વેર બાંધે છે.)

## (૭) કર્મઉદય અને નિમિત્તો (કારણો) :

બાંધેલા કર્મની સ્થિતિ પૂર્ણ થાય ત્યારે ચારે ગતિમાં નિમિત્તના કારણે-સહારે જે રીતે બાંધ્યુ હોય તે રીતે કર્મ ઉદયમાં આવે છે. કર્મ બંધ વખત નીચેના નિમિત્તોમાંથી કોઈ એક વિશેષ નિમિત્ત કર્મના ઉદયની સાથે સંકળાયેલું હોય છે.●

(૧) **દ્રવ્ય :** કર્મનો ઉદય અનેક દ્રવ્યોમાંથી કોઈ એક દ્રવ્યના નિમિત્તે ભોગવવો પડે. (દા.ત. થંડીમાં થંડી વસ્તુ ખાવાથી શરદી થઈ. જરૂર કરતાં વધુ ભોજન કરવાથી અજીર્ણ થયું. ઉંદર-બિલાડીની જેમ સાસુ-વહુની વચ્ચે રાગ-દ્વેષ થયા, કષાય થયા.)

(૨) **ક્ષેત્ર :** કર્મના ઉદય કાળે શરીરમાં કે ઉપાંગમાં મુશ્કેલી ઊભી થવી. (ઉદા. ભ.વીરને કેવળજ્ઞાન ઋજુવાલિકા નદી કિનારે થયું જ્યારે સંઘ સ્થાપના અપાપાપુરીમાં થઈ. બહારગામ ગયાને ત્યાં અચાનક આયુષ્ય પૂર્ણ થયું.)

(૩) **કાળ :** કર્મના ઉદયે ઘર છોડીને બીજી જગ્યાએ જવાથી હવા-પાણી કે પ્રતિકૂળ વાતાવરણના કારણે અશાતા થઈ. વાતાવરણે ભાવ ભજવ્યો. (ઉદા. જીવન જીવવામાં અકાળે વૃદ્ધાવસ્થા આવી. સાંભળવાનું, ચાલવાનું, જોવાનું આદિ બંધ થયું. કષ્ટદાઈ થયું.

---

● કર્મના બંધની સાથે સાથે કુલ ૨૧ વસ્તુ નક્કી થાય. પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશબંધ એમ ૪ પ્રકારે બંધ, એજ ૪ પ્રકારે ઉદય, એમ ૪ પ્રકારે ઉદીરણા, એજ ૪ પ્રકારે સત્તા. એમ ૪+૪+૪+૪=૧૬ તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ. ૧૬+૫=૨૧ વસ્તુ.

(૪) **ભાવ :** કર્મઉદયના અવસરે વિચારો પરિણતિ સારી-ખરાબ થવી. મિથ્યામતી સુધરી જવી ધર્મની લેશ્યા થવી વિગેરે. (ઉદા. ક્ષમા આપવાના સ્થાને ઝઘડા થવા. શેરબજારાદિમાં આકસ્મિત તેજી-મંદી થવી. આર્ત-રૌદ્ર ધ્યાન થવું. ધર્મી જીવ અંત અવસ્થામાં અધર્મી થયો. અધર્મી જીવ અંત અવસ્થામાં ધર્મી થયો.)

(૫) **ભવ :** ગતિના આધારે ઉદયમાં આવેલું કર્મ ભોગવાય છે. સુખી જીવને અલ્પમાત્રાની અશાતા અસહ્ય લાગે છે. જ્યારે દુ:ખી જીવને વિપુલમાત્રાની અશાતા હોય તો પણ એ ભોગવી લે છે. (ઉદા. તંદુલીયો મત્સ્ય એક સેન્ટિમીટર કરતાં ઓછા શરીર-કાયાવાળો જીવ છે. પણ તેની કર્મ બાંધવાની પદ્ધતિ અનોખી છે. માત્ર મનથી જ પાપ બાંધે છે. જ્યારે ચંડકૌશિકે માત્ર દ્રષ્ટિથી વિષ પ્રસરાવી અનેકાનેક જીવોને મરણને શરણ રૂપ કર્યા. તેની સામે મનુષ્યે અભક્ષ-અનંતકાયાદિનું ભક્ષણ કરી વિના કારણે પાપનો વધારો કર્યો.)


ટૂંકી વાત સમજવી હોય તો સંસારમાં જેમ ઋણાનુબંધથી પતિ-પત્ની, ભાઈ-બેન, માત-પિતા આદિ અનેક સબંધો બંધાય છે. લેણાદેણી ન હોય તો છૂટા થવાય છે. તેમ કર્મના ઉદયની કથા ઉપરના કારણે અનુભવવી પડે છે. માનવી મનમાં ગાંઠ બાંધે છે કે, આ મારો શત્રુ-વેરી પણ કર્મશાસ્ત્ર એ વાત સ્વીકારતો નથી. માત્ર પૂર્વ ભવના હિસાબના ચોપડામાં જે લખાયેલ છે. તે બધુ એ રીતે થયા જ કરવાનું. માટે વર્તમાનમાં સુધરશું તો આવતી કાલ સુધરી જશે.

## (૮) કર્મ અને આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ :

જીવવિચાર, જીવના વિચારો કહે-આપે છે. નવતત્ત્વમાં ૯ વિભાગ હોવા છતાં તે ૨ થી ૯ સુધીના વિભાગોમાં માનવીને અવનવા વિચાર આપે છે. ટૂંકમાં જીવતત્ત્વ અને મોક્ષતત્ત્વ એ બે જ મુખ્ય માનીએ તો જીવની સાથે ૭ તત્ત્વ સંકળાયેલા છે. જ્યારે મોક્ષતત્ત્વ એકલું છે. આ બાબતની વધુ ચર્ચા ન કરતાં નવતત્ત્વમાં કહેલી કર્મને આવવાની, રોકવાની, ખપાવવાની અને બાંધવાની ચર્ચા કરીશું.

(૧) **આશ્રવ :** કર્મને આવવાના (કર્મ બાંધવાના) રસ્તા કુલ ૪૨ ભેદે છે. સંસારમાં સંસારી વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરવાના એ પ્રવૃત્તિમાં ખાસ વિવેકનો અભાવ હોવાથી કર્મ બંધાઈ જાય તે સ્વાભાવિક છે. બંધન સહિત જીવન જીવનારો આત્મા ક્ષણે ક્ષણે કર્મનો બંધ કરવાનો જ. તેથી ઉપકારી પુરુષોએ તેમાંથી બચી જવા ઈન્દ્રિય-૫, કષાય-૪, અવ્રત-૫, યોગ-૩ અને ક્રિયા-૨૫=૪૨ ભેદ દ્વારા માર્ગદર્શન આપ્યું છે. એ ભેદ એટલે જન્મ-મરણ વધારવાની જીવ દ્વારા થતી પ્રવૃત્તિ.

(૨) **સંવર :** આવનારા-આવી રહેલા કર્મને રોકવાની પ્રવૃત્તિ સમિતિ-૫, ગુપ્તિ-૩, પરિષહ-૨૨, યતિધર્મ-૧૦, ભાવના-૧૨, ચારિત્ર-૫=૫૭ ભેદ બતાડ્યા




છે. સંવર એટલે બ્રેક. આજે દરેક સાધનોમાં બ્રેક અવશ્ય જોવા મળે છે. બ્રેક વિનાનું જીવન ઘણું નુકસાનકારક છે. સ્વચ્છંદીપણું આજે જીવનમાં આચાર-વિચાર-વર્તનમાં કેટલા પ્રશ્નો ઊભા કરે છે તે ગણ્યા ગણાતા નથી. માટે કર્મને આવતા રોકવાનો સંવર-વિચાર ઉપયોગી છે. નકારાત્મક પદ્ધતિ જ કાળક્રમે સંતોષી જીવન બક્ષે છે.

(૩) **નિર્જરા :** બંધાયેલા કર્મોને ખપાવવાનું દૂર કરવાનું સાધન તપ. આ સાધન બાહ્ય રીતે ૬ અને અભ્યંતર રીતે ૬ છે. જે આત્મા કર્મની નિર્જરા કરી કર્મ ખપાવવા માંગતો હોય તેને વિવિધ પ્રકારના તપ કરવા જોઈએ. 'તપશ્ચનિર્જરા' ઉક્તિ અનુસાર તપથી કર્મની નિર્જરા થાય. વસ્ત્ર શુદ્ધ કરવા સાબુ, વાસણ શુદ્ધ કરવા રાખ, સોનાને શુદ્ધ કરવા તેજાબ, પાણીને નિર્મળ-શુદ્ધ કરવા ફટકડી જરૂરી છે. તેમ આત્માને લાગેલા પાપથી મુક્ત થવા તપ જરૂરી છે.

(૪) **બંધ :** આ પ્રકરણમાં શરૂથી જ કર્મબંધની વાતો થઈ રહી છે. બંધ ને માટે સહેલી ભાષામાં મેલો આત્મા અથવા આત્માની ઉપર કાર્મણ વર્ગણાનું ચોટવું. સંસારમાં કાળી-પીળી-લાલ-લીલી વિગેરે માટી જોવા મળે છે. તેમ આત્માની ઉપર અપેક્ષાએ આવીજ ૮ જાતીની કર્મ વર્ગણા ઓછા વધુ પ્રમાણમાં ચોંટે છે.

નવતત્ત્વમાં જે રીતે વિસ્તારથી ૪ - તત્ત્વની ચર્ચા કરી છે. તેની ટૂકી વાતો જોયા પછી ઉપસંહાર રૂપે છેલ્લા વિભાગને થોડો જોઈ સમજી લઈએ.

## (૯) કર્મ અને મન :

કર્મને બાંધવામાં મનનો ફાળો મહત્વનો છે. અયોગ્ય-અશુદ્ધ, અસ્થિર-અવિચારી મન ગમે ત્યારે ગમે તે કરી બેસે છે. અને તેથીએ જે પદ્ધતિથી કર્મ ખપાવવા-બાંધવામાં આગળ આગળ વધે છે તેને 卐અતિક્રમ-વ્યતિક્રમ–અતિચાર ને છેલ્લે અનાચાર કહેવાય છે. ત્યાં સુધી પહોંચવા શું શું થાય-કરવું વિચારવું પડે છે તે એક સામાન્ય ઉદાહરણથી સમજી લઈએ.

એક શ્રદ્ધાળુ શ્રાવક નવકારસી-ચોવિહાર-પ્રતિક્રમણ, પૂજા-જાપ, સામાયિકાદિ નિત્ય ધર્મ કર્યાનો સંતોષ માને છે. જીવનને સફળ કરવા આ પ્રવૃત્તિને વળગી રહે છે. જે દિવસે નિત્યક્રમમાંથી કાંઈ ઓછું થાય તો તે બૈચેન બને છે. આજે પણ શ્રાવકે ચોવિહાર કર્યા છે. ઉનાળાના સખત ગરમીના દિવસો છે. અચાનક રાતના ૧૧ વાગે ગળુ સુકાય છે. ઉંઘવું છે પણ ઉંઘ આવતી નથી. મન ચળવિચળ થઈ ગયું છે. શું કરવું તે સમજાતું નથી. ૧૨ વાગ્યા સુધીમાં તો ગળું સાવ સુકાઈ ગયું. સાથે સુતેલા માણસો પણ જાગી ગયા. શું થયું છે ? પૂછવા લાગ્યા. અવાજ રૂંધાયો હોવાથી મોઢેથી બોલાતું નથી ઈશારાથી પાણીની તરસ લાગી છે. તે બતાડ્યું.

સંસારી સંસારના રસિયા હતા. આટલા માટે શું અકળાઓ છો ઊભા થાઓ ને પાણી પી લો. આખી રાત બીજાની શા માટે બગાડવી ? સંસારીની મફતની સલાહ માની લે પાણી પીવા ઊભા થાય તો ચઉવિહાર ભંગ થઈ જાય. પાપ લાગે, શું કરવું

---

卐 અતિક્રમ : વ્રત ભંગની ઈચ્છા. વ્યતિક્રમ : વ્રત ભંગની તૈયારી.
અતિચાર : અજાણતાં થઈ જતો વ્રત ભંગ. અનાચાર : જાણી જોઈને થતો વ્રત ભંગ.

એ વિમાસણમાં શ્રાવક પાણી પીવા માટે ઊભા થયા. આ 'અતિક્રમ' કોટીનું પાપ બાંધવાનું પ્રથમ પગથિયું.

શ્રાવક ઊભા તો થયા પણ શ્રદ્ધાનો જિનાજ્ઞાનો હૃદયમાં દીવડો પ્રગટેલો હતો. તેથી પાણી ન પીઉં તો ન ચાલે ? એ વિચારે ઉપાડેલા પગ (બાહુબલીજીની જેમ) અટકી ગયા. વિચારને આચારમાં પરિવર્તન કરે તો પાણીયારા સુધી જવું પડે અને વિચારમાં દ્રઢતા રાખે તો પાછા બેસી જવું પડે. શું કરવું ? પાણીએ શ્રાવકને પાણી (ટેક) બતાડવા અથવા હાર સ્વીકારવા આવ્હાન કર્યું. બિચારો ચંચળ બનેલો શ્રાવક હાંફી ગયો ને પાણીયારા સુધી પહોંચવા ડગલા ભર્યા. આ છે ''વ્યતિક્રમ'' પદ્ધતિનું બીજા નંબરનું પાપ બાંધવાની તૈયારીવાળું પગથિયું.

અડધી મિનીટમાં શ્રાવક પાણીયારા સુધી પહોંચી ગયો. હવે માત્ર હાથમાં ગ્લાસ લઈ મટકામાં ડૂબાડી ગ્લાસમાં પાણી ભરવું અને... અને... પાણી પી લેવું. હાશ ! એક કલાકની માથાકુટનો અંત આવી જશે. પાણી પીધાં પછી બીજે દિવસે પ્રાયશ્ચિત્ત લઈ લેશું. અત્યારેતો શાંતિથી ઉંઘવા મળશે. આર્તધ્યાન કરવાનું બંધ થશે.

શ્રાવકે ગ્લાસ ઉપાડ્યો. માટલાનું ઢાંકણું ખોલ્યું, ગ્લાસમાં પાણી ભરી લીધું. પીવાની તૈયારી કરી પણ, હે જીવડા! શું પાણી નહિં પીએ તો મરી જઈશ? ૨-૪ કલાક સમતા રાખ. ધ્યાન ધર, માળા ગણી લે અને પાપના બંધથી બચી જા. ખરેખર હવે શ્રાવક મનને સમજાવવાના બદલે મન શ્રાવકને સમજાવવા બેઠું તેથી એ મુંઝાઈ ગયા. પાણી પીવાથી શાંતિ મળશે તરસ મટી જશે. સમજીલા મનડાએ શ્રાવકને થોડું સમજાવી દીધું. પાણી ૧-૨ ગ્લાસ પી લેવા શ્રાવક તૈયાર થયો. ત્રીજું પગથિયું અતિચારનું છે. પણ તેમાં અજાણતા થઈ જતાં વ્રત ભંગનો અધિકાર છે. આ તો જાણીને વ્રત ભંગ કરવાની શ્રાવક તૈયારી કરે છે.

પાણીનો ગ્લાસ મોઢા પાસે આવી ગયો છે. હમણાં જ એક જ શ્વાસે આખો ગ્લાસ ખાલી થશે. તરસ મટી જશે. શાંતિ થઈ જશે. અકલ્પ્ય આનંદ સાગરમાં ખોવાઈ જવાશે. એ સ્વપ્ન આવે તે પૂર્વે જ શ્રાવકના આત્માએ બંડ પોકાર્યું. શ્રાવક ઊભો રહે, શું કરે છે તેનો વિચાર કર. આ જીવે રોજ ૩-૩ લીટર પાણી પીધું. એક વર્ષમાં ૧૧૧૦ લીટર અને ૬૦ વર્ષમાં ૬૧,૧૦૦ થી પણ વધું પાણી પીધું છતાં તરસ્યો ને તરસ્યો જ રહ્યો. આ તરસ ક્યારે છીપાશે તે તું બતાડીશ ? નહિં, આ પાપ ભાવનાવાળું પાણી તું ના પી, ના પી. સવાર દૂર નથી. કપડું ભીનું કરી ગળા પાસે પંચ કરી લે પણ પાણી ના પી. તારા માટે શોભતું નથી. યાદ રાખ, તું એક શ્રાવક છે.

શ્રાવક થંભી ગયો. એના આત્મપ્રદેશોમાં ઝણઝણાટી થઈ ગઈ. અયોગ્ય સમયે ૧-૨ ગ્લાસ પાણી પી પાપ વધારવા કરતાં જેમ ભગવાન મહાવીર સ્વામીએ હસતે

મુખડે ઉપસર્ગ સહન કર્યા તેમ તું પણ શુરવીર થઈ સહન કરી લે. આતમરામની આજ્ઞા શિરસાવંધ માની લે અને ખરખેર પાણી પીવા ગયેલો પાણી પી લેવાનો પુરુષાર્થ કરનારો એ શ્રાવક નિકાચિત કક્ષાનું પાપ બાંધતો અટકી ગયો. પાણીનો ગ્લાસ મટકામાં પાછો ખાલી કરી દીધો. અનાચાર એટલે જાણી જોઈને થતો વ્રત ભંગ. એ કાર્ય ન કર્યું.

### ★ કર્મ (નવા) ન બંધાય તે માટે :

- ☛ કષાયો ઉપર વિજય મેળવો.
- ☛ આશ્રવ-ના દ્વારનો સંપૂર્ણ પરિચય મેળવો.
- ☛ કર્મ બંધના પાંચ હેતુથી મુક્ત થવા પ્રયત્ન કરો.
- ☛ જૂનાં પાપના ઉદય વખતે સમતા સમભાવ રાખો.

### ★ કર્મનો સંપૂર્ણ ક્ષય થાય તે માટે :

- ☛ દ્રવ્ય-ભાવથી ઉત્કૃષ્ટ ચારિત્ર ધર્મની આરાધના કરો.
- ☛ ઘાતી-અઘાતી કર્મનો ક્ષય કરવા પુરુષાર્થ કરો.
- ☛ ક્ષણિક સુખના સ્થાને શાશ્વત સુખનો માર્ગ અપનાવો.
- ☛ સ્પૃષ્ટાદિ ચાર બંધમાં ત્યજવા લાયકને ત્યજી દો.

### ★ કર્મ તારી કથાના કારણે :

- ☛ રામ-લક્ષ્મણને વનવાસ ભોગવવો પડ્યો.
- ☛ મલ્લીકુમારીને સ્ત્રી અવતાર મળ્યો.
- ☛ મુનિસુવ્રત સ્વામીના ઉપદેશથી અશ્વ પ્રતિબોધ પામ્યો.
- ☛ પ્રભુવીરની દેશના સાંભળવા જતાં કાચબો દર્દુરાંક નામે દેવ થયો.
- ☛ અંત સમયે નવકાર મંત્ર સાંભળી સમાધિના કારણે સમડી શ્રેષ્ઠીપુત્રી થઈ.

### ★ સુવાક્યો :

- ☛ કર્મના મર્મને સમજનાર તરી જાય છે.
- ☛ કાયમી સુખ કાયમી કર્મ ત્યજનારને મળે.
- ☛ કર્મબંધ સમયે ચેતનારને ઉદયમાં સંતાપ કરવો પડતો નથી.

### ★ સરળ પ્રશ્નોતરી :

૧. વર્ગણા કેટલી છે ? કર્મ બંધ કઈ વર્ગણાથી થાય ?

૨. કર્મ બંધના પાંચ હેતું અને બચવાના પાંચ કારણો બતાવો.

૩. જીવ રોજ કેટલા કર્મ ભોગવે અને કેટલા બાંધે ?

૪. આઠ કર્મના નામ-ઉદાહરણ સહિત આપો ?

૫. દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિ નિમિત્તો માટે શું જાણો છો ?

## ★ ઉપસંહાર :

કર્મ જીવનમાં ન પ્રવેશે તેના માટે તેને જા કહેવાથી કે આવો કહેવાથી કામ થવાનું નથી. એ માટે મિથ્યાત્વનો સંગ ત્યજવો પડે. સમકિતનો રંગ લગાડવો પડે. નવતત્ત્વના આધારે આશ્રવ-સંવર-નિર્જરા-બંધ ને બરાબર સમજવા પડે. કર્મના ઉદયકાળે સ્વેચ્છાએ શાંતિથી કર્મ ભોગવી લેવા મનને સમજાવવું પડે. જો ઉદય વખતે અનિચ્છા કે આર્તધ્યાન કરીએ તો તેથી નુકસાન થશે. એટલે 'વિપાકોદય'માં ન ભળવાથી નવા કર્મ બંધાતા નથી અને 'પ્રદેશોદય'થી નવા કર્મ બંધાવવાની શક્યતા છે. બીજા શબ્દમાં જેવી ક્રિયા-પ્રવૃત્તિ કરવામાં આવે તેવો કર્મનો બંધ થાય છે. પરિણામે વિચારધારા સારી તો કર્મ બંધ સારો (પુણ્યનો) થાય. ટૂંકમાં પાપ એ લોખંડની બેડી છે જ્યારે પુણ્ય એ સોનાની બેડી. આખરે તો બન્ને બંધન જ છે.

વર્તમાન સમયે ઈશ્વરવાદ, ક્ષણિકવાદ, ભાગ્યવાદ જેવા વિચારોની સામે કર્મવાદના વિચારો બરાબર સમજવા જરૂરી છે. તેનાથી જીવનમાં નિરાશા, હતાશા, આર્તધ્યાન જેવા અનેક પ્રશ્નો સહેલાઈથી ઉકેલાય છે. કર્મ ભોગવતા ઘણા કષાયો કરે (તમોગુણી) ઘણા અનિચ્છાએ ન છૂટકે ભોગવે (રજોગુણી) પરંતુ જે શાંતિથી-સમતાથી ભોગવી લે એ જીવ નવા ચિકણાં કર્મ બાંધતા નથી. અલ્પ કષાયો હોવાના કારણે અલ્પ કર્મ બાંધે છે.

કર્મ બાંધવાની ક્રિયા (પ્રવૃત્તિ) જો આ આત્માએ કરી તો કર્મના ક્ષય માટેની તપ-જપ-જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના પણ આત્માએ કરવી પડશે. દ્રવ્ય ક્રિયા પ્રથમ પાપથી મુક્ત થવાનું ચરણ છે અને ભાવક્રિયા અંતિમ સ્થાને પહોંચવા માટેનો શાશ્વતો માર્ગ છે.卐

બસ, આપણે સૌને એજ કરવાનું છે. પ્રભુની આજ્ઞા માથે ચઢાવવાની છે. કર્મ બાંધતા આત્માને કર્મ રહિત થવાના વિશુદ્ધ પરમ પવિત્ર માર્ગે લઈ જવાનો છે. આ માર્ગે અનંતાનંત આત્મા ગયા છે તેમાં વધારો કરી જીવન ધન્ય કરવું છે.

બસ એક જ ટેક એક જ શ્રદ્ધા એક જ માન્યતા.

મને મોક્ષમાં જવું છે.

મોક્ષમાર્ગના પથિક થવા આઠ કર્મોની સાથે વ્યક્તિગત મુલાકાત લઈએ એજ મંગળકામના.

✤

---

卐 જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ

# ૧. જ્ઞાનાવરણીય...

**★ મિતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | અનંતજ્ઞાન |
| કર્મનું નામ | - | પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ ઘાતીકર્મ અંતર્ગત |
| મૂળ પ્રકૃતિ | - | ✤૫, ★પ્રભેદ - ૫૧ |
| કર્મના ઉદય | - | અજ્ઞાનતા, મૂઢતા, મૂર્ખતા, આંધળાપણું, બહેરાપણું, મુંગાપણું |
| કર્મનું ઉદાહરણ | - | આંખે પાટા બાંધ્યા જેવું. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૩૦ કોડાકોડી સાગરોપમ. |
| કર્મનો બંધ | - | ૧૦માં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી. |
| કર્મનો સંપૂર્ણ ક્ષય | - | ૧૨માં ક્ષીણમોહ ગુણસ્થાનકે થાય. |
| કર્મ નિવારણ ઉપાય | - | જ્ઞાન, જ્ઞાનીની સેવા, ભણે, ભણાવે, અનુમોદન કરે. |
| પાંચ આચારમાં | - | પહેલો જ્ઞાનાચાર, અતિચારના ૮ પ્રકાર. |
| બાર પ્રકારના તપમાં | - | અભ્યંતર તપમાં સ્વાધ્યાય તપ. |
| જ્ઞાનનું આરાધન | - | સુદ-૫ (૫ વર્ષ ૫ મહિના) તપ-ઉપવાસ.<br>જાપ - (૧) શ્રી કેવળજ્ઞાન ગુણધરાય નમઃ<br>(૨) ૐ હ્રીં નમો નાણસ્સ |
| વિશિષ્ટ આરાધન | - | ★ સાધુ-સાધ્વીજી માટે જોગ. આગમ સૂત્રની કુલ આરાધના ૫૮૯ દિવસે પૂર્ણ થાય.<br>★ શ્રાવક-શ્રાવિકા માટે ઉપધાન ૪૮+૩૫+૨૫= ૧૦૮ દિવસ (ત્રણ હપ્તે) સૂત્ર ૯ની વાચના.<br>★ શાશ્વતી નવપદ ઓળીમાં સાતમા પદની આરાધના |
| પરિષહ | - | પ્રજ્ઞા, અજ્ઞાન પરિષહ સહન કરવા પડે. |


**★ વિવરણ :**

પ્રાથમિક કક્ષાનું જ્ઞાન મન અને ઈન્દ્રિયોના સહયોગથી આત્માને પ્રાપ્ત થાય છે. જ્ઞાનાવરણીય કર્મના કારણે કેટલાક જીવો અંધ, બોબડા, મુંગા, ગુંગા, બહેરાં, કાનેથી સાંભળવામાં, આંખેથી જોવાની ખામીવાળા જન્મથી જ અથવા જન્મ પછી અમુક વર્ષે જોવા મળે છે. તેનું મુખ્ય કારણ એ જીવોએ પૂર્વભવમાં બાંધેલ જ્ઞાનાવરણીય કર્મ છે.

---

✤ મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય કેવળ જ્ઞાનાવરણીય.

★ મતિજ્ઞાન-૨૮ શ્રુતજ્ઞાન-૧૪ અવધિજ્ઞાન-૬ મનઃપર્યવજ્ઞાન-૨, કેવળજ્ઞાન-૧ - ૫૧




એવો પણ અનુભવ થાય છે કે, અમુક વર્ષો પછી બાંધેલું કર્મ કાંતો ઉદયમાં આવે અથવા કર્મ ભોગવાઈ પણ જાય.

જ્ઞાની પુરુષો તો શ્વાસોશ્વાસમાં બાંધેલા કર્મ જલદી ખપાવી દે છે. જ્યારે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમવાળા જીવોમાં કેટલાક ઈશારાથી સમજી જાય તો બીજા સમજાવવા છતાં ભૂલો કરે છે. કોઈને પ્રયત્ન કરવા છતાં જ્ઞાન ચડતું નથી જ્યારે કેટલાક સવારનું સાંજે ભૂલી જાય છે. એવા પણ જીવો છે કે ઉંઘમાં પૂછો તો પણ જવાબ સાચો આપે છે. ટૂંકમાં ગાઢ બાંધેલા જ્ઞાનાવરણીય કર્મ એક યા બીજી રીતે ભોગવવા પડે છે.

**જ્ઞાનના મુખ્ય પાંચ પ્રકાર :**

૧. **મતિજ્ઞાન** - ઈન્દ્રિય અને મનની સહાયથી સ્પષ્ટ કે અસ્પષ્ટ થતું જ્ઞાન.

૨. **શ્રુતજ્ઞાન** - શબ્દોને સાંભળવા-જોવા-વાંચવાથી તેના અર્થનું જે જ્ઞાન થાય તે.

૩. **અવધિજ્ઞાન**卐 - ઈન્દ્રિય અને મનની સહાય વિના મર્યાદિત ક્ષેત્રનું રૂપી પદાર્થોનું જ્ઞાન. (દેવ-નરક અને તીર્થંકરને પહેલા ૩ જ્ઞાન જન્મથી હોય.)

૪. **મનઃપર્યવજ્ઞાન** - ઈન્દ્રિય અને મનની સહાય લીધા વિના અઢી દ્વીપના પર્યાપ્ત સંજ્ઞી-પંચેન્દ્રિય જીવોના મનોભાવને જાણવાનું જ્ઞાન. (તીર્થંકર પરમાત્માને દીક્ષાના દિવસથી જ પ્રાપ્ત થાય.)

૫. **કેવળજ્ઞાન** - જ્ઞાનની ચરમ સીમા, સંપૂર્ણજ્ઞાન. આ જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય પછી થાય. કેવળજ્ઞાની આત્માને હવે કોઈ જ્ઞાન અજ્ઞાત નથી. ત્રણે લોકનું, ચરાચર પદાર્થોનું અંજલીવત્ શુદ્ધ-સત્ય-સંપૂર્ણ જ્ઞાન તેઓને થાય, જોઈ-કહી શકે છે.●

---

卐 મિથ્યાત્વી જીવને ઉપરના ત્રણ જ્ઞાન મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન અજ્ઞાન સ્વરૂપે હોય છે.

● 'કેવલ' શબ્દના જુદા જુદા અર્થ : કેવલ એટલે એક, શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત, નિર્વ્યાઘાત.

જ્યાં સુધી જીવને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી એ આત્મા મિથ્યાત્વજ્ઞાન વાળો (જન્મોજન્મથી) હોય છે. ઘાંચીનો બળદ ચાલવાની પ્રવૃત્તિ ઘણી કરે પણ હતોત્યાં ને ત્યાં. તેમ મિથ્યાજ્ઞાની અજ્ઞાની વિવિધ તપ-જપ કે ક્રિયા કરે પણ અજ્ઞાન ક્રિયા હોવાથી સંસાર વધારે, પણ ઘટાડે નહિં. તેથી ૧૮ પાપ સ્થાનકોમાં મિથ્યાત્વશલ્ય એક દ્રષ્ટિએ ૧૮મું અને બીજી રીતે મહત્વનું છે. મિથ્યાત્વના નીચે મુજબના મુખ્ય પાંચ પ્રકાર છે.

૧. અભિગ્રાહિક - ખોટી પકડ, જડ માન્યતા, કુદર્શનનો આગ્રહ.

૨. અનાભિગ્રાહિક - સાચા-ખોટાનો વ્યવસ્થિત ભેદ ન જાણે. સર્વ દર્શન સરખા માને.

૩. આભી નિવેશિક - શાસ્ત્ર વચન સાચા પણ અને ખોટા પણ અધકચરા સંશયવાળા કદાગ્રહી.

૪. સાંશયિક - શંકાસ્પદ વિચારવાન (હશે કે કેમ ?) અસ્થિર.

૫. અનાભોગિક - સત્યજ્ઞાનનું અજાણપણું.

આત્માને જ્યાં સુધી સમકિત-સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તેના ભવ ભ્રમણ વધ્યા જ કરવાના. જે દિવસે વીતરાગી એવા સુદેવ-ત્યાગી એવા સુગુરુ અને અહિંસામુલક ધર્મ એ સુધર્મને જાણે-માને-સ્વીકારે તે દિવસથી તે જીવનો સંસાર અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન કાળ જેટલો ઘટી ગયો સમજવો. સમ્યક્ત્વના પણ શંકા-કાંક્ષા-વિચિકિત્સા-મિથ્યા દ્રષ્ટિની પ્રસંશા અને સંસ્તવ એમ પાંચ અતિચારો ટાળવા જોઈએ.

જ્ઞાન એટલે પદાર્થને જાણી-સમજી લેવો. જાણ્યા પછી બીજાને બતાડવા-સમજાવવા માટે ભાષાવર્ગણાના પુદ્ગલોનો સહારો લેવો પડે છે. તેની ૨ પદ્ધતિઓ છે. ૧. સાંકેતિક-મુદ્રા યા સંકેત દ્વારા વિચારોને આપવા, ૨. લીપીબદ્ધ - સ્થાપના નિક્ષેપાથી વ્યંજન-સ્વર-અંક આદિમાં શબ્દસમૂહને સ્થાપવા. ત્યાર પછી એ તૈયાર કરેલા અક્ષરો વાક્ય રૂપે પરિણમે છે. પછી વાક્ય આદિને બીજાને લખીને યા બોલીને આપવા-સમજાવવા.

ભાષા વર્ગણાનો શબ્દ પ્રવાહ સ્વરનાડી દ્વારા卐 વર્ગ પ્રમાણે નિશ્ચિત અક્ષરો નિશ્ચિત સ્થળેથી નિકળતા હોય છે. તેમાં સચિત્ત-અચિત્ત અને મિશ્ર પદ્ધતિ જોવા મળે છે. આ ભાષાવર્ગણાનો વ્યાપાર (ઉપયોગ) બે ઈન્દ્રિય (રસનેન્દ્રિય) પછીના જીવો કરી શકે છે. પછી ભલે એ જીવો વિકલેન્દ્રિય (૨-૩-૪ ઈન્દ્રિયવાળા) હોય કે પંચેન્દ્રિય. વ્યવહારમાં દરેક જીવોની શબ્દોચ્ચાર કરવાની પદ્ધતિ ભિન્ન ભિન્ન હોય તો પણ સંસારમાં જ્ઞાન પ્રાપ્તિનું-અક્ષરોનું વિસ્તૃત સામ્રાજ્ય છે એ વાત નિશ્ચિત છે.

---

卐 (૧) અ વર્ગ, ક વર્ગ, ચ વર્ગ, ટ વર્ગ, ત વર્ગ, પ વર્ગ, ય વર્ગ, શ વર્ગ.
(૨) ઉર, કંઠ્ય, શિર, જિવ્હામૂલ્ય, દાંત, નાશિકા, ઓષ્ઠ, તાલવ્ય.





**પાંચ જ્ઞાનની વિસ્તૃત વિચારણા :**

કર્મને બાંધવા અને ભોગવવા માટેના ૨ વિભાગ કરવા હોય તો ઘાતી કર્મ-૪ અને અઘાતી કર્મ-૪ એમ સ્વીકારી શકાય. ઘાતી કર્મમાં સર્વપ્રથમ જ્ઞાનાવરણીય કર્મને સ્થાન આપવામાં આવ્યું છે. તેથી એ પાંચે જ્ઞાનને ફરીથી સ્પષ્ટતાથી જાણી લેવાનો પ્રયત્ન કરીએ. આ જ્ઞાનમાં પ્રથમના બે જ્ઞાનને પરોક્ષ બાકીના ત્રણને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

**૧. મતિજ્ઞાનાવરણીય કર્મ :**

પાંચ ઈન્દ્રિય અને મન દ્વારા સ્પષ્ટ યા અસ્પષ્ટ જે જ્ઞાન થાય છે તેને મતિજ્ઞાન કહેવાય. તે વ્યવસ્થિત ઉપયોગમાં જ્યારે ન આવે ત્યારે તે કર્મના ભારથી દબાયેલ છે એમ જાણવું. માટે પાંચ ઈન્દ્રિય અને તેના વિષય નીચે મુજબ શાસ્ત્રમાં કહ્યા છે.



(૧) સ્પર્શેન્દ્રિય - (ચામડી) ગરમ-ઠંડુ-નરમ-કઠોર વિગેરે ૮ પ્રકારે અનુભવ થાય.

(૨) રસનેન્દ્રિય - (જીભ) ખાટાં-મીઠાં-કડવાં-તિખાં-તુરાં પાંચ સ્વાદનો અનુભવ થાય.

(૩) ઘ્રાણેન્દ્રિય - (નાક) સુગંધ-દુર્ગંધ (૨)નો જેથી અનુભવ થાય.

(૪) ચક્ષુરેન્દ્રિય-(આંખ) લાલ-પીળો-લીલો આદિ પાંચ ભેદ (રંગ)નો અનુભવ થાય.

(૫) શ્રોત્રેન્દ્રિય - (કાન) સચિત્ત-અચિત્ત-મિશ્ર ૩ પ્રકારે સંભળાય તે.

પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન એમ એ છને વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, અને ધારણા એ પાંચે ગુણતાં ૩૦ ભેદ થાય. તેમાંથી ચક્ષુ અને મનને વ્યંજનાવગ્રહ ન હોય માટે ૨૮ ભેદ થાય છે.

| નામ | સ્પર્શેન્દ્રિય | રસનેન્દ્રિય | ઘ્રાણેન્દ્રિય | શ્રોત્રેન્દ્રિય | ચક્ષુરેન્દ્રિય | મન | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|
| બહુ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અબહુ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| બહુવિધ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અબહુવિધ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| ક્ષિપ્ર | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અક્ષિપ્ર | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| નિશ્રિત | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અનિશ્રિત | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| સંદિગ્ધ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અસંદિગ્ધ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| ધ્રુવ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| અધ્રુવ | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૪ | ૨૮ |
| | | | | | | | ૩૩૬ |

ઉપરના ૩૩૬ અને •બુદ્ધિના ૪ એમ કુલ ૩૪૦ ભેદ થાય છે.

**૨. શ્રુત જ્ઞાનાવરણીય કર્મ :**

શાસ્ત્રને સાંભળવાથી, અક્ષરજ્ઞાન મેળવવાથી કે વધુમાં વધુ ભણવાથી આ જ્ઞાન પ્રાપ્ત થાય તે કારણે બીજા શબ્દમાં વધારે જ્ઞાનીને શ્રુતકેવળી કહેવાય છે. આવું જ્ઞાન વારંવાર ભણવા છતાં ભૂલી જવાય, કંઠસ્થ કરવા માટે ઘણો પુરુષાર્થ કરે તો પણ યાદ ન રહે. (સંસારના અનેક કાર્યો યાદ રહે પણ ધર્મના કાર્યો ક્રિયાઓમાં પ્રમાદ નડે, અજ્ઞાનતા નડે) તો સમજવું કે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે. તેના ૧૪ અને ૨૦ ભેદ છે. મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય. એ બે સમ્યક્ પ્રકારે પ્રાપ્ત-પ્રગટ થાય એટલે જ્ઞાનની પ્રાપ્તિ થઈ સમજવી. પાંચે જ્ઞાનની પ્રાપ્તિનો આવો જ ક્રમ છે.

● બુદ્ધિના ૪ પ્રકાર : ૧. ઔપપાતિકી, ૨. વૈનયિકી, ૩. કાર્મિકી, ૪. પારિણામિકી.

### ૩. અવધિ જ્ઞાનાવરણીય કર્મ :

આ જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતા લીધા વગર થાય છે. તેથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય. (દુર્બિનની જેમ) આ જ્ઞાન દેવ અને નરકના જીવોને જન્મથી હોય છે. આવું ઉત્તમજ્ઞાન જ્યારે ભૂત-ભાવિનું, નજીક કે દૂરનું, લોક કે પરલોકનાં પુદ્ગલોની અવસ્થાને જાણી ન શકાય અથવા સમજવામાં ખામી આવે તો સમજવું કર્મનો ઉદય છે. એના છ ભેદ છે : ૧. અનુગામિ-પાછળ જાય, ૨. અનનુગામિ-જે જગ્યાએ થયું હોય ત્યાં આવતાં જ દેખાય, ૩. વૃદ્ધિમાન-વધતું જાય, ૪. હીયમાન-ઓછું થાય, ૫. પ્રતિપાતિ-ચાલ્યું જાય, ૬. અપ્રતિપાતિ-ચાલ્યું ન જાય.

### ૪. મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મ :

આ જ્ઞાનના સ્વામી ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અઢી દ્વીપની અંદર રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણી શકે છે. પણ જેમ મોબાઈલમાં કે તેના ટાવરમાં કાંઈ ખામી થાય તો કાંઈ સાંભળી-જાણી ન શકાય તેમ આ કર્મના ઉદયે જીવોના મનોગત ભાવોને સ્પષ્ટ જાણી ન શકાય. આ જ્ઞાનના ૨ ભેદ છે.

(૧) ઋજુમતિ, (૨) વિપુલમતિ, મનઃપર્યવજ્ઞાની આત્મા તેજ ભવમાં મોક્ષ પામે.卐

### ૫. કેવળ જ્ઞાનાવરણીય કર્મ :

જ્ઞાનાવરણીય કર્મ સંપૂર્ણ ક્ષય થયું હોય, આત્મગુણના મૂળ સ્વરૂપ અનંતજ્ઞાન પ્રગટ થયું હોય ત્યારે આત્મા રૂપી-અરૂપી સર્વ દ્રવ્યોનો, અતીત અનાગત વર્તમાન રૂપ સર્વ કાળના સર્વ પર્યાયોને પ્રત્યક્ષ જાણે તેનું નામ કેવળજ્ઞાન. તેના આગમન સાથે પૂર્વના ચારે જ્ઞાન બીજા શબ્દમાં તેમાં ભળી જાય. દીપક સમા આ જ્ઞાનના કારણે હવે ફક્ત આત્મા અઘાતી કર્મોની જેટલી સ્થિતી હોય તે પૂર્ણ ભોગવી મોક્ષગતિને પ્રાપ્ત કરે. જ્યાં સુધી આવું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી જે આવરણ-નડતરરૂપ છે તેનું નામ કેવળ જ્ઞાનાવરણીય કર્મ.

સંપૂર્ણ એ જ્ઞાનનો પ્રકાશ પાથરે છે માટે દીપક છે. જ્યારે કેવળજ્ઞાનને કલ્પવૃક્ષ પણ કહ્યું છે. કારણ તે ઈચ્છીત ફળ મોક્ષ આપે.

### ★ જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે બંધાય ?

★ જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના ઉપકરણના પ્રત્યે વેરભાવ કેળવવાથી.

★ અવર્ણવાદ (નથી આવડતું, નથી જાણતા એવો આક્ષેપ) કરવાથી.

★ ગુરુ ઓળંગે, જ્ઞાનના પુસ્તકો બીજાને ન આપવાથી ન શિખવાડવાથી.

★ ભણતાને અંતરાય (વિઘ્ન) કરવાથી.

---

卐 અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં મુખ્યત્વે ક્ષેત્રને આશ્રયી જ્ઞાનનો ફરક હોય છે.

★ ખોટા કામ બતાડી ભણવાનું છોડાવી અન્ય સ્થળે મોકલવાથી.

★ જ્ઞાનીની ભૂલો શોધવાથી, ઈર્ષા અદેખાઈથી, પૂસ્તક છૂપાવવાથી, બીજાનું લેવાથી.

★ જ્ઞાની સાથે પાઠ લેતાં, વાચના લેતાં, અવિનયથી ખોટા તર્ક-વિતર્ક કરી વાદ-વિવાદ કરવાથી.

★ જ્ઞાની (ગુરૂ)ની ૩૩ આશાતના કરવાથી.

★ જ્ઞાનાચારના આઠ આચારને ન પાળવાથી (પાળવામાં પ્રમાદ-ઉપેક્ષા કરવાથી).

★ પુસ્તક-જ્ઞાનને પગ લગાડવો, થુંક લગાડવાથી, પછાડવાથી.

★ જ્ઞાનાવરણીય કર્મ બંધના છ હેતુ (કારણો) થી બચવું જરૂરી છે : ૧. પ્રત્યનીકતા, ૨. નિન્હવ, ૩. ઉપઘાત, ૪. પ્રદ્વેષ, ૫. અંતરાય અને ૬. આશાતના.

## ★ જ્ઞાનાવરણીય કર્મ કેવી રીતે ખપે ?

★ જ્ઞાનની સાધના, આરાધના, ઉપાસના, ગાથા, સ્વાધ્યાય, તપ વિગેરે કરવાથી.

★ જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના ઉપકરણ પુસ્તકાદિમાં યથાશક્તિ તન, મન, ધનને વાપરવાથી.

★ જ્ઞાન-જ્ઞાનીની પ્રસંશા કરવી, ઉપકાર માનવાથી, સહાયક થવાથી.

★ જ્ઞાન પ્રાપ્ત કરતાં વિનય, વિવેક, એકાગ્રતા, સ્થિરતા, જિજ્ઞાસા રાખવાથી.

★ જ્ઞાનીની સેવા-સુશ્રુશા કરવાથી અજ્ઞાની પણ જ્ઞાની થાય.

## ★ જ્ઞાનાવરણીય કર્મ ન બંધાય તે માટે :

★ છાપેલાં-કોરા કાગળ, નોટબુક, પુસ્તક વિગેરેનો દુરૂપયોગ ન કરવો.

★ જે જ્ઞાન આપણી પાસે છે (જાણકારી, નોંધ વિ.) તે બીજાને ઉદારતાથી આપવું. જ્ઞાનનો પ્રચાર કરવો.

★ જીવ જંતુની હિંસા થાય, પુસ્તકો ફાટી જાય તેવો પુસ્તકો સાથે વ્યવહાર ન કરવો.

★ જ્ઞાન ભણતાં, વાંચતાં, બોલતાં કાના-માત્રા પૂરા શુદ્ધ બોલવા, અક્ષર-શબ્દ ગળી ન જવા (છોડી ન દેવા) પુસ્તક-પાના ઉપર થુંક ન ઉડાડવું.

★ અશુચિમાં, અશુદ્ધ જગ્યામાં, ખાતાં-ખાતાં, અંતરાયાદિમાં પુસ્તકોને અડવું નહિ, વાંચવું નહિ.

## ★ જ્ઞાનની આશાતાનાથી રોગી, આરાધનાથી સુખી :

★ ૧૪ પૂર્વધર ભાનુદત્ત મુનિ ભણેલા શાસ્ત્રો ભૂલી ગયા.

★ ૧-૨-૩ ઈન્દ્રિયોના •૫૬ લાખ જીવો જ્ઞાન પ્રાપ્તિથી અળગા રહ્યા.

---

● પૃથ્વિકાય આદિ ૪ પ્રકારના (૭+૪)=૨૮, પ્રત્યેક વન-૧૦, સાધારણ વન-૧૪, બેઈન્દ્રિય-૨, તેઈન્દ્રિય-૨=૫૬.

- ★ વરદત્ત રાજપુત્રે પૂર્વના વાસુદેવ આચાર્યના ભવમાં શિષ્યોને વાચના આપવાનું (દ્વેષ બુદ્ધિથી) બંધ કરી કર્મ બાંધ્યું.
- ★ ગુણમંજરી શ્રેષ્ઠીપુત્રીએ પૂર્વના સુંદરીના ભવમાં પુત્રીને અજ્ઞાની રાખ્યા. પુસ્તકો બાળી જ્ઞાનના સાધનોનો નાશ કરવારૂપ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું.
- ★ સ્થુલિભદ્રજીએ ભણેલા જ્ઞાનનું અભિમાન કર્યું તેથી ૧૪ પૂર્વ સુધીની પૂર્ણ અર્થની વાચના મેળવી ન શક્યા.
- ★ રાજા શ્રેણિકે જ્ઞાનીનો વિનય કર્યો તો વિદ્યામંત્ર સિદ્ધ થયો.
- ★ માસતુષ મુનિને છ અક્ષર કંઠસ્થ કરતાં ૧૨ વર્ષ લાગ્યા. બાદ કેવળી થયા.
- ★ અભયકુમાર પૂર્વ ભવે જ્ઞાનની આરાધના કરી બુદ્ધિનિધાન થયા.
- ★ વજ્રસ્વામીજી પૂર્વ ભવે જ્ઞાનની આરાધના કરી નાની ઉંમરમાં ૧૧ અંગના જ્ઞાતા થયા.
- ★ હેમચંદ્રાચાર્ય પૂર્વ ભવે જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના કરી હતી તે કારણે ૮૦ વર્ષની ઉંમરમાં ૩।। કરોડ શ્લોકના રચયિતા મહાજ્ઞાની થયા.
- ★ ચંદનબાળાજી કેવળીની આશાતનાનો પશ્ચાતાપ કરતાં કેવળી થયાં.
- ★ ચિલાતીપુત્ર ઉપશમ, વિવેક, સંવરની ઉપર વિચારણા, ચિંતન કરતા સંસાર-સાગર તરી ગયા.
- ★ કાઉસ્સગ્ગ ધ્યાનમાં મુનિ (કાજો કાઢતાં) માત્ર હસવાના કારણે અવધિજ્ઞાનથી વંચીત રહ્યા.
- ★ માનતુંગસૂરિ - શ્રદ્ધા આરાધનાના બળે ભક્તામર સ્તોત્ર રચી બંધન મુક્ત થયા.
- ★ મલ્લવાદિસૂરિએ એક શ્લોકના આધારે ૧૦ હજાર શ્લોક પ્રમાણ ‘દ્વાદશાર નયચક્ર’ ગ્રંથ રચ્યો.
- ★ સમયસુંદર ગણિએ ‘રાજાનો દદતે સૌખ્યમ્’ ૧ પદના ૮ લાખ અર્થ કર્યા.
- ★ શિવરાજર્ષિને પ્રથમ વિભંગ જ્ઞાન હતું, પછી એ અવધિજ્ઞાની થયા.
- ★ બુદ્ધિશાળી રોહક જ્ઞાનના ક્ષયોપશમથી ઉજ્જૈની નગરીના રાજાને પ્રસન્ન કરી માન-પાન પામ્યા.
- ★ અવંતિ સુકુમાલ નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળતા જાતિસ્મરણ જ્ઞાન પામ્યા.
- ★ માતા રૂદ્રસોમાને રાજી કરવા આર્યરક્ષિત દૃષ્ટિવાદનું જ્ઞાન લેવા ગુરુના ચરણે ગયા.
- ★ હરિભદ્રસૂરિ - ૧૪૪૪ ગ્રંથના રચયિતા બન્યા.
- ★ ભદ્રબાહુજી - શ્રુતકેવળી થયા.

★ ઉપા. યશોવિજયજી સોપારી ઉછાળી નીચે આવે તેટલા સમયમાં નવા સાત શ્લોકની રચના કરતા હતા.

## ★ જ્ઞાનાવરણ કર્મના અવાંતર ભેદની વ્યાખ્યા :

જ્ઞાનાવરણ કર્મના મુખ્ય પાંચ ભેદ છે. કારણ કે મતિજ્ઞાન વગેરે જ્ઞાનના પાંચ ભેદ હોવાથી તેને રોકનાર જ્ઞાનાવરણ કર્મના પણ મતિજ્ઞાનાવરણ વગેરે ભેદ હોય છે.

**૧) મતિજ્ઞાન અને મતિજ્ઞાનાવરણ :** ચક્ષુરિન્દ્રિય (આંખ), સ્પર્શેન્દ્રિય કે બીજી કોઈ ઈન્દ્રિય અને મનથી જે જ્ઞાન થાય, તે મતિજ્ઞાન કહેવાય છે. તેને રોકનાર કર્મ મતિજ્ઞાનાવરણ કહેવાય.

**૨) શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાનાવરણ :** શાસ્ત્ર વાંચવાથી કે શબ્દ સાંભળવાથી તેના અર્થનું જે જ્ઞાન થાય, તે શ્રુતજ્ઞાન કહેવાય છે. અહીંયા વિશેષતા એ સમજવાની છે કે અમુક શબ્દ સાંભળ્યા પછી શ્રવણેન્દ્રિય દ્વારા જે શબ્દ માત્રનું જ્ઞાન થાય, તે મતિજ્ઞાન કહેવાય. આવું જ્ઞાન તો તે ભાષાના અજાણ્યા માણસને પણ થઈ શકે છે. પરંતુ આ શબ્દનો અમુક અર્થ થાય છે. આવું જે ભાષાના જાણકારને જ્ઞાન થાય, તે મુખ્યતઃ શ્રુતજ્ઞાન કહેવાય છે. તેને રોકનાર કર્મ શ્રુતજ્ઞાનાવરણ કહેવાય.

**૩) અવધિજ્ઞાન અને અવધિજ્ઞાનાવરણ :** ઈન્દ્રિય અને મનની સહાય વગર જ રૂપી દ્રવ્યનું આત્મા જે સાક્ષાત્ જ્ઞાન કરે, તે અવધિજ્ઞાન કહેવાય. દેવ અને નારકને આ જ્ઞાન જન્મથી જ હોય છે. મનુષ્યને અને જાનવરને ગુણના નિમિત્તે આ જ્ઞાન પ્રકટ થાય છે. એને રોકનાર કર્મ અવધિજ્ઞાનાવરણ કહેવાય.

**૪) મનઃપર્યવજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનાવરણ :** મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયજીવના મનનું જ્ઞાન થાય, તે મનઃપર્યવજ્ઞાન કહેવાય. તેને રોકનાર કર્મ મનઃ પર્યવજ્ઞાનાવરણ કહેવાય.

**૫) કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનાવરણ :** લોક અને અલોક તથા ભૂત-ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જે સંપૂર્ણજ્ઞાન થાય, તે કેવળજ્ઞાન કહેવાય. તેને રોકનાર કર્મ કેવળજ્ઞાનાવરણ કહેવાય.

## ★ સુવાક્યો :

★ જેટલું ચર્મચક્ષુથી જોયું તેથી અનેક ગણું જ્ઞાનચક્ષુથી જુઓ.

★ કીડા કે અજ્ઞાની જીવ કાદવમાં સુખ માને જ્યારે જ્ઞાની જ્ઞાનમાં માને.

★ જેના જ્ઞાનાવરણીય કર્મ ઓછા તેનામાં જ્ઞાન ઘણું.

**★ સરળ પ્રશ્નો :**

૧. જ્ઞાનના પ્રકારો અર્થ સાથે લખો ?
૨. મિથ્યાત્વ અંગે તમે શું જાણો છો ?
૩. જ્ઞાનાવરણીય કર્મ બાંધવાના - ખપાવવાના ૩-૩ કારણો આપો.
૪. પાંચ ઈન્દ્રિયના નામ-વિષય-પ્રકાર બતાડો.
૫. જ્ઞાનની આશાર્તના ને આરાધના કરનારના ૫-૫ નામો આપો.

**★ ઉપસંહાર :**

આહાર લેવા-કરવાથી જેમ બાહ્ય શરીર વૃદ્ધિ પામે, પુષ્ઠ થાય છે તેમ અણાહારી જેવું જ્ઞાનરૂપી અમૃતમય ભોજન કરનાર આત્મા પાપનો ક્ષય કરવા રૂપ અંતરંગને શુદ્ધ અવશ્ય કરે છે. આ પાંચ જ્ઞાનમાં ૪ મૂંગા (ક્રિયાત્મક) છે. જ્યારે શ્રુતજ્ઞાન બોલકું છે. સૂર્યના તેજમાં ચંદ્રનો પ્રકાશ સમાઈ જાય તેમ ચારે જ્ઞાન તેમાં સમાઈ જાય છે.

પૂર્વ ભવના અનુભવેલા વિચારો, ધારણાઓ સંબંધી જે જ્ઞાનથી વર્તમાનમાં યાદ આવે તેને 'જાતિસ્મરણ જ્ઞાન' કહેવાય છે. ખરી રીતે જેમ જેમ જ્ઞાનની માત્રા આત્મામાં વધતી જાય તેમ તેમ દુર્ગુણો દૂર થતા જાય અને આત્મા વિનયી, વિવેકી ગુણવાળો થાય. પણ જેને જ્ઞાનાવરણીય કર્મના ઉદય હોય તેને એ થતું નથી. ટૂંકમાં જ્ઞાની જ્ઞાન મેળવવામાં આનંદ અને આરંભ-સમારંભમાં દુઃખ માને, જ્યારે અજ્ઞાની સંસાર વધારવામાં આનંદ અને ભોગવવા ન મળે તો દુઃખ માને.

સાધુ જીવનમાં ૨૨ પરિષહનો અનુભવ થતો હોય છે. તેમાં ખાસ પ્રજ્ઞા પરિષહ અને અજ્ઞાન પરિષહ જીતવાના હોય છે. શાસ્ત્રીય રીતે જો જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથાના ક્રમથી પ્રાપ્ત કરવું જોઈએ. આ રીતે પૂજ્ય ભાવે શ્રદ્ધા-વિનય-વિવેકથી પ્રાપ્ત કરેલ જ્ઞાન જ પચે, જીવનમાં ઉતરે ને લાભદાઈ થાય. જ્ઞાન પ્રાપ્તિ માટે પ્રાચિન પરંપરા મુજબ સાધુ-૪૫ આગમની અનુજ્ઞા ગુરુ પાસે વિવિધ પ્રકારની જોગો (ક્રિયા) કરી વિનય-બહુમાનપૂર્વક પ્રાપ્ત કરે. જ્યારે શ્રાવકો ઉપધાન વિધિ સહિત કરવા માટે પ્રયત્ન કરે છે. ટૂંકમાં જ્ઞાન ચતુર્વિધ સંઘને પરમ ઉપકારી છે.

# ૨. દર્શનાવરણીય...

**★ મિતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | અનંતદર્શન |
| કર્મનું નામ | - | ઘાતીકર્મ અંતર્ગત - બીજું દર્શનાવરણીય કર્મ. |
| મૂળ પ્રકૃતિ (ભેદ) | - | ૯. |
| કર્મનો ઉદય | - | અંધત્વ, નિદ્રા, આળસુપણું |
| કર્મનું ઉદાહરણ | - | રાજાના દ્વારપાળ જેવું. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ-૩૦ કોડાકોડી સાગરોપમ. |
| કર્મનો બંધ | - | ૧૦ માં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી. |
| કર્મનો સંપૂર્ણક્ષય | - | ૧૨ માં ક્ષીણમોહ ગુણસ્થાનકે થાય. |
| કર્મ નિવારણ ઉપાય | - | દર્શન, દર્શનીની સેવા ભક્તિ શાસન પ્રભાવના કરવી, કરાવવી, અનુમોદવી. |
| પાંચ આચારમાં | - | બીજો દર્શનાચાર, અતિચારના ૮ પ્રકાર. |
| દર્શનની આરાધના | - | જપ - શ્રી કેવળદર્શન ગુણધરાય નમઃ ૐ હ્રીં નમો દંસણસ્સ |
| વિશિષ્ટ આરાધના | - | શાશ્વતી નવપદની ઓળીમાં છઠ્ઠાપદની આરાધના. |




**★ વિવરણ :**

જ્ઞાન એટલે જાણવું તે રીતે દર્શન એટલે જોવું. સમગ્ર સંસારના પદાર્થોને તેના દ્રવ્ય-ગુણ-પર્યાયને જોવા એનું નામ દર્શન.

કોઈ પણ બાંધેલું કર્મ જ્યારે ભોગવવું પડે છે. ત્યારે તેની પદ્ધતિ થોડી જુદી જુદી અનુભવાય છે. એક વાત નિશ્ચિત છે જ કે કર્મ ભોગવવું જ પડે છે. માત્ર તે હસતાં ભોગવો, પ્રસન્નતાથી ભોગવો તો ભવિષ્યમાં ફરી તે તમારી સામે નવા સ્વરૂપમાં આવતું નથી. અન્યથા આવ્યા વગર રહેવાનું નથી. આ રહી એ કર્મ ભોગવવાની ટૂંકી ને સહેલી સમજ.

૧. **ક્રિયમાન** - કર્મનો ઉદય રોજ ખાવા, પિવા, ઉંઘવા દ્વારા અનુભવાય છે.

૨. **સંચિત** - ભેગા કરેલા કર્મો (સત્તા) થોડા સમય ઊભા રહેશે. પછી એ કર્મ અનુક્રમે ઉદયમાં આવશે.

૩. **પ્રારબ્ધ** - (ઉદય-ઉદીરણા) બાંધેલું કર્મ સત્તામાં જ ઘણાં સમય સુધી હતું તે ક્રમશઃ ઉદયમાં આવે.

૪. **પ્રદેશોદય** - કર્મ ભોગવવા છતાં તેની ખબર પણ ન પડે, સરળતાથી એ કર્મ ભોગવાઈ જાય.

૫. **રસોદય** - કર્મની ભોગવતી વખતે મન ઉપર ચિંતાદિ કારણે ખોટી અસર થવી. દુઃખી થવું.

**દર્શનાવરણીય કર્મની પ્રકૃતિ :**

સામાન્ય રીતે જ્ઞાનથી ને દર્શનથી જોવાનું કાર્ય ભેગું થાય એટલે આત્મા સત્ય તત્ત્વની નજીક પહોંચી જાય. ત્યાં નથી પહોંચતું તેનું મુખ્ય કારણ જોવાની ઉણપ. કર્મસત્તા જોવાની પ્રવૃત્તિ જે રીતે કરવી છે. તે કરવા ન દે. દર્શનની ૯ પ્રકૃતિમાં પ્રથમ ૪ જોવાની શક્તિમાં વિઘ્ન-અવરોધ કરે છે. જ્યારે બાકીની ૫ પ્રકૃતિ મેળવેલી કે મળેલી શક્તિનો ઉપયોગ કરતાં રોકે છે. એ ૪+૫=૯ પ્રકૃતિ નીચે મુજબ છે.

(૧) **ચક્ષુ દર્શનાવરણીય :** ચક્ષુ અને મન દ્વારા જોવાનું કાર્ય થાય છે તે ચક્ષુદર્શન. તેને આવરણ કરાવનારું કર્મ તે ચક્ષુ દર્શનાવરણીય.

(૨) **અચક્ષુ દર્શનાવરણીય :** ચક્ષુ સિવાયની બાકીની ૪ ઈન્દ્રિય અને મનથી જે કાર્ય થાય છે તે અચક્ષુદર્શન. તેને આવરણ કરાવનારું કર્મ તે અચક્ષુ દર્શનાવરણીય.

(૩) **અવધિ દર્શનાવરણીય :** ઈન્દ્રિય અને મનની સહાયતા વિના આત્માને સ્વાભાવિક રૂપી દ્રવ્યનું જ્ઞાન થાય છે તે અવધિદર્શન.તેને આવરણ કરાવનારું કર્મ તે અવધિ દર્શનાવરણીય.

(૪) **કેવળ દર્શનાવરણીય :** કેવળ દર્શન દ્વારા વસ્તુમાત્રનું સામાન્ય દર્શન આત્માને થાય છે. તે ક્રિયામાં રૂકાવટ જે કરે તે.

ઉપરના ચારે કર્મને મતિ-શ્રુત-અવધિ અને કેવળજ્ઞાનની સાથે ગાઢ સંબંધ છે. અર્થાત્ જોવાનું જાણવાનું કાર્ય એક સાથે થાય પણ આ કર્મ તેમાં રૂકાવટ કરી દે છે.★

(૫) **નિદ્રા :** માત્ર ધીમો આવાજ સાંભળી જાગી જવાય તેવી (કૂતરાં જેવી) ઉંઘ.


(૬) **નિદ્રા-નિદ્રા :** કુંભકરણ જેવી ઢંઢોળવા છતાં જલદી ન જાગે તેવી ઉંઘ.

(૭) **પ્રચલા :** બેઠા બેઠા અથવા ઊભા-ઊભા આવતી નિદ્રા-ઉંઘ.

(૮) **પ્રચલા-પ્રચલા :** ચાલતાં ચાલતાં જે નિદ્રા આવે તે. બળદ-ઘોડાની જેમ.

---

★ મનઃપર્યવજ્ઞાન વિશેષ બોધ રૂપે થતું હોવાથી દર્શનાવરણથી અલગ પડે છે.




(૯) **થિણદ્ધિ :** દિવસે ચિંતવેલા કાર્ય અતિ બળપૂર્વક ઉંઘમાં ને ઉંઘમાં કરી આવે છતાં પોતાને જાગે ત્યારે ખબર પણ ન હોય તેવી ગાઢ નિદ્રા. સાર - છેલ્લી જે પાંચ પ્રકૃતિ છે તે નિદ્રા (પ્રમાદ)ની સાથે સંકળાયેલી છે. અને તે જોવા માટેની ક્રિયામાં વિઘ્ન કરે છે. જે દિવસે આ વિઘ્નકર્તા નિદ્રા નબળી થશે તે દિવસે આત્મા સંપૂર્ણ દર્શન પ્રાપ્ત કરવામાં પ્રગતિ કરશે. અર્થાત્ અપ્રમત્ત અવસ્થા કેવળદર્શન સુધી પહોંચાડે છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયો (સ્પર્શ, રસ, ગંધ, જોવું, સાંભળવું) દ્વારા જો વીતરાગ પરમાત્માની ઉપાસના કરવામાં આવે અર્થાત્ 卐સ્પર્શેન્દ્રિય દ્વારા તીર્થની સ્પર્શના યા પ્રભુની પૂજા વિ. રસનેન્દ્રિય દ્વારા વીતરાગીના ગુણસ્તવના પ્રાર્થના-ભક્તિ પૂજ્યભાવે થાય. ઘ્રાણેન્દ્રિય ગંધ દ્વારા પ્રસન્નતા, ચક્ષુરેન્દ્રિય દ્વારા તારક-ઉપકારક વીતરાગ જિનેશ્વર દેવના દર્શન જો કરવામાં આવે, શ્રોતેન્દ્રિય દ્વારા વીતરાગની કલ્યાણકારી વાણીનું પૂજ્યભાવે શ્રવણ થાય તો મનુષ્યભવ સફળ થઈ જાય. કાયા લક્ષણવંતી વારંવાર પ્રાપ્ત થાય અને કર્મ બંધના બદલે કર્મ ક્ષય કરવાની તક મળે.

દર્શનાચારના આઠ આચારોનું વર્ણન નાણમ્મી સૂત્રની ત્રીજી ગાથામાં આવે છે તેનો ટૂંકો વિચાર નીચે મુજબ છે.

નિસ્સંકિય નિક્ખંકિઅ, નિવિતિગિચ્છા અમૂઢ દિટ્ઠી અ ।
ઉવવૂહ થિરિકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ ।।

**અર્થ :** દર્શનાચારના આઠ આચારો ૧. શંકારહિતપણે (ઉંબર રાણો), ૨. આકાંક્ષા વગર, ૩. ધૃણા કર્યા વિના (ચાંડાલ), ૪. પર ધર્મમાં માહિત થયા વિના (સુલસા

卐 જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે તે દ્રષ્ટિને પણ ધન્ય છે.

શ્રાવિકા), ૫. ગુણવાનની પ્રશંસા કરીને, ૬. ધર્મમાં સ્થિર બનીને (મેઘકુમાર), ૭. સહધર્મીની ભક્તિ કરવી (પુણીયા શ્રાવક), ૮. ધર્મની પ્રભાવના કરવી (વજસ્વામી) એમ ૮ આચારોનું યથાયોગ્ય પાલન કરવું જોઈએ.

દર્શન-જ્ઞાનને એક કલ્પનાથી બે ભાઈ જેવા કહી શકાય. છદ્મસ્થ અવસ્થા જ્યાં સુધી હોય ત્યાં સુધી સાથેને સાથે જ હોય શ્રદ્ધાની મજબુતાઈ જીવનમાં વધારવી પડે. જ્યારે શ્રદ્ધાની ભૂમિકા વધે ત્યારે કર્મ ક્ષય-વિનાશ થાય અને જ્ઞાનની માત્રા વધવા લાગે. તેથી તત્ત્વાર્થ ગ્રંથમાં સૂત્રકારે 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષ માર્ગઃ' કહ્યું. તે જ રીતે જ્યારે આત્મા અનંતજ્ઞાનનો સ્વામી થયો ત્યારે પહેલી ક્ષણે 'કેવળજ્ઞાન' અને બીજી ક્ષણે 'કેવળ દર્શન' બતાડ્યું.

સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જે જીવ હળુકર્મી હોય, પાપભીરૂ હોય, વ્રત પચ્ચકખાણ કરવાનો-સ્વીકારવાનો અનુરાગી હોય, સત્યશોધક ઉપાસક-આરાધક હોય. ટૂંકમાં સુદેવ-સુગુરુ-સુધર્મ પ્રત્યે દ્રઢ માન્યતા-શ્રદ્ધા રાખનારો હોય એ જીવને સમ્યગ્દર્શન-સમકિત પ્રાપ્ત થાય. પરિણામે દર્શનાવરણીય કર્મનો ક્ષય કરતાં તેને વાર ન લાગે. શાસ્ત્રોમાં સમકિતને ઓળખાવનારા *પાંચ લક્ષણ અને જૂદા જૂદા ૧૯ ભેદ દર્શાવ્યા છે.

સમ્યગ્જ્ઞાન-માટે જેમ જ્ઞાનની આરાધના અનિવાર્ય જરૂર છે. તેમ દર્શન માટે વીતરાગ પરમાત્માની સેવા-આજ્ઞા પાલન જરૂર છે. સાથોસાથ દર્શનથી જીવને સામાન્ય બોધ (ઝાડ છે, મકાન કે માનસ છે તેવો) થાય અને જ્ઞાનથી જીવને સામાન્ય બોધમાં વધારો એટલે વિશેષ બોધ (આંબાનું ઝાડ છે, ધર્મશાળાનું મકાન કે રાજા-શેઠ-શ્રાવક વિ. છે તેવો) થાય. આ રીતે બોધ થયા પછી હેય-જ્ઞેય-ઉપાદેયની વિચારધારા પાપથી બચાવે. બંધાયેલા કર્મનો ક્ષય કરવા સમભાવે સહન કરવાની તક આપે. દવા એક અઠવાડિયું જો લેવામાં આવે તો રોગ-અશાતા દૂર થાય. તેમ અહીં સમજવું. •દર્શનની શુદ્ધિ માટે અતિચારની આઠ ગાથામાં ત્રીજી ગાથામાં ૮ આચાર કહ્યા છે.

દર્શનથી દ્રષ્ટિ સુધરે, દ્રષ્ટિદોષ દૂર થાય એ વાત જળકાંત મણિના પ્રયોગથી જેમ પાણીમાં રહેલ મેલ દૂર થાય, ફટકડીના સહારે પાણી શુદ્ધ થાય તેમ સરળતાથી સમજાઈ જશે. ઘુવડને દિવસે દેખાતું નથી, રાત્રે જ એ જોઈ શકે છે. તેમાં કર્મ વિજ્ઞાનને જ અપનાવવાનું છે. દ્રષ્ટિમાં જ ખામી સ્વીકારવી પડે. દર્શનમાં લોકિક ધર્મથી બચવું જોઈએ અને લોકોત્તર ધર્મમાં જવું જોઈએ.

વીતરાગ પરમાત્માના દર્શન કરતાં જો દ્રવ્ય-ગુણ-પર્યાય અને મુદ્રાના સિદ્ધાંત નજર સામે રાખવામાં આવે તો દર્શનની શુદ્ધિ થાય. આંખમાં જેને મોતીયાની બિમારી

* શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યપણું. • નિસ્સંકિ અ, નિકંખિ અ વિગેરે.

થઈ હોય તેને મોતીબિંદુને દૂર કરવાનો પ્રયત્ન કરવો પડે. તેમ સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે મિથ્યાત્વથી દૂર થવા પ્રયત્ન કરવો જરૂરી છે.

ષડ્રસ ભોજન ઉત્તમ પ્રકારે બનાવાયું હોય પણ પીરસનારના જો હાથ ધ્રુજતાં હોય તો ભોજનની મજા મારી જાય. તેમ સુદેવ-ગુરુ-ધર્મતત્ત્વ સંપૂર્ણ લાભદાઈ હોય પણ સ્વીકારનારમાં ખામી હોય તો તે સમ્યગ્દર્શન દર્શન શુદ્ધિ સુધી ન પહોંચે. એકેન્દ્રિયથી તેઈન્દ્રિય સુધીના જીવો તેથી ચક્ષુ વિહીન હોય છે.

## ★ દર્શનાવરણીય કર્મ કેવી રીતે બંધાય ?

★ અનુચિત (વિષય-વિકાર પોષક) સાહિત્ય વાંચવા-જોવાથી.

★ વીતરાગ પ્રત્યે અહોભાવ ન રાખવાથી.

★ જ્ઞાન-જ્ઞાનીની જેમ દર્શન પ્રત્યે સમજવું.

★ દર્શનાચારના ૮ અતિચાર કે ૯ પ્રકૃતિનો સહવાસ કરવાથી.

## ★ દર્શનાવરણી કર્મ ન બંધાય તે માટે :

★ વીતરાગ પ્રત્યે તેઓના દર્શન પ્રત્યે પૂજ્યભાવ રાખવો. સમ્યગ્દર્શની જીવો સાથે સારો વ્યવહાર કરવો.

★ ધર્મની અનુમોદના કરવી, રાગ-દ્વેષ કષાયો ન કરવા, ઘટાડવા.

★ કીડી-મચ્છરાદિના ઉપદ્રવો સમભાવે સહન કરવા. જયણા પૂર્વક ઉપદ્રવ દૂર કરવા.

★ ઉંઘ-નિદ્રામાં ઘટાડો કરવો. જાગૃતિ રાખવી. ૧૩ કાઠીયાથી દૂર રહેવું.

★ વિચારોની પરિણામની ભાવનાની શુદ્ધિ કરવા સત્સંગ કરવો.

★ સારું શાસ્ત્ર વાંચન કરવું. ટી.વી. વી.સી.ડી., નોવેલથી દૂર રહેવું.

★ સમકિતના ૬૭ બોલ (પ્રકાર) નજર સામે રાખી જીવન જીવવું.

★ જ્ઞાનવરણીયની જેમ દર્શનાવરનીય કર્મ ન બંધાય તેવી ચિંતા-કાળજી રાખવી.

## ★ દર્શનાવરણના આરાધક-વિરાધક :

★ ૧૫૦૦ તાપસ - ૫૦૦ સમવસરણ જોતાં ૫૦૦ સમવરસરણની પાસે પહોંચતા અને ૫૦૦ પ્રભુને પ્રદક્ષિણા આપતાં કેવળી થયા.

★ નાગકેતુ - વીતરાગ પ્રભુની પુષ્પપૂજા કરતાં કેવળી થયા.

★ પુણ્યાઢ્ય રાજા - વીતરાગ પ્રભુના ભાવથી દર્શન કરતાં કેવળી થયા.

★ મરૂદેવમાતા - પૂત્રની રીદ્ધિ સિદ્ધિ જોઈ મોહને ધીકકારતાં કેવળી થયા.

★ દુર્ગતાનારી - પુષ્પપૂજા કરતાં એકાવતારી થયા.

★ સંપ્રતિરાજા - સવા લાખ જિનમંદિર, સવા કરોડ મૂર્તિ બનાવી-ભરાવી તરી ગયા.

★ જમાલી - પ્રભુવીરની ધર્મદેશનામાં સંશય રાખી ભ્રષ્ટ થયા.

★ ખંધકમુનિ - ભાઈઓ ! તમને મુશ્કેલી ન પડે તે રીતે ઊભો રહું. તેમ કહી સમતાથી ઉપસર્ગ સહન કર્યો.

## ★ દર્શનાવરણ કર્મના ૯ ભેદની વ્યાખ્યા :

વસ્તુના સામાન્ય બોધને દર્શન કહેવાય છે. જેમકે "આ કંઈક છે, તે દર્શન કહેવાય છે, તેને રોકનાર કર્મ દર્શનાવરણ કહેવાય છે, તેના ૯ ભેદ છે.

૧) **ચક્ષુ દર્શનાવરણ :** આંખ દ્વારા થતા સામાન્ય બોધ (દર્શન)ને રોકનાર કર્મને ચક્ષુદર્શનાવરણ કહેવાય.

૨) **અચક્ષુ દર્શનાવરણ :** આંખ સિવાય શેષ ૪ ઈન્દ્રિયો દ્વારા થતા સામાન્ય બોધ (દર્શન)ને રોકનાર કર્મ અચક્ષુદર્શનાવરણ કહેવાય.

૩) **અવધિ દર્શનાવરણ :** રૂપીદ્રવ્યના સાક્ષાત્ સામાન્ય બોધને રોકવાવાળું કર્મ અવધિદર્શનાવરણ કહેવાય.

૪) **કેવલ દર્શનાવરણ :** જગતના સમસ્ત પદાર્થોના દર્શનને રોકનારું કર્મ કેવલ દર્શનાવરણ કહેવાય.

૫) **નિદ્રા :** જેનો ઉદય થતાં સુખપૂર્વક જલ્દી જાગી શકે, તે નિદ્રા દર્શનાવરણ કહેવાય.

૬) **નિદ્રા-નિદ્રા :** જેનો ઉદય હોવાને કારણે કષ્ટપૂર્વક જાગી શકે, તે નિદ્રાનિદ્રા દર્શનાવરણ કહેવાય.

૭) **પ્રચલા :** જેનો ઉદય હોવાથી ઊભા-ઊભા કે બેઠાં બેઠાં ઊંઘ આવે, તે પ્રચલા દર્શનાવરણ કહેવાય.

૮) **પ્રચલા-પ્રચલા દર્શનાવરણ :** જેનો ઉદય હોવાના કારણે ચાલતાં-ચાલતાં ઊંઘ આવે, તે પ્રચલાપ્રચલા દર્શનાવરણ કહેવાય.

૯) **સ્ત્યાનર્ધિ :** જેના ઉદયથી દિવસે વિચારેલું કઠોર કાર્ય ઊંઘમાં કરી લે. આ અવસ્થામાં છેલ્લા સંઘયણવાળી વ્યક્તિને બીજા કરતાં બેગણી કે ત્રણગણી શક્તિ હોય.

## ★ સુવાક્યો :

★ જ્ઞાન અને દર્શન એ મોક્ષ રથના બે પૈડાં છે.

★ મિથ્યાત્વ દર્શનના આવરણ વધારે, સમ્યકત્વ ઘટાડે છે.

★ અંધ-અપંગ ઈષ્ટ સ્થાન પામે તેમ જ્ઞાન-દર્શન છે.

## ★ સરળ પ્રશ્નો :

૧. દર્શન જ્ઞાનનો પરસ્પર સંબંધ બતાડો ?

૨. દર્શનાવરણીય કર્મનો પરિચય આપો ?

૩. દર્શનાવરણીય કર્મના ૨ આરાધક - ૩ વિરાધક બતાડો ?

૪. દર્શનાવરણીય કર્મની કઈ ૫ પ્રકૃતિ તમારા જીવન સાથે સંકળાઈ છે ?

## ★ ઉપસંહાર :

શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતધારી હતા. જીવનમાં અશ્રદ્ધા થાય, ધર્મની નિંદા કરવાની તક મળે તેવા પ્રસંગો આવ્યા. પણ દ્રઢ શ્રદ્ધાવાન વિચારોમાં સ્થિર આત્મા સમકિતથી ચલાયમાન ન થયા. દરેક ક્ષણે જીવ કર્માધીન છે. જે કર્મે શૂરા તે ધર્મે શૂરા એવું માનનારા થયા હતા.

દર્શનાવરણીય કર્મ ધર્મી જીવને ચળવિચળ કરે. સાચું છે કે કેમ એમ વિચાર વમળમાં ભમાવે પરંતુ કટોકટીના ક્ષણે જે ધીર ગંભીર બને તેનો અર્ધ પુદ્‌ગલ પરાવર્તન કાળ (જન્મ મરણનાં ચક્કર) ઘટી જાય. સંસાર ઘટે એટલે થોડો-ઘણો પુરુષાર્થ કરો તો કેવળજ્ઞાન-મોક્ષ દૂર નથી. જ્ઞાનથી સંસારમાં કેવી રીતે જીવવું તેનું જ્ઞાન ખપી આત્માને થાય. જ્યારે દર્શનથી સંસારના સ્વરૂપને જોવા-જાણવા ચાન્સ મળે છે.

દર્શનાવરણીય કર્મના ઉદયે જીવો આંધળા-બહેરા-લૂલા લંગડા-ખામીવાળા શરીરધારી બને છે. સ્પર્શ-રસ-ઘ્રાણ ઈન્દ્રિયોના વિષયો પણ સંતોષકારક કામ કરી શકતા નથી. માટેજ બોલવા-જોવામાં જ્ઞાનીઓ વિવેક રાખવાનું કહે છે.

રાજહંસ પક્ષી દૂધ-પાણીને પોતાની વિશિષ્ટ શક્તિથી જૂદા કરી માત્ર દૂધ પી લે છે. શૃંગીમચ્છ સમુદ્રમાં જ વસે છે. છતાં પીવા માટે શુદ્ધ જળ શોધી લે છે. તે ઉત્તમ ધર્મી આત્માઓ સંસારમાં ભલે રહેતા હોય છતાં સમ્યગ્‌દૃષ્ટિના કારણે એ જન્મ-મરણ ઘટે એ રીતે આચાર વિચાર પાળે છે.

✤

# ૩. મોહનીય કર્મ...

**★ મિતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | વીતરાગતા, અનંતચારિત્ર. |
| કર્મનું નામ | - | ઘાતીકર્મ અંતર્ગત ત્રીજું મોહનીય કર્મ. |
| મૂળ પ્રકૃતિ | - | ●૨, *પ્રભેદ - ૨૮ |
| કર્મનો ઉદય | - | સંસાર પ્રત્યે ગાઢ અનુરાગ. |
| કર્મનું ઉદાહરણ | - | દારૂ પીધેલા માણસ જેવું. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ. |
| કર્મનો બંધ | - | ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણ સ્થાનકે અટકે. |
| કર્મનો સંપૂર્ણક્ષય | - | ૧૨મા ક્ષીણમોહ ગુણસ્થાનકે થાય. |
| કર્મનિવારણ ઉપાય | - | ત્યાગ, વૈરાગ્ય ભાવના, વૈયાવચ્ચ. |
| પરિષહ | - | ૧ થી ૯ ગુણસ્થાનક સુધીમાં ૮ પરિષહ જીતવા. |
| મંત્ર-જાપ | - | શ્રી ક્ષાયિક સમકિત ગુણધરાય નમઃ |




**अहं ममेति मन्त्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ।**
**अय मेवहि नयपूर्व, प्रतिमंत्रोऽपि मोहजित् ।।** (જ્ઞાનસાર)

**★ વિવરણ :**

તાત્વિક શિરોમણી મહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મહારાજા જ્ઞાનસાર નામના અષ્ટક ગ્રંથના ચોથા અષ્ટકના એક શ્લોકમાં મોહનીય કર્મને જીતવા માટે સરળ ઉપાય બતાડતાં ટૂંકમાં કહ્યું, અહં અને મમ મંત્રે જગતને અંધ કરી દીધો છે. તેમાંથી બહાર નિકળવા નકારાત્મક 'ના અહમ્', 'ના મમ' નો મંત્ર અસરકારક રામબાણ ઉપાય છે. કર્મ વિજ્ઞાનમાં તેથી જ મોહનીય કર્મને રાજાની અને બાકીના સાત કર્મને મંત્રીની ઉપમા આપી છે.

---

● દર્શનીય મોહનીય ૩ : ૧. મિથ્યાત્વ, ૨. મિશ્ર અને ૩. સમકિત, ચારિત્ર મોહનીયના (૨૫) ૧ થી ૧૬ કષાય અને ૧૭ થી ૨૫ નવ નોકષાય.

સંસાર-જગતના સ્વરૂપને જ્ઞાન દ્વારા સમજ્યા પછી અને દર્શન દ્વારા જાણ્યા પછી તમારું જીવન વેડફાઈ ન જાય, જીવનની દરેક ક્ષણ મૂલ્યવાન બની જાય. તમારા મનનું કોઈ હરણ કરી ન બેસે તે માટે ત્રીજા ચરણમાં મોહનીય કર્મની મુલાકાત લઈ રહ્યા છીએ. મોહનીય કર્મ નશ્વર વસ્તુમાં માનવીને લોહચુંબકની જેમ ખેંચી જાય છે. રાગદશાના કારણે યા શરીરાદિના મોહના કારણે આ જીવ ક્ષણીક સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. પણ ક્ષણીક સુખ એ ક્ષણીક જ કહેવાશે.

આ કર્મ સમ્યગ્‌દર્શન અને (સમ્યગ્) ચારિત્રને રોકે છે. તેની મુખ્ય બે પ્રકૃતિ પ્રભેદ ૩+૨૫=૨૮ આગળના પાનાની ફૂટનોટ મુજબ જાણવા.

**(૧) દર્શન મોહનીય ના પ્રભેદ-૩ :**

૧. **મિથ્યાત્વ મોહનીય** - જે કર્મના ઉદયથી વીતરાગ કથિત તત્ત્વો પર રૂચિ ન થાય અને અતત્ત્વો ઉપર રૂચિ (લાગણી) થાય.

૨. **મિશ્ર મોહનીય** - જે કર્મના ઉદયથી વીતરાગના તત્ત્વો ઉપર રૂચિ પણ થાય અને અરૂચિ પણ થાય. (રોગી મનુષ્યને ખાવાની ઈચ્છા પણ થાય ને અરૂચિ પણ થાય.)

૩. **સમ્યક્ત્વ મોહનીય** - વીતરાગ કથિત તત્ત્વો ઉપર સંશય (શંકા) થઈ જાય છે. છતાં એ જીવ ક્ષાયિક સમ્યક્ત્વથી દૂર રહે પણ ક્ષયોપશમિક સમ્યક્ત્વવાન હોઈ શકે છે.

ટૂંકમાં દર્શન મોહનીય વીતરાગને તેના દર્શનને ઓળખવા ન દે. અનેક વખત શુદ્ધ દર્શનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે પ્રાપ્ત પણ થાય પરંતુ આગળ વધવા ન દે. સફળ થવા ન દે.

**(૨) ચારિત્ર મોહનીય - પ્રભેદ-૨૫ :**

**(૧) સોળ કષાય :** ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો (દુર્ગુણો) છે. તેથી જીવ કષાયી થાય. તે પ્રત્યેકના ૧. અનંતાનુંબંધી, ૨. અપ્રત્યાખ્યાની, ૩. પ્રત્યાખ્યાની અને ૪. સંજ્વલન એવા ૪x૪=૧૬ ભાંગા છે.* તે કારણે ક્રમશઃ જીવનમાંથી સુકૃત્યો દૂર થાય અને દુષ્કૃત્યોનો પ્રવેશ થાય. એનો અર્થ એ જ કે સંસાર વધે.

અસાર સંસારના ભયંકર સ્વરૂપને વર્ણવતા રત્નચૂડ રાજપૂત્રની કથા પણ આજ રીતે જાણવા જેવી છે. રાજપૂત્ર દેશાવર જઈ પૈસા કમાવવા ઈચ્છે છે. પણ ચાર ધૂતારા તેની ઈચ્છા પૂર્ણ થવા દે એમ નથી. છતાં એ સફળ થાય છે કારણ, સમ્યગ્‌જ્ઞાન અને ત્યાગ ભાવના.

જેમ મોહના કારણે જીવનમાં કષાય જન્મે છે. તેમ નોંકષાય પણ વિચારોને દુષિત

કરે છે. વિચાર દુષિત એટલે જીવનનો મોહનીય કર્મમાં પ્રવેશ. જે વસ્તુ મનને ન ગમે તે ખરાબ આવી વ્યાખ્યાના કારણે સારું પણ ખરાબ થાય અને ખરાબ પણ સારું થાય-સમજાય.

(૨) નવ નોકષાય : હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-દુર્ગંછા-સ્ત્રી વેદ-પુરુષ વેદ અને નપુંસક વેદ આ નવ નોકષાય કહેવાય છે. એના કારણે સંસાર વિના કારણે કલુષિત થાય છે. ક્રમશઃ નિકાચિત કર્મનો બંધ પણ કરે છે. ઉપરાંત અધિક માત્રામાં જો કષાય કરે તો એ જીવના માટે નરકગતિના દ્વાર પણ ખુલ્લાં થઈ જાય છે. આ રહ્યો એ નોકષાયનો અલ્પ પરિચય.


૧. હાસ્ય મોહનીય : જેના ઉદયથી, નિમિત્તથી કે નિમિત્ત વગર હસવું આવે. (મશ્કરી યા ખુશામત રૂપે જો હાસ્ય કરે તો કષાય થાય. મુનિ હાસ્યના કારણે અવધિજ્ઞાનથી વંચિત થયા.)

૨. રતિ મોહનીય : જેના ઉદયથી મનપસંદ વસ્તુ ઉપર પ્રીતિ થાય. (પ્રિય ભોજન પ્રજાપાલ રાજાને સુરસુંદરી ઉપર પ્રીતિ થયેલ.

૩. અરતિ મોહનીય : જેના ઉદયથી મનને અપસંદ વસ્તુ ઉપર અપ્રીતિ થાય. (અપ્રિય ભોજન પ્રજાપાલ રાજાને મયણાસુંદરી ઉપર અપ્રીતિ થયેલ.)

૪. ભય મોહનીય : જેના ઉદયથી નિમિત્ત-અનિમિત્તથી મનમાં ભય પેદા થાય.

૫. શોક મોહનીય : જેના ઉદયથી જીવ ઈષ્ટના વિયોગમાં રડે-વિલાપ કરે, માથું કુટે.



૬. દુર્ગંછા મોહનીય : જેના ઉદયથી જીવને સારી-નરસી વસ્તુ ઉપર દુર્ગંછા થાય. (શ્રીકૃષ્ણ મહારાજાએ મરેલી-સડેલી કૂતરીની દુર્ગંધ સમભાવે સહન કરી.)

૭. પુરુષવેદ : જેના ઉદયથી સ્ત્રીને ભોગવવાની ઈચ્છા થાય.

૮. સ્ત્રીવેદ : જેના ઉદયથી પુરુષને ભોગવવાની ઈચ્છા થાય.

૯. નપુંસક : જેના ઉદયથી સ્ત્રી-પુરુષ બન્નેને ભોગવવાની ઈચ્છા થાય.

કર્મનો બંધ જ્યારે થાય છે ત્યારે જીવના પરિણામ મુખ્ય ભાવ ભજવે છે. મોહનીય કર્મ જેમ અંતરાય કર્મ બધે લાગુ પડે અસર કરે છે. તેવું અસરકારક છે. સંયમ લેવું હોય, દાન આપવું હોય કે તપ કરવું હોય, દરેક સ્થળે મોહનીય કર્મ નડે છે. તેથી તેના ચાર ભેદ (ચઉઠાણીયા રસ) નડે છે.

કષાયોને શાસ્ત્રમાં ૩ નાગ અને એક નાગણીની ઉપમા આપી છે. એ વાત દેવગતિનો જીવ વસુદેવ અને મનુષ્યગતિનો જીવ નાગદત્તના દ્રષ્ટાંતથી સમજીએ.

તપ-જપના પ્રભાવે દેવગતિને પામેલા બે મિત્રદેવે એક દિવસ પરસ્પર નક્કી કર્યું કે, જે દેવ ચ્યવીને મનુષ્યગતિને પામે તેને ધર્મથી ચલીત થયેલો જોઈ ખાસ બીજા દેવવાસી મિત્રદેવે મનુષ્ય લોકમાં જઈ પોતાના મિત્રને પ્રતિબોધ પમાડવો.

બનવાકાળ એક દેવ ચ્યવીને મનુષ્યગતિમાં ગાંધર્વ નાગદત્ત નામે જન્મ્યો. જીવનમાં આનંદ પ્રાપ્ત કરવા સંગીતના સહારે એ ઘણાં સર્પ ભેગા કરતો હતો. દેવગતિના મિત્રને નાગદત્તની આ બાળક્રિડા જોઈ દુઃખ થયું. નક્કી કર્યા મુજબ મનુષ્ય લોકમાં આવી નાગદત્તની સામે પોતાના ચાર સર્પ બતાડી તેની સાથે સર્પક્રિડા કરાવવા આવ્હાન કર્યું.

દેવગતિના મિત્રે પોતાની સાથે લાવેલા ચાર સર્પનો પરિચય આપતાં કહ્યું કે, પહેલો સર્પ સૂર્ય જેવો લાલ વર્ણવાળો ભયાનક છે. એની દાઢમાં કાતિલ ઝેર (ચંડકૌશિક સર્પ જેવું) છે. અગ્નિની જ્વાલા ફેંકનારો કાળમુખી અનેકને મરણને શરણ આપનારો છે. ઘણાં એને દ્વેષી કે ક્રોધી જેવા નામથી ઓળખે છે. બાકીના ત્રણે સર્પને પ્રસંગ આવે તો એ મદદ પણ કરે છે.

બીજો અહં-માન નામનો ૮ મદને યાદ કરાવનાર આઠ ફણાવાળો અજગર છે. જેને એ કરડે તેને બેચૈન બનાવી દે છે. પોતાની શક્તિનું તેને ઘણું અભિમાન છે.

ત્રીજી નાગણ છે. સ્વસ્તિકના ચિહ્નવાળી ચંચળ વૃત્તિવાળી છે. સ્ત્રી જાતિની બધી જ કલા જાણે છે. ભલભલા ચતુર પુરુષો તેના દર્શનથી મુંઝાઈ જાય છે. ભલે એ દેખાવમાં સુકોમળ છે પણ એટલી જ ક્રુર છે. તેની પકડમાંથી છૂટવા પ્રયત્ન કરનારો વધુ ફસાઈ જાય છે. તેને બધા માયા-નાગણ એવા નામથી ઓળખે છે.

ચોથો સર્પ એવી જાતિમાં જન્મ્યો છે કે, આખું જગત તેના પ્રભાવ નીચે પરવશ-

પરાધિન બની ગયું છે. તેથી દર વર્ષે તેના પૂજા પણ માનવી કરે છે. અગ્નિ, સ્મશાન કે પેટનો ખાડો જેમ કોઈ દિવસ પૂરાતો નથી તેમ એ પણ પોતાના સ્વભાવથી અતૃપ્ત છે. પહેલાના ત્રણે (સર્પ-નાગણ) આના ઈશારે નાચતા હોય છે. સંસારમાં આઠ પ્રકારના જે અંધ છે, તેમાંનો આ આંખ છતાં અંધ છે. મતલબીયો બહેરો છે.

નાગદત્ત હવે બોલ. મારી આ ચંડાળ ચોકડી જેવા સર્પની સામે તારી પાસે કોઈ ટકી શકે તેવા તાકાતવાન સર્પ છે ? એક વાત યાદ રાખજે કે હાર અથવા જીતનું જે પરિણામ આવશે એ તારે કે મારે ભોગવવું પડશે. પછી તેમાં તારું કે મારું કાંઈ ચાલશે નહિ. નફો ઘણો ને નુકસાન પણ ઘણું.

નાગદત્ત એક ક્ષણ વિચારમાં પડી ગયો. છતાં હિંમત રાખી બાજી રમવાની હા પાડી. વસુદત્તે પોતાના નાગને જાગ્રત કરી છૂટા કર્યા ત્યાં જ અકળાઈ ગયેલા સર્પે સંસારની માયામાં વલોવ્યું પાણીની જેમ નાગદત્તના સર્પને તો ઠીક નાગદત્ત ઉપર જ પ્રહાર કરી બેભાન કરી નાખ્યો. પાસે ઉભેલા બધા જ ગભરાઈ ગયા. વસુદત્તને બાજી સુધારવા આજીજી કરવા લાગ્યા. વસુદત્તને તે જ જોઈતું હતું. બધા ભાઈઓ સમક્ષ તેણે એક શરત મૂકી કે, જો સાજો થાય-કરું તો તેણે સંસારનો ત્યાગ કરી સંયમના પંથે પ્રભુવીરના ચરણે જવું પડશે.

બધાએ વિચાર કર્યો કે, મર્યા કરતાં જીવવું સારું. એટલે હા પાડી અને તરત જ દેવમાયાવાળા વસુદત્તે સામાન્ય વિધિ કરી પોતાના સર્પોને કાબુમાં લીધા. એજ ક્ષણે નાગદત્ત આળસ મરડીને ઊભો થઈ ગયો.

ટૂંકમાં એ ચાર સર્પ-નાગ કષાયો છે. જીવ કારણે કે વિના કારણે મોહને વશ થઈ ઈચ્છાએ કે અનિચ્છાએ કષાયો કરે છે. જન્મ-મરણ વધારે છે. તેમાંથી છૂટવા-બચવા કે તરવાનો એક માત્ર માર્ગ સંસાર ત્યાગ છે.

**અક્ખાણરસણી કમ્માણમોહણી, વયાણ તહચેવ બંભવયં ।**
**ગુત્તીણ મન ગુત્તીય ચઉરો દુકખેણ જિયન્તિ ।।**

**અર્થ :** ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મમાં મોહનીય કર્મ, વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિમાં મનગુપ્તિ એ ચારને જીતવા દુર્લભ છે.

શાસ્ત્રકારોએ ઉપરના શ્લોક દ્વારા સાચુ જ કહ્યું છે, કે આઠ કર્મમાં મોહનીય કર્મને વશ કરવો ઘણો દુષ્કર છે. મોહ એટલે રાગદશા. ભ. મહાવીર પ્રત્યે ગૌતમસ્વામીને પ્રશસ્તરાગ હતો તેથી પ્રભુના નિર્વાણ પછી જ વીતરાગદશાનું જ્ઞાન થતાં તે કેવળજ્ઞાની થયા. એ કારણે જ જ્યાં રાગદશાનું પોષણ થતું હોય, પરિણામ બગડી જતા હોય તેવા સ્થળે નિવાસ ન કરતાં જંગલમાં વસવું હિતકારક છે. એમ 'ધર્મ રત્ન પ્રકરણ' ગ્રંથમાં કહ્યું છે.

આ જીવને ચારિત્ર-સંયમ લેવું છે પણ લઈ શકાતું નથી. જન્મ મરણ સંયમ ન લે તો વધશે અથવા દુ:ખમાં આર્તધ્યાન કરી નવા પાપનો બંધ થશે એ જાણવા છતાં છૂટતું-મૂકાતું નથી. કારણ મોહનીય કર્મ. જ્યાં સુધી રાગદશા-મોહ ઘટે નહિં ત્યાં સુધી કલ્યાણના માર્ગે ચઢાય નહિં. મોહનીય કર્મ 'તાવ' જેવો છે. જ્યાં સુધી શરીરમાં તાવ હોય ત્યાં સુધી કાંઈ પણ ખાવાનું કે કામ કરવાનું સુઝે નહિં. તેમ મોહનીય કર્મના ઉદયે સાચું, સારું, હિતકારી પણ ગમે નહિં.

### ★ મોહનીય કર્મ કેવી રીતે બંધાય ?

★ વધારે પ્રમાણમાં ક્ષણિક આનંદ કે સુખનો ભોગવટો કરવાથી.

★ દુ:ખ-શોક-વિલાપ કરવાથી.

★ વીતરાગ પરમાત્માથી અલિપ્ત (દૂર) થવાથી.

★ આપઘાત, ભાગી જવું, ઝેરપીવું, વિ. રાગના કારણો કરવાથી.

★ પશુ-પક્ષી અથવા જડ વસ્તુ પ્રત્યે આકર્ષાઈ અનિચ્છનીય પ્રવૃત્તિ કરવાથી.

### ★ મોહનીય કર્મ ન બંધાય તે માટે :

★ સંસારમાં સાક્ષી ભાવે જીવવાથી.

★ વીતરાગ પ્રભુનું શ્વાસે શ્વાસે નામસ્મરણ કરવાથી.

★ આનંદ-સુખ ત્યજવા જેવું છે એમ વિચારવાથી.

★ જ્યાં ભવિષ્યમાં દુ:ખ છે તેવી પ્રવૃત્તિ ત્યજવાથી.

★ સ્વીકારવા જેવું સંયમ છે એ વાત મનથી માની લેવાથી.

### ★ મોહનીયકર્મ કેવી રીતે ખપે ?

★ નિર્વેદી પ્રભુની વિશિષ્ટ સાધના-આરાધના કરવાથી.

★ મોહ રોગ છે એવી દ્રષ્ટિ કેળવવાથી.

★ કષાયો ન કરવાથી. તેના ઉત્પત્તિસ્થાનથી દૂર રહેવાથી.

★ કોઈપણ કારણે કે વિના કારણે નોકષાયથી દૂર રહેવાથી.

★ ચાર શરણા જ સ્વીકારવા લાયક છે બીજા ત્યજવા લાયક છે.

### ★ મોહમાં રાચનારા-ત્યજનારા પુણ્ય પુરુષો :

| | |
|---|---|
| ક્રોધ : ડૂબ્યા - ચંડકૌશિક (પૂર્વભવ) | તર્યા - ચંડ રૂદ્રાચાર્ય |
| માન : ડૂબ્યા - બાહુબલીજી | તર્યા ઈન્દ્રભૂતિ (અપેક્ષાએ) |
| માયા : ડૂબ્યા - લક્ષ્મણા સાધ્વીજી | તર્યા - મલ્લિનાથ (અપેક્ષાએ) |
| લોભ : ડૂબ્યા - મમ્મણ શેઠ / સુભમ ચક્રી | તર્યા - પુણિયાશ્રાવક |

| | |
|---|---|
| શરીરની મમતા : ડૂબ્યા - મરીચી | તર્યા - ખંધકસૂરિના ૪૯૯ શિષ્ય |
| ગણિકાનો સંગ : ડૂબ્યા - નંદિષેણ | તર્યા - સ્થુલિભદ્રજી |
| સ્પર્શેન્દ્રિય : ડૂબ્યા - હાથી | તર્યા - ગજસુકુમાલ |
| રસનેન્દ્રિય : ડૂબ્યા - માછલી | તર્યા - ધન્નાઅણગાર |
| ઘ્રાણેન્દ્રિય : ડૂબ્યા - ભમરો | તર્યા - સુબુદ્ધિ પ્રધાન |
| ચક્ષુરેન્દ્રિય : ડૂબ્યા - પતંગિયું | તર્યા - ઈલાચીકુમાર |
| શ્રોતેન્દ્રિય : ડૂબ્યા - હરણ | તર્યા - મેતારજ મુનિ |
| મન : ડૂબ્યા - તંદુલિયોમત્સ્ય | તર્યા - પ્રસન્નચંદ્ર |

★ રતિસારકુમાર પત્નીને સોળે શણાગારથી શણગારતાં વૈરાગ્ય ભાવે કેવળી થયા.

★ ગુણસાર, પૃથ્વીચંદ્ર, પ્રભંજના લગ્નના પ્રસંગે વૈરાગી થઈ કેવળી થયા.

★ ભરતચક્રી - આરીસાભવનમાં ઉચ્ચ ભાવના ભાવતાં કેવળી થયા.

★ દુર્દુશાંક દેવ - દેડકાના ભવમાં પ્રભુદર્શનની ભાવનાથી દેવ.

★ હરિભદ્રસૂરિ - ઘણો સમય શ્રદ્ધામાં અસ્થિર રહ્યા. છેવટે પ્રશમરતિ ગ્રંથના કારણે સમ્યક્ત્વમાં સ્થિર થયા.

## ★ મોહનીય કર્મની વ્યાખ્યા :

★ **મોહનીય કર્મના મુખ્ય બે ભેદ છે :**

૧) **દર્શન મોહનીય :** જે મોહનીય કર્મ સમ્યગ્ દર્શનને રોકે છે.

૨) **ચારિત્ર મોહનીય :** જે મોહનીય કર્મ ચારિત્રને રોકે છે.

★ **દર્શન મોહનીયના ૩ ભેદ છે.**

- **મિથ્યાત્વ મોહનીય :** જે મોહનીય કર્મના ઉદયથી આત્માને વીતરાગ દ્વારા કહેલા તત્ત્વો પર રુચિ ન થાય અને અતત્ત્વો પર રુચિ થાય.
- **મિશ્ર મોહનીય :** જે મોહનીય કર્મના ઉદયથી આત્માને વીતરાગ દ્વારા કહેલા તત્ત્વો પર રુચિ પણ ન થાય અને અરુચિ પણ ન થાય. જેમ નાળિયેર દ્વીપના મનુષ્યને અન્ન ઉપર રુચિ પણ ન થાય અને અરુચિ પણ ન થાય.
- **સમ્યક્ત્વ મોહનીય :** જે મોહનીય કર્મના ઉદયથી આત્માને વીતરાગ દ્વારા કહેલા તત્ત્વો ઉપર સંશય વગેરે થઈ જાય છે અને જેનો ઉદય હોવા છતાં ક્ષયોપશમિક સમ્યક્ત્વ હોઈ શકે, પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વ ન હોય.

★ **ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ છે.**

- **સોળ કષાય :** જેનાથી સંસારનો લાભ થાય તે કષાય કહેવાય. તેના ૧૬ ભેદ છે.

* **૯નો કષાય :** જે કષાયને પ્રેરણા કરે અથવા કષાયના સહચારી હોય છે, તેથી નોકષાય કહેવાય છે. તેના ૯ ભેદ છે.

**સોળ કષાય :**

**ચાર અનંતાનુબંધી કષાય :** અનંતકર્મનો અનુબંધ કરાવનારો કષાય જેના ઉદયથી વર્ષથી અધિક અથવા જાવજ્જીવ સુધી કષાય રહે, તે અનંતાનુબંધી કષાય કહેવાય. તેના ચાર ભેદ છે. ૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ.

* **અનંતાનુબંધી ક્રોધ :** પર્વતની ફાટ સમાન છે. જેમ તે કદી પૂરાય નહિ, એવો ક્રોધ અનંતાનુબંધી કહેવાય છે.
* **અનંતાનુબંધી માન :** પત્થરના થાંભલા જેવો છે. જેમ પત્થરનો થાંભલો વળે નહિ, એવી જ રીતે અનંતાનુબંધી માનવાળો કોઈ પણ રીતે નમ્ર બને જ નહિ.
* **અનંતાનુબંધી માયા :** વાંસડાના મૂળીયા જેવી હોય, વાંસડાનું મૂળીયું કોઈ દિવસ સીધું થાય નહિ, તેવી જ રીતે અનંતાનુબંધી માયાવાળો સીધો વર્તે જ નહિ.
* **અનંતાનુબંધી લોભ :** કીરમજીના રંગ જેવો છે, તે કોઈ દિવસ મટે જ નહીં, તેવી રીતે અનંતાનુબંધી લોભવાળાની લાલચ મટે જ નહીં. અનંતાનુબંધી કષાયથી અનંત સંસારનો અનુબંધ થાય છે. એ સમ્યક્ત્વનો ઘાત છે.

**ચાર અપ્રત્યાખ્યાનાવરણ કષાય :** જેના દ્વારા પચ્ચક્ખાણમાં આવવા ન દે, જેના ઉદયથી ચાર મહિનાથી અધિક અને વધુમાં વધુ વર્ષ સુધી કષાય રહે, તે અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહેવાય. તે પહેલાં કરતાં અલ્પ હોય છે, એ દેશવિરતિનો ઘાત કરે છે. તેના ૪ ભેદ છે.

* **અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ :** પૃથ્વીની ફાટ જેવો હોય છે, તે ૧૨ મહિને વરસાદ આવવાથી પૂરાય. તેમ આ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ વધારેમાં વધારે બાર મહિને સમાપ્ત થાય.
* **અપ્રત્યાખ્યાનાવરણ માન :** હાડકાંના થાંભલા જેવો છે.
* **અપ્રત્યાખ્યાનાવરણ માયા :** ઘેટાના શિંગડા જેવી છે.
* **અપ્રત્યાખ્યાનાવરણ લોભ :** ગાડાની મળી જેવો છે.

**ચાર પ્રત્યાખ્યાનાવરણ કષાય :** જેના ઉદયથી પખવાડિયાથી અધિક અને ચાર મહિના સુધી કષાય રહે, તે પ્રત્યાખ્યાનાવરણ કષાય કહેવાય. તે સર્વવિરતિનો ઘાતક છે. તેના ૪ ભેદ છે.

* **પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ :** રેતીમાં રેખા હોય, તેના જેવો છે.

● **પ્રત્યાખ્યાનાવરણ માન :** કાષ્ટના થાંભલા જેવો છે.

● **પ્રત્યાખ્યાનાવરણ માયા :** ગૌમૂત્રિકા જેવી છે.

● **પ્રત્યાખ્યાનાવરણ લોભ :** કાજળના રંગ જેવો છે.

**સંજ્વલન કષાય :** જેના ઉદયથી વધારેમાં વધારે એક પખવાડિયા સુધી કષાય રહે એ સંજ્વલન કષાય કહેવાય. આ કષાય યથાખ્યાત ચારિત્ર (વીતરાગ ભાવ)નો ઘાતક છે. તેના ૪ ભેદ હોય છે.

● **સંજ્વલન ક્રોધ :** પાણીમાં રેખા હોય, તેવો હોય છે.

● **સંજ્વલન માન :** નેતરની સોટી જેવો હોય છે.

● **સંજ્વલન માયા :** વાંસની છાલ જેવી હોય છે.

● **સંજ્વલન લોભ :** હળદરના રંગ જેવો હોય છે.

આ રીતે કષાયના સોળ ભેદ બતાવ્યા. હવે નોકષાયના ૯ ભેદ બતાવીએ છીએ.

૧) **હાસ્ય મોહનીય :** જેના ઉદયથી, નિમિત્તથી કે નિમિત્ત વગર હસવું આવે.

૨) **રતિ મોહનીય :** જેના ઉદયથી મનપસંદ વસ્તુ પર ખુશી થાય.

૩) **શોક મોહનીય :** જેના ઉદયથી જીવ ઈષ્ટ વિયોગમાં રડે, માથું કૂટે, નિઃસાસા મૂકે ઈત્યાદિ.

૪) **અરતિ મોહનીય :** જેના ઉદયથી મનને અપસંદ વસ્તુ ઉપર અપ્રીતિ થાય.

૫) **ભય મોહનીય :** જેના ઉદયથી, નિમિત્તથી અને અનિમિત્તથી ભય થાય.

૬) **દુર્ગંછા મોહનીય :** જેના ઉદયથી જીવને સારી-નરસી વસ્તુઓ ઉપર દુર્ગંછા થાય.

૭) **પુરુષ વેદ :** જેના ઉદયથી સ્ત્રીને ભોગવવાની ઈચ્છા થાય.

૮) **સ્ત્રી વેદ :** જેના ઉદયથી પુરુષને ભોગવવાની ઈચ્છા થાય.

૯) **નપુસંક :** જેના ઉદયથી સ્ત્રી-પુરુષ બંનેને ભોગવવાની ઈચ્છા થાય. આ રીતે મોહનીય કર્મના ૩+૧૬+૯=૨૮ ભેદ થયા.

**★ સુવાક્યો :**

★ તપ-સંયમ-સામાયિક-ધ્યાન 'મોહ' જીતવાના સાધન છે.

★ ચારિત્ર અને ચરિત્ર એ બેમાં એક પુષ્પ છે. બીજી સુગંધ.

★ નિંદા અને નિદ્રા બને ચેપી રોગ છે. એકથી પ્રમાદ બીજાથી કલેશ વધે.

**★ સરળ પ્રશ્નો :**

૧. વીતરાગી થવા માટે શું કરવું પડે ?

૨. પાપની વૃદ્ધિ કયી પ્રવૃત્તિ ન કરવાથી થાય ?

૩. કર્મ અને આત્મા સદંતર છૂટા પડે તો તે ક્યાં જાય ?

૪. મોહનીય કર્મનો અનુભવ તમને કયાં થયો ?

૫. મોહનીય કર્મને 'રાજા' કેમ કહેવાય છે ?

**★ ઉપસંહાર :**

મોહ શબ્દનો વ્યવહારિક ભાષામાં સામાન્ય અર્થ-મુંઝાઈ જવું, મોહિત થવું, ખોટામાં રાચવું, આકર્ષિત થવું, રૂપ-રૂપીયા પાછળ પાગલ થવું વિ. થાય. સંસારી જીવ સંસારની માયામાં, રંગ-રાગમાં આકર્ષાઈ જાય છે. એક સ્થળે તેથી જ લખ્યું છે કે, "સંસારની માયામાં વલોવ્યું પાણી" દહી વિનાનું આ વલોણું શું ફળ આપે ?

ગાડરીયા પ્રવાહ જેવું, આંધળું અનુકરણ, વિવેક વિનાની પ્રવૃત્તિ કરતાં માનવી સારાસાર ભૂલી જાય છે. વીતરાગતાના ગુણનો ઘાત કરવા કે રાગ દશાને જ પોષવા એ તૈયાર થાય છે. એટલે ૧૧મા ગુણસ્થાનકે પણ મોહનીય કર્મ જીવની પરીક્ષા લે છે. તેમાં એ પાસ થાય તો મોક્ષગતિ પામે.

મોહનીય કર્મના કારણે આઠે કર્મોને કરોળીયા જાળ કહી છે. કરોળીયો સ્વબચાવ, સ્વરક્ષણ માટે જાળ બનાવે બિછાવે પણ એ પોતેજ તેમાં ફસાઈ જાય છે. નિકળવાનો તેની પાસે કોઈ રસ્તો નથી. આ કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ (૩ ૧/૨ કાળચક્ર)ની સ્થિતિ બતાડી છે.

અગ્નિને શાંત કરવા ઠારી દેવા માટે ધૂળ-પાણીનો ઉપયોગ થાય છે. તે કારણે અગ્નિ ફેલાતી નથી. શાંત થઈ જાય. તેમ કર્મને નબળા પાડવા હોય અથવા તેની શક્તિ ઢીલી કરવી હોય તો *૮ કરણ સમજવાની, જીવનમાં તેનો અમલ કરવાની જરૂર છે. તપમાં એક એવી શક્તિ છે કે, તે આઠ કરણમાંથી સાત કરણની પરિસ્થિતિ સુધારી શકે છે.

---

* (૧) બંધનકરણ : રાગ-દ્વેષ, વિષય-કષાય દ્વારા કાર્મણવર્ગણાને આત્મા પર ચોંટાડવાનું કાર્ય કરે તે. (૨) સંક્રમણકરણ : બંધાઈ ગયેલા કર્મના સ્વભાવમાં આત્માના જે અધ્યવસાયથી પરિવર્તન આવે તે. (૩) ઉદીરણાકરણ : કર્મ ઉદયમાં આવે તે પહેલા ઉદયમાં લાવીને પરાણે ભોગવવા તે. (૪-૫) ઉદ્‌વર્તનાકરણ–અપર્વતનાકરણ : કર્મોના સ્વભાવમાં તથા સમયમાં વધારો કે ઘટાડો થાય તે. (૬) ઉપશમનાકરણ : કર્મોનો ઉદય અમુક સમય દરમિયાન ન થાય તે. (૭) નિદ્ધત્તિકરણ : આત્મામાં એવા ભાવો પેદા થાય કે જેના કારણે કર્મના સમય અને તીવ્રતામાં વધારો-ઘટાડો થાય તે. (૮) નિકાચનાકરણ : કરેલા કર્મો અવશ્ય ભોગવવા જ પડે તે.

# ૪. અંતરાય કર્મ...

**★ મીતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | અનંત વીર્ય. |
| કર્મનું નામ | - | ઘાતીકર્મ અંતર્ગત ચોથું અંતરાય કર્મ. |
| મૂળપ્રકૃતિ | - | પાંચ |
| કર્મનો ઉદય | - | નિર્ધન (ગરીબ) અવસ્થા. |
| કર્મનું ઉદાહરણ | - | રાજાનો ભંડારી, શેઠનો મુનિમ. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ-૩૦ કોડાકોડી સાગરોપમ. |
| કર્મનો બંધ | - | ૧૦મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે અટકે. |
| કર્મનો સંપૂર્ણક્ષય | - | ૧૨મા ક્ષીણમોહ ગુણસ્થાનકે થાય. |
| કર્મનિવારણ ઉપાય | - | દાન વિ.સુકૃત કરવું, કરાવવું, અનુમોદવું |
| પરિષહ | - | ૧૫મો અલાભપરિષહને જીતવા પ્રયત્ન કરવો. |
| મંત્રજાપ | - | ૐ શ્રી અનંતવીર્ય ગુણધરાય નમઃ |
| તપ-જપ | - | કર્મસુદન તપના કોઠા અનુસાર કરવું. (પુસ્તક ઉગમતી પ્રભાત પેજ-૧૭૪) |

**કૃતકર્મ ક્ષયોનાસ્તિ, કલ્પ કોટિ શતૈરપિ ।**
**અવશ્યમેવ ભોકતવ્યં, કૃતં શુભાશુભમ્ કર્મ ।।**

**અર્થ :** કરેલા કર્મોનો અનેકાનેક ઉપાય કરો તો પણ એમનો ક્ષય-નાશ થવાનો નથી. તે માટે કર્મના ઉદયકાળે એ અવશ્ય ભોગવવા જ પડશે. પછી એ શુભ કર્મ હોય કે અશુભ હોય.

**★ વિવરણ :**

આત્માના ગુણનો ઘાત કરનારા ચાર કર્મોમાં આ કર્મ છેલ્લું છે. જ્ઞાનાવરણ દ્વારા તત્ત્વને જાણી લીધું. દર્શનાવરણ દ્વારા જોઈ લીધું અને મોહનીય દ્વારા ક્ષણિક દ્રવ્ય-વસ્તુ ઉપર મોહ પામ્યા. હવે આ કર્મ બ્રેક મારવાનું, રોકવાનું, ધારેલુ કામ પાર પાડવામાં વિઘ્ન-અંતરાય કરવાનું કામ કરે છે. વ્યવહારમાં જેમ ૯૯ ટકા હા પાડી હોય અથવા કિનારે નાવ આવેલી હોય ત્યાં કામ બગડી જાય તેમ આ કર્મ વિઘ્નસંતોષી છે. બીજાના કામમાં પથરા ફેકવા - વિઘ્ન નાખીને આનંદ માને છે.

અંતરાય કર્મના ઉદયે જીવ દ્વારા જે લાભ-પુણ્ય-સુકૃત્ય થવાનું હોય તે થવા ન દે. ઘણાં કહે છે કે, અમને સાડાસાતી નડે છે, શનિ-મંગળ જેવા ગ્રહ નડે છે. પણ હકીકતમાં

વિચારશો તો અંતરાયકર્મ જ દરેક સ્થળે નડે છે. સંસારમાં કે ધર્મમાં, વ્યવહારમાં કે શરીરની સુખાકારીમાં, ધંધામાં કે પરિવારમાં એ મનગમતું થવા દેતું નથી.

સાગર-સમુદ્ર વિપુલ પાણીનો ભંડાર છે પણ પીવા કામ આવતું નથી. જ્યારે નદી ૪-૫ મહિના છલકાય છતાં તેનું પાણી જોવું ગમે, પીવું ગમે, ઉપયોગી થાય છે. સાચો દાની હંમેશાં દાન આપવા માટે યોગ્ય સ્થળની શોધ તો કરે છે. જ્યારે લોભી બધાથી આઘા ખસે દરેક પ્રવૃત્તિમાં કસર કરે, બચાવે. તે કારણે અંતરાય કર્મને વિસ્તારથી થોડું જાણી-સમજી-વિચારી લઈએ.

ઘુવડ અંધારામાં જોઈ શકે. સૂર્યપ્રકાશ તેનો વેરી છે. વસંત ઋતુમાં બધા વૃક્ષ ખીલે જ્યારે કેવડા વૃક્ષના પાન ખરે. વરસાદથી બધા જીવોને પાણી મળે જ્યારે ચાતકપક્ષી માત્ર વરસાદનાં બુંદ ગ્રહણ કરે, બીજા પાણીથી વંછીત રહે. પાનખરમાં પીપળાના પાંદડાં ખરવા માંડે તેમ પુણ્યહીનનો હાથમાં આવેલો કોળીયો અંતરાયના કારણે બીજો કોઈ ઝુટવી જાય. ન ખાઈ શકે, ન ખવડાવી શકે, બીજા ખવડાવતા હોય તો નિંદા કરે.




આ જીવ ખાસ નીચેની પદ્ધતિ-કારણે પૂર્વ ભવમાં કે આ ભવમાં અંતરાય કર્મ બાંધે છે. એ અજ્ઞાનતા જો ખસી જાય-સમજાઈ જાય તો અનેક દુઃખની પરંપરા અટકે. આ રહ્યા એ કારણો....

(૧) વીતરાગ જિનેશ્વર ભ.ની દ્રવ્ય-ભાવ પૂજામાં અંતરાય કર્યા.
(૨) વીતરાગ પ્રરૂપીત શાસ્ત્રો-આગમોને લોપ્યા.
(૩) વિપરીત મનોકલ્પીત પ્રરૂપણા કીધી.
(૪) તપસ્વી-ત્યાગી મહાપુરુષોનું બહુમાન-વિનય ન કર્યા.
(૫) દીન-દયાપાત્ર ઉપર કરુણા ન કરી. (ત્યજી)
(૬) રાંક-ગરીબ ઉપર ક્રોધ કર્યા.
(૭) નિરપરાધી જીવોની હિંસા કરી, પીડા આપી.
(૮) પારકી નિંદા-કુથલી કરી.
(૯) કોઈના માઠા (અયોગ્ય) કર્મ પ્રકાશિત કર્યા.
(૧૦) ધર્મમાર્ગનો લોપ (ઉપેક્ષા) કર્યા.

(૧૧) પરમાર્થ-પરોપકારની વાતો કરનારની હાંસી કરી.

(૧૨) ભણનારને ભણવામાં અંતરાય-વિઘ્ન કર્યા.

(૧૩) દાન આપતાં દાતાને ના પાડી.

(૧૪) ગીતાર્થ પુરુષોની અવહેલના કીધી.

(૧૫) જુઠ્ઠૂં અસત્ય વચન બોલ્યા.

(૧૬) પારકું દ્રવ્ય (ચોરી વિગેરેનું) રાખ્યું.

(૧૭) કોઈની થાપણ ઓળાવી. (ના પાડી)

(૧૮) આશ્રીતોને ભૂખ્યા રાખી જમ્યા.

(૧૯) ધર્મકાર્યમાં બળહીન (અશક્તિવાન) થયા.

(૨૦) ખોટાં લેખ (ચોપડી-લખાણ) લખ્યાં.

(૨૧) પશુ-પક્ષીને પાંજરે પૂર્યા-મૂક્યાં.

(૨૨) અનાથને છેતરી-ભોળવી, દેશ-પરદેશમાં વેચી માર્યા.

આવી પ્રવૃત્તિ કરવાથી આ જીવ અંતરાય કર્મ બાંધે છે. અર્થાત્ કોઈ એવું સ્થળ પ્રાયઃ નથી જ્યાં અંતરાય-રૂકાવટ થતી ન હોય.卐

હવે આપણે મૂળ વાત ઉપર વિચાર શરૂ કરીએ. મનુષ્ય જીવન સાથે ડગલે ને પગલે અનેક રીતે સંકળાયેલ અંતરાય કર્મ અને તેની પાંચ પ્રકૃતિઓને સમજીએ. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય આ પાંચ તેના નામ છે.

**(૧) દાનાંતરાય :** દાન આપવા માટેની બધી અનુકુળતા હોય, દાન લેનાર પાત્ર પણ હાજર હોય છતાં દાન આપવા-કરવાની જે કર્મના ઉદયે ઈચ્છા ન થાય તે દાનાંતરાય-છતી શક્તિએ ઉત્તમ પ્રકારના આરાધનાના કાર્યો કરવા ન છૂટકે કચવાતા મને દાન આપ્યું તો તે પણ અપેક્ષાએ નિરર્થક સમજવું.

રાજા શ્રેણિકે એક દિવસ પોતાની વિશ્વાસપાત્ર કપિલા દાસીને દાનશાળામાં જઈ એક વખત દાન આપી આવવા આજ્ઞા કરી. આજ્ઞાધીન એ દાસી સ્વભાવે અભવિ હોવાથી દાનશાળામાં અનિચ્છાએ ગઈ. દાન પણ આપ્યું પણ શુભ ભાવ-પરિણામ વિના. દરેક ક્ષણે એ જીવે હું દાન આપતી નથી. પણ શ્રેણિક રાજાનો ચાટલો (ચમચો) આપે છે એવા વચન ઉચ્ચારી દાન આપ્યું. આ રીતે દાનાંતરાય કર્મનો બંધ પણ કર્યો.

વ્યવહારમાં રાજાનો ભંડારી કે શેઠનો મુનિમ પણ આજ્ઞા હોવા છતાં, ધન આપી આજ્ઞા પાળવામાં જાણી બુઝીને વિલંબ કરે તો સમજવું કે એ જીવ પણ દાનાંતરાય કર્મ

---

卐 અંતરાય કર્મ નિવારણ પૂજા.

બાંધે છે. જેઠ-અષાડ મહિને સૂર્યના પ્રકાશને જેમ વાદળાઓ ઢાંકી દે છે તેમ અંતરાય કર્મના કારણે એ જીવો ઉદાર વૃત્તિથી દાન આપી શકતા નથી.

સંસારમાં જે માણસો કૃપણ હોય તેવાઓની ઓળખ ટૂંકમાં જ્ઞાનીઓએ નીચે મુજબ આપી છે.

(૧) કૃપણ-વીતરાગ પ્રરૂપીત શાસ્ત્રવચન ન સાંભળે.

(૨) ભારે કર્મી હોવાથી ધર્મને પાળે, માને કે સ્વીકારે નહિં.

(૩) જીવનમાં દુષ્કર્મ કરવાનું છોડે-ત્યજે નહિં.


(૪) દાનાદિ દ્વારા પુણ્યાનું બંધી પુણ્ય બાંધવાના ભાવ ન થાય.

(૫) લોકો એવા અપશુકનીયા વ્યક્તિનું સવારે નામ ન લે.

(૬) ત્યાગી-મુનિ-યાચક એવા કૃપણના ઘરે ન જાય.

(૭) મિત્ર-સજ્જન તેનાથી દૂર રહે.

(૮) પોતે ખાય નહિં ખાવા દે નહિ.




દાન મુખ્યત્વે જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એવા સાત ક્ષેત્ર (સ્થાન)માં અને જીવદયા અનુકંપાદિમાં આપવાથી (કાળી ભૂમિમાં

વાવેલું અનાજ વ્યવસ્થીત ઉગે તેમ) પુણ્ય બાંધવામાં નિમિત્ત થાય. દાન-ગણીને (પૈસા દ્વારા) તોલીને (અનાજ વિ. વજન કરી) માપીને (કપડાંને મીટર દ્વારા) અને નંગથી (સંખ્યામાં) અપાય છે.

દાન જે વ્યક્તિને આપવામાં આવે છે. તે માટે તીર્થંકર ભ. રત્નપાત્ર, વિરતિધર મુનિઓ–સુવર્ણપાત્ર, અણુવ્રતધારી - રજતપાત્ર, શ્રાવક વર્ગ–તામ્રપાત્ર અને અનુકંપાને લાયક એવાઓને કાષ્ટ યા માટીનાં પાત્રની કક્ષામાં કહેવાય છે. આવા ઉત્તમોત્તમ ક્ષેત્રમાં દાનાંતરાય કર્મના ઉદયવાલા જીવો ધનાદિ આપી-વાપરી શકતા નથી.●

શાસ્ત્રમાં દાનધર્મ ઉત્તમરીતે આચરનાર જીવોના આભૂષણ રૂપે (૧) આનંદીત થવું (શાલીભદ્રજી), (૨) રોમાંચ ખડાં થવા (ભીમો કુંડલીયો), (૩) ઉપકાર માનવો, (૪) પ્રિય વચનોને બોલવા અને (૫) અનુમોદના કરવી કહ્યા છે. તેજ રીતે (૧) અનાદર કરવો (કપિલાદાસી), (૨) આપવામાં વિલંબ કરવો, (૩) પશ્ચાતાપ કરવો (મમ્મણ શેઠ), (૪) અપ્રિય વચનો બોલવા (ધનસાર શ્રેષ્ઠી), (૫) મુખ ફેરવવું. આ પાંચ લક્ષણો દુષણની કક્ષાના વર્ણવ્યા છે.

દાન આપવામાં હાથની મુદ્રા, દાન કરવાની ભાવના, હૃદયમાં રહેલી કરુણાં, દયાળુંપણું ઘણું કામ કરે છે. દાનીનું એક કણ અમૃત સમાન જ્યારે લોભીનો એકમણ ઝેર સમાન ગણાય છે. દાની દયાળું હોય જ્યારે લોભી કૃપણ હોય તે કારણે જ દાન ઉચ્ચ ભાવે પરોપકારના વિચારે આપી દાનાંતરાયને તોડવા જોઈએ. શાસ્ત્રમાં દાન આપતાં ''યાદ્રુશી ભાવના તાદ્રુશી ફલ''ની દ્રષ્ટિએ 卐પુણ્યાનુબંધી પુણ્ય, પુણ્યાનુબંધી પાપ, પાપાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પાપ એવા વિભાગો જોવા મળે છે.

**(૨) લાભાંતરાય :** જે કર્મના ઉદયથી જીવને ઈષ્ટ-પ્રિય વસ્તુની પ્રાપ્તિ ન થાય, પ્રાપ્ત થતી હોય તો છેલ્લી ક્ષણે વિઘ્ન આવે.

સંસારમાં ઘણાં શેખચલ્લીના વિચારોમાં રાચતા હોય તો કેટલાક પોતાની આવડત-યોગ્યતા-પહોંચ કે પુણ્યને જોયા જાણ્યાં વિના શક્તિ બહારના પ્લાન કરતા હોય તેઓ જ્યારે નાસીપાસ થાય, તેઓની ઈચ્છા પૂર્ણ ન થાય ત્યારે બીજાને દોષ આપે. આર્ત ધ્યાન કરે, કષાયો કરી પાપનો ગુણાકાર કરે તેવા ઉતાવળા નિર્ણય કરનારા જો પોતાના લાભાંતરાયના ઉદયને સમજે તો જેટલું મળેલ છે તેમાં સંતોષ માની સુખી થાય.

રાજગૃહી નગરી જ્યાં ધન અને ધર્મની નદીઓ વહેતી હતી. તેવી નગરીમાં એક દ્રુમક (ભીખારી)* ઘરે ઘરે ભીક્ષા લેવા જાય છે પણ પેટ ભરાય તેટલું પણ તેને પ્રાપ્ત થતું નથી. કંટાળી પ્રજાની ઉપર ક્રોધ કરી એ વૈભારગિરિના શિખર ઉપર ચડી મોટી

---

● ઉપમિતિ ભવપ્રપંચ કથા ગ્રંથમાં ભીક્ષા પાત્રની વિસ્તૃત કથા આવે છે.

* સંપ્રતિરાજાની કથા આ કથાથી અલગ છે. 卐 પેજ ૫૨ ઉપરનું ચિત્ર જુઓ.




શીલાને ધક્કો મારી નીચે ફેંકી પ્રજાના પ્રાણ લેવા પ્રયત્ન કરતો હતો પણ એજ શીલાની નીચે દુર્ભાવનાથી ચગદાઈ મરીને સાતમી નરકનો અતિથિ થયો.

(૩) ભોગાંતરાય : જે કર્મના ઉદયથી જીવ એકવાર ભોગવવા યોગ્ય અન્ન (આહાર) વગેરે વસ્તુ ભોગવી ખાઈ ન શકે.

ઘરમાં ખાવા યોગ્ય ભોજન સામગ્રી ઘણી બનાવેલી હોય. છતાં જે જીવ શરીરે તાવ અથવા ડાયાબિટીશાદિથી રોગી હોય અથવા અન્ય કારણોથી એ ખાઈ ન શકે. ખાવા ન પામે આર્તધ્યાન કરે કદાચ ઘરની વ્યક્તિને પણ ખાવા ન આપે.

એક વણિકને ઘણાં દિવસે ઘેબરનું ભોજન કરવાની ઈચ્છા થઈ તે માટે દુકાનમાંથી સિધુ (સામગ્રી) પણ માનસ સાથે ઘરે મોકલીને શ્રીમતિજીને ઓર્ડર કર્યો કે શેઠને ઘેબર ખાવાની ઈચ્છા થઈ છે માટે આ બધુ સિધુ મોકલ્યું છે. તૈયાર કરજો. સ્ત્રીએ ઘણાં ભાવથી ઘેબર બનાવ્યા પણ તે દરમ્યાન જમાઈ અને મહેમાન ઘરે આવી ઘેબરનું ભોજન કરી પાછા પોતાના કામે ચાલી ગયા. સમય થતાં વણિક મોટી આશાએ ઘેબરનું ભોજન કરવા ઘરે આવ્યા પણ ભાગ્યમાં રોટલા જ ખાવા મળ્યા. એક સ્થળે કહ્યું પણ છે કે, 'દાને દાને પર લીખા હૈ ખાને વાલે કા નામ.'

પૂજાની ઢાળમાં પણ કહ્યું છે કે, 'જમી જમાઈ પાછો વળીયો જ્ઞાન દશાતવ જાગી.'

**(૪) ઉપભોગાંતરાય :** જે કર્મના ઉદયથી અનેકવાર ભોગવવા લાયક વસ્તુ-વસ્ત્ર-દાગીના-મકાન-ફર્નિચરાદિનો ઉપયોગ-ઉપભોગ કરી ન શકે.卐

ભોગવવા-વાપરવાનું મુખ્ય સાધન શરીર છે. આ શરીર દ્વારા ચેતનાવાન જીવ વિવિધ પ્રકારના એશ-આરામના સાધનો શ્રૃંગારના અલંકારો વિશિષ્ટ પ્રસંગે વાપરે છે, વસાવે છે. પરંતુ ઉપભોગાંતરાય કર્મના ઉદયે છતે સાધને એ વસ્તુ વાપરી ન શકે. પરિવાર હોવા છતાં વિયોગ સહવો પડે.

પવનંજયની ધર્મપત્ની એટલે હનુમાનની માતા સતિ અંજનાસુંદરીને લગ્ન કર્યા પછી ક્ષુલ્લક કારણે પવનંજયે પત્નીને જંગલમાં મૂકાવી દીધી. જોત જોતામાં ૨૨ વર્ષ સુધી પત્નીને પતિનો વિયોગ આભૂષણાદિનો અંતરાય ભોગવવો પડ્યો. જ્યારે એ બાંધેલું કર્મ સંપૂર્ણ ભોગવાઈ ગયું ત્યારે એ જીવો સુખથી રહેવા લાગ્યા. આવા નળ-દમયંતિ, સતિ સીતાજી, સુરસુંદરી, મમ્મણશેઠ આદિના અનેક દાખલાઓ સુવર્ણાક્ષરે ઇતિહાસના પાને લખેલા જોવા મળે છે.

નાગદત્ત શેઠે ઘણાં હોંશથી સાત માળની હવેલી બનાવી. જ્યારે એ હવેલી તૈયાર થઈ ગઈ ત્યારે એ હવેલીમાં જઈ રહેવા-ભોગવવા ન પામ્યા. આયુષ્ય પૂર્ણ થઈ ગયું.

**(૫) વીર્યાંતરાય :** જે કર્મના ઉદયથી જીવને શક્તિ પ્રાપ્ત ન થાય. દુર્બળતાનો અનુભવ કરવો પડે. છતી શક્તિએ દુરુપયોગ કે પ્રમાદ કરે.)

અંતરાયકર્મ અંતર્ગત પૂર્વની ચારે પ્રકૃતિઓમાં વીર્યાંતરાયનો હિસ્સો ઘણોં વધુ જોવા મળે છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ શરીર દ્વારા પ્રાયઃ થાય છે, કરવામાં આવે

卐 પાક્ષિક અતિચારમાં ભોગ-ઉપભોગ નામે સાતમા વ્રતનો અધિકાર આવે છે.

છે. જ્યારે તેનો અંતરાય હોય ત્યારે શરીર અને મન એ પ્રવૃત્તિ કરવામાં વિઘ્ન કરે. પોતાનામાં રહેલું શૌર્ય એ કાર્ય કરવા દેતું નથી. બળવાન પણ સંયોગોને વશ થઈ નિર્બળ થાય છે. તેથી જ કહેવાય છે. કે જે જીવ કર્મે શૂરા હોય તેઓએ ધર્મે પણ શુરા થવું જોઈએ.

અપેક્ષાએ બીજાં કર્મ કરતાં અંતરાય કર્મ આ જીવ વિના કારણે સહેલાઈથી બાંધે છે, બાંધવા પ્રેરાય છે. જેના ભાગ્યમાં અપયશ લખાયો હોય તે બધાને અંતરાય કર્મના ઉદયના અનુભવી કહેવા હોય તો કહી શકાય, પુરુષાર્થ એ કરતા હશે પણ ઉંધા લોટાની ઉપર પાણી રેડવા જેવું અથવા ફુટેલા ઘડામાં પાણી ભરવા જેવું હાસ્યાસ્પદ એ કાર્ય સમજાશે.

## ★ અંતરાય કર્મ કેવી રીતે બંધાય ?

- ★ દાનની નિંદા કરવાથી અથવા પશ્ચાતાપ કરવાથી.
- ★ ધર્મ-શુભપ્રવૃત્તિ કરનારને ના પાડવી, પ્રતિકૂળતા ઉભી કરવાથી.
- ★ નોકરો કે પશુઆદિને ખાવા-પિવામાં વિલંબ કરવાથી.
- ★ અપરિમીત સુખના સાધનોનો ઉપભોગ પોતે ન કરે, બીજાને કરવા ન દે.
- ★ શક્તિ હોવા છતાં દાન ન આપવાથી.

## ★ અંતરાય કર્મ કેવી રીતે ખપે ?

- ★ સારાં કામ કરાવવાથી, અનુમોદના કરવાથી.
- ★ જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તી માટે ઉદ્યમ કરવાથી.
- ★ શુભ કાર્યમાં વિઘ્ન આવે તો આર્તધ્યાન ન કરવાથી.
- ★ મળેલી શક્તિને સારા કામમાં વાપરવાથી. (સેવા-સુશ્રુષા કરવી.)
- ★ હા અને ના શબ્દનો સમજીને પ્રયોગ કરવાથી.

## ★ અંતરાય કર્મ ન બંધાય તે માટે :

- ★ સુકૃત્યના કામોની મંજૂરી આપવાથી.
- ★ ધર્મ કરનારના અપૂર્ણ કામો પૂરા કરવાથી અથવા મદદરૂપ થવાથી.
- ★ ઉદયમાં આવેલ કર્મને શાંતિથી-સમતાથી ભોગવવાથી.
- ★ ઈર્ષા-ટૂકી દૃષ્ટિ-અદેખાઈ ન કરવાથી.
- ★ દુષ્કૃત્યના કાર્યોની ઉપેક્ષા કરવાથી.

## ★ અંતરાય કર્મના કારણે સુખ-દુ:ખ પામ્યા :

★ પર્વ દિવસે પણ આહારસંજ્ઞાના કારણે કુરગડુમુનિ તપસ્યા ન કરી શક્યા.

★ ઢંઢણ અણગારને છ મહિના સુધી નિર્દોષ ગોચરી ન મળી. મળેલી મોદકની ગોચરી પરઠવતાં પરઠવતાં કેવળજ્ઞાન પામ્યા.

★ કલ્પનીય આહાર ભ.ઋષભદેવને ૧૩ મહિના ૧૦ દિવસ સુધી ન મળ્યો.

★ શ્રેણિક રાજાની આજ્ઞાથી દાન શાળામાં કપિલાએ દાન આપ્યું. પણ અરૂચિથી ભાવ વગર.

★ ચક્રવર્તી વાસુદેવ, બળદેવ જેવા બળવાનો વીર્યાંતરાયના ઉદયે બીજા ભવે નિર્બળ કુળમાં જન્મે. રાજગૃહી નગરીમાં દાન આપનારા ઘણાં હતા છતાં દ્રુમક લાભાંતરાયના કારણે એ પામી ન શકયો.

★ પિતાએ યોગ્ય સ્થળે લગ્ન કરાવ્યા પણ ભોગાંતરાયના કારણે સુરસુંદરી સુખ ભોગવી ન શકી.

## ★ અંતરાય કર્મના ભેદની વ્યાખ્યા :

**અંતરાય કર્મના મુખ્ય ૫ ભેદ હોય છે :**

૧) **દાનાન્તરાય કર્મ :** જે કર્મ દાન દેવામાં વિઘ્ન કરે, અર્થાત્ પોતાની પાસે દેવાનું દ્રવ્ય પણ હોય અને લેનાર પાત્ર પણ હોય, છતાં જે કર્મના ઉદયથી જીવને દાન દેવાની ઈચ્છા પણ ન થાય. તે દાનાન્તરાય કર્મ કહેવાય.

૨) **લાભાન્તરાય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય.

૩) **ભોગાન્તરાય કર્મ :** જે કર્મના ઉદયથી જીવ એકવાર ભોગ્ય અન્ન વગેરે વસ્તુઓને ભોગવી ન શકે.

૪) **ઉપભોગાન્તરાય કર્મ :** જે કર્મના ઉદયથી અનેકવાર ભોગવવા યોગ્ય વસ્તુ વસ્ત્ર, દાગીના, મકાન વગેરેનો ઉપભોગ ન કરી શકે.

૫) **વીર્યાન્તરાય કર્મ :** જે કર્મના ઉદયથી જીવને શક્તિ પ્રાપ્ત ન થાય અને દુર્બળતા આદિ પ્રાપ્ત થાય.

## ★ સુવાકયો :

★ સુકૃત્યની અનુમતિ પરંપરાએ બીજા અનેક સુકૃત્ય કરાવે છે.

★ કોઈ તમારું લૂંટી લે તો ગભરાશો નહિં. દેવામાંથી મુક્ત થયા સમજવું.

★ અંતરાયમાં અશાંતિ અને અનુમતિમાં શાંતિ છૂપાઈ છે.

## ★ પ્રશ્નોત્તરી :

૧. ભંડારી-મુનિમ વસ્તુ આપવા ના કેમ પાડે ?

૨. પાંચ અંતરાયમાં વધુ કોણ શક્તિશાળી ?

૩. અંતરાય કર્મ કયા કારણે બંધાયે ? ૩ બતાડો.

## ★ ઉપસંહાર :

અંતરાય કર્મ ઘાતી કર્મની શ્રેણીમાં ચોથું અને કર્મ ગ્રંથની (આઠ કર્મની) અપેક્ષાએ છેલ્લું સ્વીકારાયું છે. આ કર્મ એવા પ્રકારનું છે, કે પોતે ખાય નહિં, ભોગવે નહિં અને બીજા ખાતા-ભોગવતા હોય તો તેની નિંદા કરે. ટૂંકમાં 'હા'–એટલે સુકૃત્યની અનુમોદના અને 'ના' એટલે સુકૃતની ઉપેક્ષા-નારાજગી, નિંદા. આઠ કર્મમાં અપેક્ષાએ અંતરાય કર્મ બાકીના સાત કર્મનો જે જીવ અનુભવ કરતો હોય તો તેઓને રોકી દે છે. અશ્રદ્ધાના કારણે સંકુચિત વિચારના કારણે કર્મને ભોગવે પણ ધર્મના ફળને સ્વીકારે નહિ.

રસોઈમાં મીઠાનો ઉપયોગ ઓછો હોય પણ આખી રસોઈ સ્વાદીષ્ટ થાય. તેમ અંતરાય કર્મના એ શબ્દ પ્રયોગથી નિર્માણ થાય છે. સંસ્કારની કે ધર્મની વૃદ્ધિમાં જો હા અને નાનો ઉપયોગ વિવેકથી કરવામાં આવે તો તેથી પાપનો બંધ નહિં થાય. માટે સંસારની વૃદ્ધિમાં કે સંયમીના જીવનની પ્રગતિમાં આ શબ્દનો પ્રયોગ ઉપયોગપૂર્વક કરવા કાળજી રાખવી. હિતકારી છે.

વાસુદેવ-પ્રતિવાસુદેવ કે બળદેવ ઈતિહાસમાં બળવાન જીવો તરીકે પ્રસિદ્ધિ પામેલા છે. તેઓએ પોતાના બળનો દુરુપયોગ કર્યો જેથી કાળાંતરે લૂલા-લંગડા-બળવિનાના નિર્બળકુળમાં અવતાર પામશે. જે આત્મા પોતાના બળનો (બાહુબલીજીએ મુનિઓની સેવા-સુશ્રુષામાં પોતાના બળનો ઉપયોગ કરી ધન્ય બન્યા. તેમ) સદુપયોગ કરે છે. તે મનુષ્ય જન્મને સફળ કરી ક્રમશઃ મોક્ષગતિને પામે છે. બાકી ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ આયુષ્ય પૂર્ણ કરી નરક ગતિના અતિથિ થાય છે.

એક વિદ્યાપિપાસુ રાજા રોજ એક નવો શ્લોક સાંભળવા માટે પ્રથમ આવનાર યાચકને ૧૦૦ દિનાર બહુમાનરૂપે આપતા હતા. આ રીતે દાન આપવાથી રાજભંડાર ખાલી થશે તે કારણે તેને આ પ્રવૃત્તિ ન ગમી. એક દિવસ રાજાને ઉદ્દેશીને રાજભવનના બિંબ ઉપર સુવાક્યરૂપે લખ્યું, **'આપત્તિના સમયમાં ધનનું રક્ષણ કરવું જોઈએ.'**

રાજાની નજરે આ વાક્ય આવતાં એ સમજી ગયા કે, આ મંત્રીની જ બુદ્ધિ છે. તેથી તેઓએ તેની નીચે જ બીજું સુવાક્ય લખ્યું કે, **'સજ્જન પુરુષોને આપત્તિ ક્યાંથી ?'**

પોતાના પ્રશ્નનો શંકાનો જવાબ આ રીતે રાજાસાહેબે આપેલો જોઈ મંત્રીએ ફરીથી એજ રીતે સુવાક્ય લખ્યું કે, **'કદાચ ભાગ્ય પલટાઈ જાય તો ?'**

રાજાએ મંત્રીને પુણ્યના વાત સમજાવવા માટે ફરી ચોથી લાઈનમાં સુવાક્ય લખાવ્યું કે, **'સંગ્રહ કરેલું પણ વિનાશ પામે છે.'** માટે જે રીતે દાન આપી જ્ઞાનીનું બહુમાન થાય છે તે સારું છે.

મંત્રીએ તે દિવસથી અશુભ વિચારો ત્યજી સુકૃત્યની અનુમોદના કરવાનું શરૂ કર્યું.

# ૫. વેદનીય કર્મ...

**★ મીતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | અવ્યાબાધ સુખ. |
| કર્મનું નામ | - | અઘાતીકર્મ અંતર્ગત પ્રથમ-વેદનીય કર્મ. |
| મૂળ પ્રકૃતિ | - | ૨. |
| કર્મનો ઉદય થતી | - | વિકૃતિ શાતા-અશાતા. |
| કર્મનું ઉદાહરણ | - | મધથી લેપાયેલી તલવારની ધારને ચાંટવા જેવું. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-૧૨ મુહૂર્ત ઉત્કૃષ્ટ - ૩૦ કોડાકોડી સાગરોપમ. |
| કર્મનો બંધ | - | અશાતાનો - છઠ્ઠા ગુણસ્સ્થાનક સુધી<br>શાતાનો - ૧૩ મા સયોગી ગુણસ્થાનક સુધી. |
| કર્મનો સંપૂર્ણ ક્ષય | - | ૧૩ મા ગુણસ્થાને પૂર્ણ થાય. |
| કર્મ નિવારણ ઉપાય | - | અનુકંપા, જીવદયા, ભાવદયા, શિવમસ્તુની ભાવના |
| આરાધના-મંત્રજાપ | - | ૐ શ્રી અવ્યાબાધ ગુણધરાય નમઃ |
| પરિષહ | - | ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધીમાં ૧૧ પરિષહ સમતા ભાવે જીતવા પડે. |

**પુનરપિ જનનં, પુનરપિ મરણં ।**
**પુનરપિ જનનિ જઠરે શયનં ।। ઈહ સંસારે ખલુ દુસ્તારે.**

**અર્થ :** ફરી ફરીને જન્મ, ફરી ફરી મૃત્યુ અને ફરી ફરી માતાની કુક્ષીમાં ઉત્પન્ન થવું એજ સંસારનું ખરેખર દુઃખ છે.

**★ વિવરણ :**

અઘાતી કર્મ એટલે આત્મગુણોનો જે ઘાત (નુકસાન) ન કરે તે. તેના ૪ વિભાગમાં






વેદનીયકર્મ પ્રથમ છે. એક વાત સમજીલેવી કે– ઘાતીકર્મ જીવનની પ્રગતિમાં બાહ્ય નિમિત્તોથી રૂકાવટ લાવે છે. જ્યારે અઘાતી કર્મ બાંધલા કર્મને શરીર દ્વારા ભોગવી લે છે આ ચારે કર્મો મોક્ષ પ્રાપ્તીના અવસરે ભોમીયા-વળાવું તરીકે જીવનના અંતિમ ક્ષણ સુધી સાથ આપનાર કામ કરનાર છે.

વેદનીયકર્મનું નિર્માણ લગભગ ગયા જન્મમાં ભૂતકાળમાં વાણીના અયોગ્ય વ્યાપારથી થયેલું હોય છે. જ્યારે તેનો ઉદય-ભોગવટો વર્તમાન કાળમાં શરીર દ્વારા થાય છે. શાતાવેદનીય કર્મનો વધુ ઉદય પ્રાયઃ દેવ અને મનુયગતિમાં જ જોવા મળે છે. કારણ દેવ-મનુષ્ય અલ્પદુઃખીને વધારે સુખી હોય છે. જ્યારે અશાતાવેદનીય કર્મ તિર્યંચ અને નરકગતિના જીવોને ભોગવવું પડે છે. ત્યાં જીવ પોતાના પૂર્વે બાંધેલા અલ્પસૂખ અને વધુ દુઃખને ભોગવવા જન્મે છે. માત્ર તીર્થંકર પરમાત્માના જન્માદિ કલ્યાણક નિમિત્તે તેઓ અલ્પાતી અલ્પ સુખ ક્ષણ માટે ભોગવે છે.

સંયોગમાં વિયોગ અથવા સુખમાં દુઃખ છૂપાયેલ છે. ક્ષણિક સુખ-આનંદનો અનુભવ કરનારને દુઃખને સત્કારવાની સ્વીકારવાની તૈયારી રાખવી પડે છે. જ્યારે શાશ્વત સુખના ભોક્તા થયા પછી દુઃખનો ત્યાં લવલેશ કલ્પી શકાતો નથી. બીજી રીતે ક્ષણિક સુખથી શરીર અને ઈન્દ્રિયને સંતોષ થાય છે. જ્યારે સ્વસ્વરૂપની સુખની પ્રાપ્તિથી આત્માને સ્વપ્નમાં પણ દુઃખ જોવા મળવાનું નથી. અનંત-અક્ષય સુખનો સ્વામી ત્યારે આત્મા થાય છે.

વેદ એટલે વેદવું-ભોગવવું. સુખ બીજાને જેટલું તમે આપો તેટલું બીજી તરફ તમોને મળશે. મન-વચન-કાયા ઉપર જે વ્યક્તિ કાબૂ રાખે તેનું કાર્ય સફળ થયું સમજવું. કારણ વેદનીય કર્મનો બંધ મુખ્યત્વે મન-વચન-કાયાથી થાય છે. આર્તધ્યાન કરો, કષાય પોષક અપશબ્દ બોલો યા કાયાથી હિંસાદિ રાગ-દ્વેષાદિ કરો એટલે ચિકણા કર્મ બંધાયા સમજવા.

જીરણશેઠે પ્રભુ વીરને પારણા પ્રસંગે લાભ આપવા ઘણી વિનંતી કરી પણ જ્યારે પારણું અન્ય સ્થળે થએલ જાણ્યું, ત્યારે ઉચ્ચ પરિણામની ધારા જે હતી. તે અટકી ગઈ. ફળ સ્વરૂપ એ જીવ બારમા દેવલોકનું આયુષ્ય બાંધી શાતા વેદનીય સુખ પામ્યા.

વિજયરાજાને મૃગારાણીનો પ્રથમ પુત્ર મૃગાલોઢીયા. કહેવાય છે, કે માંસના લોચા જેવા જન્મેલા પુત્રને નિર્જન સ્થાને છોડી દેવાની રાણીની ઈચ્છા થઈ પણ રાજાએ તે કાર્ય ન કરવા માટે દુઃખી પુત્રની વૈયાવચ્ચ દાસી દ્વારા કરાવવા રાણીને સમજાવ્યા. એક દિવસ ભ.મહાવીરે ગૌતમસ્વામીને અશાતાવેદનીય કર્મના વિપાકને જોવા વિજયરાજાના પુત્રને જોવા મોકલ્યા. ગણધર ભ. પ્રભુની આજ્ઞા મુજબ રાજમહેલમાં ગયા અને પુત્રની કરૂણા-અશાતા-કર્મના ઉદયને નિહાળી એક ક્ષણ વિચારમાં પડી ગયા. રાજાના ઘરે પુણ્યવાન જ જન્મે એની જગ્યાએ પુણ્યોદય ને પાપોદયવાળા પુત્રને જોઈ કર્મની કથા-સત્ય સમજી ગયા.

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, એક મુનિ છઠ્ઠ તપ અને સાત લવ જેટલું આયુષ્ય ન હોવાના કારણે કેવળજ્ઞાનનાં સ્થાને સર્વાર્થ સિદ્ધ વિમાને પહોંચ્યા.

શાતાવેદનીય કર્મના વિશિષ્ટ ઉદયે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયેલા જીવના સુખ માટે નીચે મુજબ થોડો શાસ્ત્રમાં પરિચય અપાયો છે.

(૧) સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવનું આયુષ્ય વધુમાં વધુ (૩૩ સાગરોપમ) હોય. (૨) એ જીવની લેશ્યા શુભ હોય. (૩) આહાર સંજ્ઞા અતિ અલ્પ હોય (૩૩૦૦૦ વર્ષે અમૃતના ઓડકાર જેવો એ જીવ આહાર લે. ટૂકમાં ક્ષુધા વેદનીય કર્મના કારણે અલ્પ માત્રાનો આહાર કરી શાતા પામે. (૪) પ્રાયઃશય્યામાં જ સુતા હોય. (૫) પૂર્વ ભવે મેળવેલા જ્ઞાનને (રત્નમય ગ્રંથોદ્વારા) વાગોળે સ્વાધ્યાય દ્વાર મનન ચિંતન કરે. (૬) શય્યાની ઉપર ૨૫૩ મોતીઓથી યુક્ત ચંદરવો હોય અને તેનાંથી સુમધુર સંગીત જે નિર્માણ થાય એનું ભયસંજ્ઞા દૂર કરીએ જીવ શ્રવણ કરે. (૭) કાયા-એક હાથ પ્રમાણ હોય. (૮) નિર્મળ અવધિજ્ઞાનીને એકાવતારી હોય. (૯) નિયમા બીજે ભવે મોક્ષે જાય. (૧૦) દેવો મુખ દ્વારા આહાર ન લે તેથી 卐કવલા આહારી ન હોય પણ શરીરના છીદ્રો દ્વારા આહાર લેતા હોવાથી લોમાહારી હોય છે.

કર્મ બંધાયા પછી આઠે કર્મ જ્યારે ક્ષય થાય ત્યારે એ જીવ નિયમા મોક્ષે જ જાય. પણ મોહનીય કર્મ એવું છે કે તેનો ઉપશમ થયા પછી ક્ષય થાય. જ્યારે ઘાતીકર્મ એવું છે કે તેનો ક્ષયોપશમ થયા પછી ક્ષય થાય.

**(૧) શાતા વેદનીય :** જેના ઉદયથી આત્માને આરોગ્ય અને ઈન્દ્રિયાદિથી ઉત્પન્ન થએલ, ભૌતિક સુખનો અનુભવ થાય. (મુખ્યત્વે દેવ-મનુષ્ય)

**(૨) અશાતા વેદનીય :** જે કર્મના ઉદયે જીવને રોગ-શોકાદિ અને ઈન્દ્રિયાદિથી પ્રતિકૂળ સામગ્રી (અપૂર્ણ-સંપૂર્ણ)ના કારણે દુઃખ આર્તધ્યાનાદિનો અનુભવ થાય. (મુખ્યત્વે તિર્યંચ નારકાદિ જીવો ભારેકર્મી મનુષ્યને પણ)

---

卐 આહારના ત્રણ પ્રકાર : (૧) ઓજાહાર, (૨) લોમાહાર, (૩) કવલાહાર.

વેદનીય કર્મના ઉદયે તાવ આવે તો એ તાવ ૧૦૦/૦૧/૦૨/૦૪ એમ ડીગ્રી પ્રમાણે શરીરને ગરમ કરે. તેનું કારણ કર્મબંધ, વખતની પરિસ્થિતિ. કોઈ વૈદ્ય આયુર્વેદ શાળામાં જઈ ઉકાળા બનાવે તો તેમાં પ્રથમ પાણીનું પ્રમાણ વધુ હોય પછી ૫૦% ૨૫% અને છેલ્લે ૧૦% ત્યારે તેનો ગંધ-સ્વાદ જૂદો જ હોય. તેથી કર્મમાં આ પ્રક્રિયાને 'ચઉઠાણીયા રસ' એવા શબ્દથી ઓળખાવવામાં આવે છે. માટે જ કેટલાક જીવને અલ્પ અશાતા ઘણી દુઃખી કરે જ્યારે મજૂર-પરાધીન મનુષ્ય યા પશુઓ અધિક અશાતા વેદનીય કર્મના કારણે દુઃખ ભોગવે. પણ તેથી મન ઉપર વધુ અસર ન થાય.

સુખ દુઃખનું કર્મ દ્વારા નિર્માણ બીજે થાય. જ્યારે ઉદયકાળે આ જીવને અન્ય સ્થળે ભોગવવું પડે છે. જે સુખ શરીર-ઈન્દ્રિય દ્વારા ભોગવાય છે. તે અસ્થાઈ ક્ષણીક છે. જ્યારે સ્વસ્વરૂપના સુખની પ્રાપ્તિ સ્થાઈ-શાશ્વત છે. ક્ષણિક સુખનો સ્વભાવ પાછળ દુઃખને મૂકી જવાનો છે. જ્યારે શાશ્વત સુખ ક્યારે પણ ખૂટવાનું નથી. માટે તે મેળવવું જરૂરી છે.

### ★ વેદનીય કર્મનો બંધ કેવી રીતે થાય ?

- ★ વિનાકારણે કોઈને અપમાનીત કે શોક સંતાપ કરાવવાથી.
- ★ સ્વાર્થ ખાતર નાના જીવોને હેરાન કરવાથી કે હિંસા કરવાથી.
- ★ વડીલો-પૂજ્યોનો તિરસ્કાર–અપમાન કરવાથી.
- ★ શક્તિ હોવા છતાં દાન, વ્રત, દયાધર્મના પાલનમાં ઉપેક્ષા કરવાથી.
- ★ ક્રોધાદિ કષાયો યા ધર્મમાં અસ્થિરતા કેળવવાથી.
- ★ કર્મ નિર્જરાના સ્થાને સકામ તપ-જપ કરવાથી.

### ★ વેદનીય કર્મનો ક્ષય કેવી રીતે થાય ?

- ★ ઉત્તમ ભાવે જીરણશેઠની જેમ દેવ-ગુરુની સેવા કરવાથી.
- ★ માત-પિતા-વડીલોની (શ્રવણકુમારની જેમ) સેવા-સુશ્રુષા કરવાથી.
- ★ શક્તિ છૂપાવ્યા વગર દાનાદિ ચારે પ્રકારના ધર્મનું આચરણ કરવાથી.
- ★ કષાયોના નિમિત્તે સમતા-શાંતિ-સહનશીલતા રાખવાથી.
- ★ કર્મનો ક્ષય કરવા પરિષહને સમભાવે સહન કરવાથી.
- ★ કર્મક્ષય માટે શુદ્ધ મને તપ અને જપ કરવાથી.

### ★ શાતાવેદનીય કર્મ બાંધી ભવજલ તર્યા :

- ★ ભરત-બાહુબલી આદિએ પૂર્વભવે ગુરુની સેવા સુશ્રુષા કરી.
- ★ દ્રઢપ્રહારી, લોકો દ્વારા અસહ્ય ઉપસર્ગમાં સમતા રાખી કેવળી થયા.

★ મેઘકુમારે પૂર્વના હાથીના ભવમાં સસલાની દયા ચિંતવી. શાતાવેદનીય કર્મ બાંધ્યું.

★ વક્કલચિરિએ પાત્રાનું પડિલહેણ કરતાં કેવળજ્ઞાન મેળવ્યું.

★ ગજસુકુમાલને જોઈ સસરાએ મરણાંત ઉપસર્ગ કર્યો, છતાં સસરાને ઉપકારી માન્યા.

★ સુદર્શન શેઠ ધર્મમાં સ્થિર થઈ ધ્યાનસ્થ થયા તો નિર્ભયી બન્યા.

★ સુદર્શના રાજપુત્રીએ સમડીના ભવમાં નવકાર મંત્ર સાંભળી સમાધિ મરણ પ્રાપ્ત કર્યું.

★ માતા-પિતા વડીલને નમસ્કાર કરનાર શાતાવેદનીય બાંધે.

## ★ વેદનીય કર્મના બે ભેદની વ્યાખ્યા :

**૧) શાતા વેદનીય :** જેના ઉદયથી આત્માને આરોગ્ય અને ઈન્દ્રિય આદિથી ઉત્પન્ન થયેલ સુખનો અનુભવ થાય છે. જેમ કે - દેવ વગેરેને.

**૨) અશાતા વેદનીય :** જે કર્મના ઉદયથી જીવને રોગ અને ઈન્દ્રિય આદિથી ઉત્પન્ન થયેલ દુ:ખનો અનુભવ થાય છે. જેમ કે - નારક વગેરેને.

## ★ સુવાક્યો :

★ અશાતા ગમતી ન હોય તો બીજાને અશાતા ન આપો.

★ સુખના સ્વપ્ન આવતા હોય તો બીજાને દુ:ખ આપવાનું બંધ કરો.

★ મન અસ્થિર હોય, વચન ખરાબ હોય, કાયારોગી હોય તો સમજવું કે અશાતા વેદનીય કર્મનો ઉદય છે.

## ★ પ્રશ્નોત્તરી :


૧. વેદનીય કર્મ એટલે શું ?

૨. શાતા-અશાતા જીવ કયા કારણે પામે ?

૩. ઘાતી-અઘાતી કર્મમાં ફરક શું ?

## ★ ઉપસંહાર :

શરીર એટલે સંઘયણ. સંઘયણના છ પ્રકાર છે. મોક્ષગામી આત્માનું સંઘયણ પ્રથમ કક્ષાનું હોય. જ્યારે છેલ્લા સંઘયણવાલા જીવો પ્રાય: અશાતા ભોગવવાવાળા હોય. એટલે વેદનીય કર્મને શરીર સાથે નજીકના સંબંધે છે. જેમ ધર્મધ્યાની-શુક્લધ્યાની સદ્‌ગતિ જાય તેમ આર્ત-રૌદ્રધ્યાની જીવ દુર્ગતિ પામે. આનો અર્થ એજ કે સદ્‌ગતિ જનારો જીવ શાતાવેદનીય કર્મને ભોગવતો હોય તેમ દુર્ગતિ જનારો જીવ અશાતા વેદનીય કર્મ ભોગવતો હોય.




શરીર ક્ષણભંગૂર-નાશવંત છે. આ વાત સમજનારનાં જીવનમાં જેમ ધન આવે તો અભિમાન ન કરે અને ધન જાય તો ગરીબી દુઃખી ન થાય તેમ વેદનીય કર્મ સમતાથી ભોગવી લે જેથી જન્મ સુધરી જાય. શરીર એ ભાડાના ઘર જેવું છે. તેના દ્વારા આત્માનું સાધી લેવા વેદનીય કર્મના બંધ ઓછા કરો. આ જીવ આ કર્મના કારણે ચારે ગતિમાં ભમ્યો, સુખ-દુઃખને પામ્યો છે.

આ કર્મ કિંપાકના ફળ જેવું ખાવામાં મીઠું પણ પરિણામે દુઃખ-મૃત્યુ આપે તેવું છે. તેથી જ તલવારની ધાર ઉપર લેપાયેલા મધને ચાંટવા જેવું દર્શાવ્યું છે. પાંચે ઈન્દ્રિય સ્પર્શ-રસ-ઘ્રાણ-ચક્ષુ-શ્રોતના જૂદા જૂદા વિષયો છે. તે વિષયોને મોહરાજાએ દુષિત કર્યા છે. જે પ્રાણિ આ વિષયોમાં આસક્ત થઈ તેનું સેવન કરે છે તે દુઃખી થાય છે. વેદનીય કર્મ દાનાદિ ચારે પ્રકારના ધર્મના સેવન વખતે ઈન્દ્રિયોના વિષયોની મદદ લે છે. મદદ લેતી વખતે જાગ્રત આત્મા પોતાનું સાધી જાય છે. અન્યથા ભવભ્રમણ તો લખાયેલું છે જ.

✤


# ૬. આયુષ્ય કર્મ...

**★ મીતાક્ષરી - પરિચય :**

| | | |
|---|---|---|
| આત્માનો મૂળ ગુણ | - | અજરામરપણું–અક્ષયસ્થિતિ. |
| કર્મનું નામ | - | અઘાતીકર્મ અંતર્ગત બીજું આયુષ્યકર્મ. |
| મૂળપ્રકૃતિ | - | ૪. |
| કર્મનું ઉદાહરણ | - | જેલમાં બેડી પહેરી બેઠેલા માનવી જેવું. |
| કર્મનો ઉદય | - | ૧) અકાળે રોગાદિ નિમિત્તથી આયુષ્ય પૂર્ણ થવું.<br>૨) સુખપૂર્વક ભોગવી આયુષ્ય પૂર્ણ કરવું. |
| કર્મની સ્થિતિ | - | જઘન્ય-અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ - ૩૩ સાગરોપમ. |
| કર્મનો બંધ | - | દેવાયુષ્ય ૮ માના છઠ્ઠા ભાગ સુધી.<br>મનુષ્ય-૪ તિર્યંચ-૨ નરક-૧ ગુણસ્થાનક સુધી. |
| કર્મનો ઉદય | - | મનુષ્ય-૧૪, દેવ-૪, નરક-૪, તિર્યંચ પાંચમાં ગુણસ્થાનક સુધી. |
| કર્મ નિવારણ | - | જીવદયા પ્રતિપાલન. |
| આરાધના (મંત્રજાપ) | - | ૐ શ્રી અક્ષયસ્થિતિ ગુણધરાય નમઃ |

**જઈ આઈ હોઈ પૃચ્છા, જિણાણ મગ્ગમિ ઉત્તરં તઈયા ।**
**ઈક્કસ નિગોયસ્સ, અનંત ભાગોય સિદ્ધિગઓ ।। નવ. ૫૦**

**અર્થ :** જ્યારે જ્યારે જિનેશ્વર ભગવંતને પ્રશ્ન પૂછવામાં આવે કે, હે ભગવાન ! અત્યાર સુધીમાં કેટલા જીવો મોક્ષે ગયા ? ત્યારે ત્રિકાળજ્ઞાની દ્વારા એજ ઉત્તર મળે કે અત્યાર સુધીમાં એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે.



★ વિવરણ :

આયુષ્ય એટલે સચેતન અવસ્થા. પ્રાણવાન અવસ્થા, આત્મા અને શરીરનું મિલન, સચેતન અવસ્થાને અમુક સમય સુધી ચલાવવાની વિમા પોલીસી.

જે જીવો ત્રાસ પામવાથી આઘા પાછા જઈ-ખસી શકે તેઓને શાસ્ત્રીય પરિભાષામાં 'ત્રસજીવ' કહેવાય છે. અને જે એકજ સ્થળે ત્રણે ૠતુને સહન કરી એકજ સ્થાને સ્થિર રહે તેઓને 'સ્થાવર' કહેવાય છે. તેજ રીતે ૮૪ લાખ જીવયોનીમાં ૪ ગતિ ૫ જાતિ છ કાયમાં વિવિધ રીતે જન્મ ધારણ કરે તેને 'જીવ' કહીશું. આ જીવો પોતપોતાની યોગ્યતા અનુસાર ૪ થી ૧૦ પ્રાણવાળા હોય છે● અને પૂર્વ ભવે બાંધેલા આયુષ્યને એ ભોગવે છે.

આયુષ્યનો પ્રારંભ જન્મ સમયથી થાય છે. જન્મ - ૧. ઉપપાત, ૨. ગર્ભજ (અંડજ, જરાયુજ, પોતજ) અને ૩. સમૂર્ચ્છિમ પદ્ધતિએ થાય છે. આયુષ્ય જો ✤અપવર્તનીય હોય તો નિમિત્તથી ખંડીત થાય અને અનપર્વતનીય હોય તો પૂર્ણ-અખંડ ભોગવાય એમ બે પ્રકારનું છે.

આયુષ્યનો બંધ ચાર ગતિ હોવાથી ચાર પ્રકારે થાય છે. તેમ કહેવામાં કાંઈ જ વાંધો નથી. સર્વ સામાન્ય રીતે વર્તમાન ભવના આયુષ્યના ૨/૩ ભાગ ભોગવાઈ જાય ત્યારે પરભવનું આયુષ્ય બંધાય. ક્યારેક છેલ્લી ક્ષણે પણ બંધાય❑ એટલા જ માટે મહિનામાં ૧૦ દિવસ (દર ત્રીજો દિવસ) આરંભ-સમારંભ વિવેકી જીવ ઓછા કરી પરભવના આયુષ્યના બંધ માટે જીવદયાદિ પાળે.

કર્મબંધ મનદંડ-વચનદંડ-કાયદંડથી આત્મા દંડાય, મલિન થાય છે. તેનાથી બચવા માટે મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિથી આત્માને ગોપવી રાખવાનો હોય છે.

આટલી વાતો કર્યા પછી ચાર ગતિનો બંધ કરનાર જીવાત્માના અધ્યવસાય કેવા હોય તે પ્રસંગો પાત જાણી લઈએ.




● ૫-ઈન્દ્રિય મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય. એમ ટોટલ ૧૦ પ્રાણ હોય છે.

✤ અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, અકાળ મૃત્યુ, બાળમૃત્યુ વિ...

❑ સમડી-તિર્યંચ જીવે અંત સમયે નવકાર સાંભળી શ્રેષ્ઠી પુત્રી થઈ. સર્પને અંત સમયે સેવક દ્વારા નવકાર સંભળાવ્યો તો તે જીવ ધરણેન્દ્ર થયો.



દેવગતિ : જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ (વર્ષ) સુધી દેવગતિમાં રહે (જન્મે).


દેવગતિમાં જન્મનાર પૂર્વ ભવે સત્વવાદી, ધનવાન, રૂપવાન, દેવ ગુરુ-ધર્મનો અનુરાગી (ભક્ત) પંડિત-જ્ઞાની-સદ્‌ગુણીનો સહવાસ કરનાર સમાધિમરણ પ્રાપ્ત કરનાર (આનંદ શ્રાવકની જેમ) પ્રાયઃ હોય.

દેવગતિના ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એવા ચાર ભેદ છે. પ્રથમ બે પ્રકારના દેવો (૨૦+૩૨) ૫૨ પ્રકારના છે. તેઓ મનુષ્યલોકમાં રહે (કેટલાક પૂર્વભવના વેર લેવા માટે આ પ્રકારે જન્મે), ત્રીજા ૧૦ પ્રકારના દેવો ચંદ્ર-સૂર્ય આદિ જ્યોતિષી આકાશમાં (વિમાનમાં) રહે અને ચોથા પ્રકારના કલ્પોપપન અને કલ્પાતીત એમ કુલ-૧૨+૩+૯+૯+૫=૩૮ પ્રકારે ૭ થી ૧૪ રાજના છેડા સુધી ઉપર ઉપર રહે. આ બધા દેવો જેમ જેમ ઉપર જાય તેમ તેમ તેના આહાર આયુષ્ય સુખાદિમાં સુધારો વધારો થતો જાય. છેલ્લા સર્વાર્થસિદ્ધ અનુત્તરવાસી દેવો એકાવતારી અને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા હોય.

દેવતાઓને મતિ-શ્રુત-અવધિ એમ જન્મથી ત્રણ જ્ઞાન હોય છે. પ્રાયઃ ચોથા પ્રકારના દેવો દેવગતિના નાટારંભ જોવામાં મગ્ન હોય છે. માત્ર આયુષ્ય પૂર્ણ થવાના છ મહિના




પૂર્વે ગળામાં રહેલી માળા કરમાવા માંડે એટલે તેઓ આર્તધ્યાન કરી દુર્ગતિને નિમંત્રે છે. દેવગતિ એટલે બાંધેલા પુણ્યને ભોગવી લેવાનું સ્થાન કહી શકાય.




(૨) **મનુષ્યઆયુ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ (વર્ષ) સુધી મનુષ્યપણાને પામે મનુષ્યગતિમાં જન્મનાર જીવ પૂર્વ ભવે મીષ્ઠવચની, દાતાર, સરળ, ચતુર, જીવન સફળ કરવાની ભાવનાવાળો ક્ષમાવાન, (સાગરચંદ્રની જેમ) પ્રાયઃ મનુષ્ય ગતિને પામે.

મનુષ્યના કુલ-૩૦૩ ભેદ છે. તેમાં ગર્ભજ ૨૦૨ (સ્ત્રી-પુરુષ વિ.) અને સમુર્ચ્છિમ ૧૦૧ (મલમૂત્રાદિ) ભેદે છે. મનુષ્યનું શરીર ઔદારિક (વૈક્રિય-આહારક) વર્ગણાનું નિર્માણ થયેલું હોય છે. પાંચ ઈન્દ્રિયથી પરિપૂર્ણ ૧૦ પ્રાણથી યુક્ત એવા પુણ્યવાન જીવો ધારે તો આરાધના દ્વારા કર્મનો સંપૂર્ણ ક્ષય કરી શાશ્વતનગરી-મોક્ષને પણ પ્રાપ્ત કરી શકે છે.


અઢી દ્વીપમાં ૮૪ લાખ યોનીમાં ભટકતો આ જીવ ધર્મના સહારે મિથ્યાત્વ દશામાંથી સમકિત-સમ્યગ્દર્શનને પામે. તેથી એ જીવનો અર્દ્ધપુદ્ગલ પરાવર્તન કાળ ઓછો થયો એમ સમજવું. આગળવધી દેશવિરતિ અને સર્વવિરતિપણાને પણ પામે. પહેલા ગુણસ્થાનકથી પ્રારંભ કરેલી જીવન યાત્રા ૧૪-મા ગુણસ્થાનકે પહોંચી શાશ્વતા સુખને પામે. આ સ્થાન પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય માત્ર મનુષ્યગતિમાં જન્મેલા ભવિઆત્માને જ ફાળે જાય છે.



(૩) **તિર્યંચાયુ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ (વર્ષ) સુધી તિર્યંચ પણાને પામે છે.

ગૂઢ હૃદયવાળો, કપટી, શઠ, લુચ્ચો, માયાવી મિથ્યાત્વી, આર્તધ્યાની જે જીવ પૂર્વ જન્મમાં હોય તે (અશોકદત્ત-નાગદત્તની જેમ) પ્રાયઃ તિર્યંચ ગતિ પામે.

દેવ અને મનુષ્યની જેમ તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના જલચર, સ્થલચર, ખેચર બે પગા, ચાર પગા વિગેરે પ્રકારો જોવા મળે છે. આ જીવોને લગભગ ઓછું સુખ અને વધારે દુ:ખનો અનુભવ કરવો પડે છે. એનો અર્થ એજ કે, ભાગ્યનો ઉદય હોય તો ૧/૨ ટકા જેટલા લક્ષણ વંત ઉત્તમ જીવો અલ્પાતિ અલ્પ ધર્મારાધનાના પ્રભાવે ચંડકૌશિક અથવા ચક્રવર્તીનો અશ્વાદિ જીવો જાતિ સ્મરણાદિ કારણે ધર્મ આરાધના કરે. સુખનો શ્વાસ લેવા જન્મ-મરણ ઘટાડવા ભાગ્યશાળી બને બાકી કર્માનું સાર એ ગતિમાં ભવભ્રમણ કરે.




(૪) નરકાયુ : જે ભારે કર્મના ઉદયના કારણે જીવ અમુક સમય (વર્ષ) સુધી નરકપણાને પામે.

મહા આરંભ સમારંભવાળો, રૌદ્ર પરિણામી, મહાપરિગ્રહી અશુભલેશ્યાવાલો તીવ્ર કષાયી, પાપ બુદ્ધિવાળા જીવ (સુભુમચક્રી-મમ્મણશેઠ આદિ) પ્રાય:નરકગતિને પામે.


નરકગતિ ૧ થી ૭ રાજમાં ૯૦૦ યોજન ઓછા જેટલી જગ્યામાં ત્રસનાડીમાં આવી છે. ત્યાં સાતે નરકના જીવ જેમ જેમ પૃથ્વીની નીચે નરકાવાસમાં જાય તેમ તેમ ગાઢાતિગાઢ અંધકારમય રીતે દુ:ખમય જીવન પૂરૂં કરે છે. ૧૫ પરમાધામીઓ પૂર્વ ભવના દુષ્કૃત્યોને યાદ કરાવી એ જીવોને અસહ્ય દુ:ખ આપે. એ જીવોનું શરીર પારા જેવું હોવાથી વિખરાઈ પણ જાય ને ભેગુ પણ થઈ જાય. જીવનમાં એ જીવોને શીત,

ઉષ્ણ, ક્ષુધા વિગેરે ૧૦ પ્રકારની વેદના મુંગા મોઢે સહન કરવી પડે છે. એ જીવોના જન્મ ''ઉપપાત'' પદ્ધતિથી કુંભીપાકમાંથી થાય. નપુંસક વેદવાળા એ જીવોને સમ્યક્ત્વ હોય તો અવધિજ્ઞાન અને મિથ્યાત્વી હોય તો વિભંગજ્ઞાન હોવાથી પરસ્પર શત્રુતા વધારે પણ શાંતિથી જીવી ન શકે. દુઃખને પાપને ભોગવવા માટે જ તેઓનો ત્યાં જન્મ થાય એમ સમજવું.

આયુષ્યકર્મ-બીજા બધા કર્મની જેમ કરણી તેવી ભરણી એન્યાયે જો પૂર્વ ભવમાં જીવદયાનું દ્રવ્ય-ભાવથી ઉત્તમ પ્રકારે પાલન કર્યું હોય તો તેના કારણે એ જીવ ૧. દીર્ઘ સુખાકારી આયુષ્ય ૨. રૂપવાન શરીર ૩. નિરોગી કંચન વર્ણી કાયા ૪. પ્રમાણોપેત (જાગૃત) ઈન્દ્રિય ૫. દેવી સુખ ૬. તીર્થંકર-ચક્રવર્તિ જેવી પદવી ૭. ધનવાન બુદ્ધિમાન છતાં સંતોષી ૮. આધ્યાત્મિક સુખ જેવા અનેકાનેક સુખોને (મેઘકુમારની જેમ) પ્રાપ્ત કરે. આવા મરણને પંડિતમરણ–સમાધિમરણ કહે છે.

જીવની ખરાબ લેશ્યા હોય, મૃત્યુવખતે દયાજનક પરિસ્થિતિ હોય, નાશવંત વસ્તુમાં કે આરંભ સમારંભનો ત્યાગ કર્યા વિના મન તેમાં રોકાયું હોય તો સમજવું કે મૃત્યુ-મરણ બગડ્યું તેની સાથે દુર્ગતિનું આમંત્રણ મળ્યું. આવા મરણને બાળમરણ કહે છે.

અંત સમયે જો જીવ ઘુંટણથી નીચે અને ઘુંટીથી ઉપરના ભાગમાંથી છૂટો પડે (મરે) તો એ જીવ ભવાંતરે નરકે જાય. (૨) કમ્મરથી નીચે ઘુંટણથી ઉપરના ભાગમાંથી છૂટો પડે (મરે) તો તિર્યંચ ગતિમાં જાય. (૩) નાભિથી ઉપર હૃદય સુધીના સ્થાનમાંથી છૂટો પડે (મરે) તો મનુષ્ય ગતિ પામે અને (૪) જીવ મુખમાંથી (આંખ-જીભ) જાય તો દેવગતિનો અધિકારી બને. લક્ષણ ઉપરથી તેની ગતિ જાણી શકાય.



જીવ સંપૂર્ણ શરીરમાંથી (આત્મા વિજળીના કરંટની જેમ) જાય તો ૧૪ રાજલોકના છેડે મોક્ષમાં જાય. ટૂંકમાં આયુષ્યકર્મ જીવના આચાર-વિચાર વર્તન ઉપર ચોકી રાખે છે. ક્ષણેક્ષણનો હિસાબ રાખે છે. સુકૃત્ય કર્યું હોય તો એ રીતે અને દુષ્કૃત્ય કર્યું હોય તો જેલમાં જેમ ગુણેગારને બેડી પહેરાવવામાં આવે તેમ સજા કરે છે. આ પરંપરામાંથી જો બચવું હોય તો માત્ર કર્મબંધ ઓછા કરો.

ઉપા. શ્રી યશોવિજયજી મ. તપપદની પૂજામાં બંધનકરણ, સંક્રમણ, ઉદ્વર્તના, અપર્વતના, ઉદીરણા, ઉપશમના અને નિધત્તિ એમ સાત કરણથી તપનું ઉત્તમ પ્રકારે આરાધન કરવામાં આવે તો કર્મ બદલી શકાય પરંતુ જો નિકાચિત કર્મ બાંધ્યુ હોય તો તે સમતાપૂર્વક ભોગવવું એ જ કલ્યાણનો માર્ગ છે.

## ★ આયુષ્યકર્મનો શુભબંધ કેવી રીતે થાય ?

★ શુભ આચાર-પરિણતિ-અધ્યવસાયથી.

★ મન-વચન-કાયાને ગોપવી (ગુપ્તિ) રાખવાથી.

★ જીવદયા-અનુકંપા પાળવાથી શુભ આયુષ્યબંધ થાય.

## ★ આયુષ્યકર્મનો ક્ષય કેવી રીતે થાય ?

★ જે કર્મ બાંધ્યુ હોય તે જ કર્મને સમતાથી ભોગવો.

★ ભૂલે ચૂકે નવું કર્મ બાંધતા ૧૦૦ વખત વિચાર કરો.

★ સમાધિ-શાંતિમય જીવન જન્મ મરણ ઘટાડે છે.

★ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો તો સંસાર ઘટી જશે.

## ★ અશુભકર્મ બંધ-બાંધનારા :

| | |
|---|---|
| ★ **નરકગતિ પામ્યા** | તંદુલિયો મત્સ્ય અશુભ વિચારો કરી. |
| કાળસૌરિક કસાઈ | દ્રવ્ય-ભાવથી હિંસા કરી. |
| વસુરાજા | ઉત્કૃષ્ટ અસત્ય બોલીને. |
| બિંબસાર (શ્રેણિક) | હરણીની હિંસાની અનુમોદના કરી. |
| કંડરિક મુનિ (રાજા) | રૌદ્ર પરિણામથી. |
| ★ **નરકગતિથી બચ્યા** | પ્રસન્નચંદ્ર લડાઈના અશુભ વિચારોનું પ્રાયશ્ચિત કરી. |
| ★ **પ્રાયશ્ચિત્તના કારણે** | અર્ણિકામુનિ કેવળી થયા. |
| | અર્જુનમાળી સંસાર તરી ગયા. દ્રઢપ્રહારી મોક્ષ પામ્યા. |
| | મૃગાવતિજી ગુરુના ઠપકાથી કેવળી થયા. |
| | નૂતનમુનિ – ચંડરુદ્રાચાર્યના ઠપકાથી કેવળી થયા. |

## ★ આયુષ્યકર્મના ૪ ભેદની વ્યાખ્યા :

**૧) નરકાયુષ્ય કર્મ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ સુધી નરકમાં જ રહે. તે ત્યાંથી નીકળવા ઈચ્છે, છતાં પણ નીકળી ન શકે, ત્યાંનું આયુષ્ય પૂર્ણ કર્યા બાદ જ નીકળે, તે નરકાયુષ્ય કર્મ કહેવાય.

**૨) તિર્યંચાયુષ્ય કર્મ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ સુધી તિર્યંચમાં રહે તે.

**૩) મનુષ્યાયુષ્ય કર્મ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ મનુષ્ય તરીકે રહે તે.

**૪) દેવાયુષ્ય કર્મ :** જે કર્મના ઉદયથી જીવ અમુક કાળ સુધી દેવ તરીકે રહે તે.

## ★ સુવાકયો :

★ આયુષ્ય ચલણી નોટ છે. જેટલું બંધાયુ તેટલુ જ ભોગવશો.

★ સદ્‌ગતિનું આયુષ્ય સારા આચાર-વિચારથી બંધાય.

★ દેવગતિનું આયુષ્ય વધુ પણ અવિરતિમય જીવન છે.

★ મનુષ્યગતિનું આયુષ્ય અલ્પ પણ મોક્ષ સુખ અપાવે.

★ દુર્ગતિના આયુષ્યનોબંધ અયોગ્ય આચાર-વિચારથી બંધાય.

## ★ પ્રશ્નોત્તરી :

૧. જન્મ ક્યાં લેવો સારો ?

૨. આયુષ્યને કર્મની જેલ સાથે સરખાવો ?

૩. પરંપરાએ સુખી કોણ ? દેવ કે મનુષ્ય.

## ★ ઉપસંહાર :

વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર એ ચારે કર્મને શરીર સાથે ઘણો જ નજીકનો સંબંધ છે. સુખ-દુઃખ ભોગવવા ભાડાના ઘર જેવું શરીર મેળવવું. શરીર દ્વારા જે કાંઈ પણ પ્રવૃત્તિ કરવાની હોય તે માટે નામકર્મની પ્રભેદવાળી સેના ભેગી કરવી અને તે ભોગવવા માટે આચાર-વિચાર-વિગેરે ઉચ્ચ કક્ષાના રાખવા. આ રીતે ટૂંકમાં અઘાતી કર્મ એક કારખાનું છે અને ઘાતી કર્મ કારખાના સાથે સંકળાયેલ ઉત્પાદનની વિચારધારા છે. (મશીનરી) જે દિવસે મશીન અને કારખાનું બંધ થાય તે દિવસે આત્મા સંસારથી મુક્ત થઈ મોક્ષમાં પહોંચી ગયો એમ સમજવું.

બાંધેલા કર્મ ભોગવવાનું સાધન. એટલે એકગતિમાંથી બીજી ગતિમાં આત્માનું જવું. આવેલા મહેમાન જેમ માનથી રહે અને સમય થએ તે વિદાય લે તેમ શરીરમાં આત્મા રહે. પછી ગમે ત્યાં રહે જો સમયનો પૂર્ણ ઉપયોગ કરે. તો જન્મ મરણ ઘટે યા સદ્‌ગતિને પામે. માટે જ આયુષ્ય સમાધિપૂર્વક પૂર્ણ કરવા 'સમાધિમરણ' મેળવવા ઉદ્યમ કરવો જોઈએ.


# ૭. નામકર્મ...

**★ મીતાક્ષરી -- પરિચય :**

| | |
|---|---|
| આત્માનો મૂળ ગુણ | - અરૂપીપણું. |
| કર્મનું નામ | - અઘાતી કર્મ અંતર્ગત ત્રીજું નામ કર્મ. |
| મૂળપ્રકૃતિ-ભેદ | - મૂળ-૨ શુભ ૬૨ અશુભ-૪૧ |
| પ્રભેદ પિંડપ્રકૃતિ | - ૧૪ (૭૫) |
| પ્રત્યેક પ્રકૃતિ | - ત્રસદશક-૧૦, સ્થાવરદશક-૧૦, પ્રત્યેકની-૮ = ૨૮. |
| કર્મના ઉદયથી થતી વિકૃતિ | - કુરુપતા |
| કર્મનું ઉદાહરણ | - ચિત્રકાર જેવું. |
| કર્મની સ્થિતિ | - જઘન્ય-૮ મુહૂર્ત ઉત્કૃષ્ટ-૨૦ કોડાકોડી સાગરોપમ |
| કર્મનો બંધ | - ૧૦મા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી. |
| કર્મનો સંપૂર્ણક્ષય | - ૧૪મા અયોગી કેવળી ગુણસ્થાનકે પૂર્ણ થાય. |
| કર્મ નિવારણ | - માયા, કપટ રહિત ઈન્દ્રિયોનો શુભ વ્યાપાર. |
| આરાધના (મંત્રજાપ) | - ૐ શ્રી અમૂર્ત ગુણધરાય નમઃ |

**જન્મ દુખં, જરા દુખં, રોગાશ્ચ મરણાની ચ ।**
**અહો દુખં ખલુ સંસાર, યત્ર કિલશ્યંતિ જન્તવઃ ।।** (વૈરાગ્ય શતક)

**અર્થ :** જન્મ દુઃખ, મરણ દુઃખ, વૃદ્ધાવસ્થા દુઃખ અને રોગ દુઃખ છે. અહો ! આ સંસાર જ દુઃખ છે. જેમાં જીવ કલેશ પામે છે.



**★ વિવરણ :**

ગુજરાતીમાં કહેવત છે કે, 'તાવડી તેર વાનાં માગે' તર્કશાસ્ત્રમાં પણ એક વાતને સિદ્ધ કરવા સમવાયી, અસમવાયી નિમિત્તાદિ કારણોનો સાથ લેવો પડે છે. તેમ વેદનીય કર્મે સુખ-દુઃખની બક્ષીસ આપી. આયુષ્ય કર્મ ભોગવવા માટે સ્થિતિ (વર્ષો) આપ્યા પણ હજી મુળજીભાઈ કુંવારાની જેમ નામકર્મ વિના બધું નકામું. નામકર્મ એક એન્જિન જેવું કાર્ય છે. શરીરમાં અનેક સાધનો ભેગા થાય તો કામ કરે છે.

એક ગતિમાંથી આત્મા બીજા ગતિમાં ભાડેના ઘરમાં જ્યારે રહેવા જાય ત્યારે જન્મતાં જ બધી સાધન સામગ્રી જોઈએ. તે નામકર્મની ૧૦૩ પ્રકૃતિ દ્વારા અપનાવે અને ક્રમશઃ વિકસાવી ભોગવે છે.

આમ શાંત ચિત્તે જોવા-વિચારવા જાઓ તો કર્મગ્રંથમાં નામકર્મનું સામ્રાજ્ય ઘણું વિશાળ, મહત્વનું, અટપટુ ને વિચારણીય છે. તેની પ્રકૃતિ અંગે વિચારીશું તો શુભ-૬૨ અને અશુભ-૪૧ છે. બીજી રીતે તેના પિંડપ્રકૃતિ ૧૪(૭૫) પ્રત્યેક પ્રકૃતિ-૮ ત્રસદશક-૧૦ સ્થાવરદશક-૧૦ કુલ-૧૦૩, આ રીતે ૪ વિભાગમાં વહેચી શકાશે. આ બધી પ્રકૃતિમાંથી કેટલાક જીવોને ઓછી પણ હોઈ શકે છે. પણ નામ કર્મની માયા જીવ માત્રને સ્પર્શે છે, લાગુ પડે છે તેમાં બે મત નથી.

૧૦૩ પ્રકૃતિઓને સર્વપ્રથમ ચાર વિભાગમાં માત્ર નામ સાથે જોઈ લઈએ.

(૧) ૧૪ પિંડ પ્રકૃતિ :

**૪ ગતિ નામકર્મ :** નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ નામકર્મ છે.

**૫ જાતિ નામકર્મ :** એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિનામ કર્મ છે.

**૫ શરીર નામકર્મ :** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કર્મણ શરીર નામ-કર્મ છે.

**૩ અંગોપાંગ નામકર્મ :** ઔદારિક, વૈક્રિય, આહારક અંગોપાંગ નામકર્મ છે.

**૧૫ બંધન નામકર્મ :** ૧ ઔદારિક ઔદારિક, ૨. ઔદારિક તેજસ, ૩. ઔદારિક કાર્મણ, ૪. ઔદારિક તેજસકાર્મણ, ૫. વૈક્રિય વૈક્રિય, ૬. વૈક્રિય તેજસ, ૭. વૈક્રિય કાર્મણ, ૮. વૈક્રિય તેજસ કાર્મણ, ૯. આહારક આહારક, ૧૦. આહારક તેજસ, ૧૧. આહારક કાર્મણ, ૧૨. આહારક તેજસ કાર્મણ, ૧૩. તૈજસ તેજસ, ૧૪. તૈજસકાર્મણ અને ૧૫. કાર્મણ કાર્મણ બંધન નામકર્મ છે.

**૫ સંઘાતન નામકર્મ :** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ સંઘાતન નામકર્મ છે.

**૬ સંઘયણ નામકર્મ :** વજ્રઋષભ નારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને છેવટ્ઠું સંઘયણ છે.

**૬ સંસ્થાન નામકર્મ :** સમચતુરસ્ત્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક સંસ્થાન નામકર્મ છે.

**૫ વર્ણ નામકર્મ :** કૃષ્ણ (કાળો), નીલ (આસ્માની), લોહિત (લાલ) હારિદ્ર (પીળો) અને શ્વેત (સફેદ) વર્ણ નામકર્મ છે.

**૨ ગંધ નામકર્મ :** સુગંધ અને દુર્ગંધ નામ કર્મ છે.

**૫ રસ નામકર્મ :** તિક્ત (તીખો) કટુ (કડવો) કષાય (કષાયેલો) આમ્લ (ખાટો) અને મધુર (મીઠો) નામકર્મ છે.

**૮ સ્પર્શ નામકર્મ :** શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, લઘુ, ગુરુ, મૃદુ અને કર્કશનામકર્મ (આ સ્પર્શ નામકર્મમાં ૪ અનુકૂળ અને ૪ પ્રતિકૂળ એટલે પરસ્પર વિરોધી હોય છે.)

**૪ આનુપૂર્વી નામકર્મ :** નરકાનુપૂર્વી, તિર્યંચાનુંપૂર્વી, મનુષ્યાનુંપૂર્વી અને દેવાનુપૂર્વી નામ કર્મ છે.

**૨ વિહાયોગતિ :** શુભ વિહાયોગતિ અને અશુભવિહાયોગતિ નામે નામકર્મ છે.

ઉપર પ્રમાણે ૧૪ પિંડ પ્રકૃતિના કુલ-૭૫ પ્રભેદ મુખ્યત્વે શરીર સાથે ઘણાં નજીકથી સંકળાયેલા છે. એથી જીવ વ્યવહારીક રીતે અનુકૂળ કાર્ય કરવા પ્રેરાય છે.



**(૨) ૮ પ્રત્યેક પ્રકૃતિ :** અગુરુલઘુ, ઉપઘાત પરાઘાત, શ્વાસોશ્વાસ, આતપ, ઉદ્યોત, નિર્માણ અને તીર્થંકર નામકર્મ એ આઠ પ્રત્યેક નામકર્મની પ્રકૃતિ છે.

**(૩) ત્રસ દશક :** ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર આદેય અને યશ એમ દશ ત્રસ દશક છે.

**(૪) સ્થાવર દશક :** સ્થાવર, સુક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય દુઃસ્વર, અનાદેય અને અપયશ એમ દશ સ્થાવર દશક છે.


નામકર્મના બંધ અવસરે અને તેના ઉદય અવસરે શારીરિક-માનસિક, ધાર્મિક-આધ્યાત્મિક પરીસ્થિતિ પ્રતિસ્પર્ધી ક્યારેક બને છે. બંધના સ્થાન-સંયોગો અને ઉદયના સ્થાને-સંયોગોમાં ફરક પડે છે. શરીરના અંગોપાંગની બાબતમાં કર્મનો ઉદયે મૃગા લોઢીયાનું દૃષ્ટાંત નજર સામે રાખવામાં આવે તો ભોગવનાર કરતાં આંખે જોનાર ઘણાં કરૂણાળુ-દયાળું બને તેથી ભાવિમાં આવા કર્મ ભોગવવાનો ભૂલેચૂકે પણ પ્રસંગ જીવનમાં ન આવે તેની એ કાળજી રાખે, આચાર આચારે, કર્મ બાંધતા અટકે.

નામકર્મનો ઉદયે પોતપોતાના શરીરાદિમાં નીચે મુજબ સંકળાયેલા જોવા મળે.●

| | | | |
|---|---|---|---|
| ★ સુસ્વર | - કોયલ | ★ દુઃસ્વર | - કાગડો, ગધેડો |
| ★ યશનામ | - શ્રીપાળકુમાર | ★ અપયશ | - ધવલ શેઠ, કોણીક |
| ★ અયોગ્ય શરીર | - મૃગા લોઢિયા | ★ લક્ષણવંત શરીર | - ચક્રવર્તી |
| ★ સુરભી ગંધ | - ગુલાબ, ચંપો | ★ દુર્ગંધ | - સડેલું કલેવર |
| ★ મધુર રસ | - શેરડી | ★ ખાટોરસ | - લીંબુ |
| ★ ઉજ્વલવર્ણ | - ચંદ્ર | ★ આતપ | - સૂર્યનું વિમાન |
| ★ સ્થિર નામકર્મ | - દાંત | ★ અસ્થિર નામકર્મ | - આંખ, કીકી |
| ★ શુભ વિહાયોગતિ | - વૃષભ-હંસ | ★ ગતિનામકર્મ | - ૪ ગતિમાંથી એક |
| ★ સ્થાવર | - ઝાડ | ★ જિન નામકર્મ | - તીર્થંકર પદ |
| ★ આદેય | - ભ.પાર્શ્વનાથ. | | |

નામ કર્મને ચિત્રકાર (ચિતારા) જેવું વર્ણવાયું છે. ચિત્રકાર કોઈપણ મનુષ્ય-પશુ-વિ.નું ચિત્ર દોરે ત્યારે પોતાની કલ્પના અનુસાર અંગ-ઉપાંગાદિને ભાવોને રેખાચિત્રમાં વિકસાવે તેમ બાંધેલા ઘાતી-અઘાતીકર્મને ભોગવવા નામકર્મ તેવા પ્રકારના શરીર-સંઘયણ-સંસ્થાનાદિને કર્મ અનુસાર નિર્માણ કરે. શિખાઉ ચિત્રકાર પ્રમાણોપેત ચિત્ર ન બનાવે તેમ અશુભ નામકર્મના ઉદયથી ખોડ-ખાંપણવાળું શરીર મળે. મનોબળ જ કર્મ બાંધવા-ખપાવવા કામ કરે છે.

● પંચકલ્યાણી ઘોડો, કામધેનુ ગાય, ઐરાવણ હાથી, ૩૨ લક્ષણવંતો બાળક, પદ્મીની સ્ત્રી.




**★ નામકર્મનો બંધ કયા કારણે થાય ?**

★ કદરૂપા કે શરીરની ખામીવાલા જોઈ હાસ્ય-મશ્કરી ન કરો.

★ આળ-આક્ષેપ-ગાળો ન આપો.

★ મન વચન કાયાનો અશુભ વ્યાપાર કરવાથી.

★ આત્માનો સ્વભાવ અકષાયી છે. તેને કષાયી કરવાથી.

**★ નામકર્મનો ક્ષય કયા કારણે થાય ?**

★ શરીરે ઉણાપવાળા જીવોની સેવા કરો.

★ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મન-વચન-કાયાના શુભ પરિણામ રાખવાથી.

★ દુ:સ્વર અને અનાદેય નામકર્મ ખપાવવા મૌન રહો.

**★ નામકર્મ સાથે સંકળાયેલા મહાપુરુષો :**

★ સગરચક્રવર્તિએ રૂપનું અભિમાન કરી જન્મ-મરણ વધાર્યા.

★ મેઘકુમાર મુનિએ કાયાની માયા પ્રભુવીરના વચને ત્યજી.

★ નંદીષેણ મુનિ કદરૂપા હોવાથી અપમાનાદિ સમભાવે સહ્યા.

**★ નામકર્મના મુખ્ય ૪ ભેદની વ્યાખ્યા :**

૧) પિંડ પ્રકૃતિ ૨) પ્રત્યેક પ્રકૃતિ ૩) ત્રસ દશક ૪) સ્થાવર દશક.

**પિંડ પ્રકૃતિ** : નામકર્મની જે પ્રકૃતિઓના ઉત્તરભેદ હોય, તેને પિંડ પ્રકૃતિ કહેવાય છે. તેના ગતિ વગેરે ૧૪ ભેદ છે, જેના ઉત્તરભેદ ૭૫ છે.

૧) **ગતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને નરક આદિ ગતિ મળે છે, તેના ચાર ભેદ છે.

- **નરકગતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને નરકગતિ મળે.
- **તિર્યંચગતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને તિર્યંચગતિ મળે.
- **મનુષ્યગતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને મનુષ્યગતિ મળે.
- **દેવગતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને દેવગતિ મળે.

૨) **જાતિ નામકર્મ** : જેના ઉદયથી જીવને એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિ વ્યવહાર પ્રાપ્ત થાય છે. તેના પાંચ ભેદ છે.

- **એકેન્દ્રિય જાતિ નામકર્મ** : જેના ઉદયથી એકેન્દ્રિય તરીકે જીવનો વ્યવહાર થાય છે.
- **બેઈન્દ્રિય જાતિ નામકર્મ** : જેના ઉદયથી બેઈન્દ્રિય તરીકે જીવનો વ્યવહાર થાય છે.
- **તેઈન્દ્રિય જાતિ નામકર્મ** : જેના ઉદયથી તેઈન્દ્રિય તરીકે જીવનો વ્યવહાર થાય છે.
- **ચઉરિન્દ્રિય જાતિ નામકર્મ** : જેના ઉદયથી ચઉરિન્દ્રિય તરીકે જીવનો વ્યવહાર થાય છે.
- **પંચેન્દ્રિય જાતિ નામકર્મ** : જેના ઉદયથી પંચેન્દ્રિય તરીકે જીવનો વ્યવહાર થાય છે.

૩) **શરીર નામકર્મ** : જે કર્મના ઉદયથી જીવ ઔદારિક વર્ગણા આદિના પુદ્ગલો ગ્રહણ કરે છે અને ઔદારિક શરીર આદિરૂપે પરિણમાવે છે. તેના ૫ ભેદ છે.

- **ઔદારિકશરીર નામકર્મ** : જે કર્મના ઉદયથી જીવ ઔદારિક પુદ્ગલો ગ્રહણ કરે છે અને ઔદારિક શરીરરૂપે બનાવે છે.
- **વૈક્રિયશરીર નામકર્મ** : જે કર્મના ઉદયથી જીવ વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે અને વૈક્રિય શરીરરૂપે બનાવે છે.
- **આહારકશરીર નામકર્મ** : જે કર્મના ઉદયથી જીવ આહારક વર્ગણાના પુદ્ગલો લઈને આહારક શરીરરૂપે બનાવે છે.
- **તેજસશરીર નામકર્મ** : જે કર્મના ઉદયથી જીવ તેજસ વર્ગણાના પુદ્ગલો લઈને તેજસ શરીરરૂપે બનાવે છે.

● **કાર્મણશરીર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ કાર્મણ વર્ગણાના પુદ્ગલો લઈને કાર્મણ શરીર (કર્મ) રૂપે બનાવે છે.

૪) **અંગોપાંગ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને મસ્તક, છાતી, પેટ, પીઠ, હાથ, પગ, અંગ તથા આંગળી વગેરે ઉપાંગ અને રેખાઓ વગેરે અંગોપાંગ મળે, તે અંગોપાંગ નામકર્મ કહેવાય. તેના ત્રણ ભેદ હોય છે. ૧. ઔદારિક અંગોપાંગ નામકર્મ, ૨. વૈક્રિય અંગોપાંગ નામકર્મ, ૩. આહારક અંગોપાંગ નામકર્મ.

તેજસ અને કાર્મણ શરીરને અંગોપાંગ હોતા નથી. તેમજ એકેન્દ્રિય જીવને પણ અંગોપાંગ હોતા નથી. થડ, ડાળી, પાંદડાં વગેરે ભિન્ન ભિન્ન આકારનાં શરીર હોય છે.

૫) **બંધન નામકર્મ :** જે કર્મના ઉદયથી ગ્રહણ કરાતાં ઔદારિક આદિ પુદ્ગલો જૂના ઔદારિક આદિ પુદ્ગલોની સાથે ચોંટી જાય, તે બંધન નામકર્મ ગુંદર અને લાખ જેવું છે.

૧) ઔદારિક ઔદારિક બંધન નામકર્મ, ૨) ઔદારિક તૈજસ બંધન નામકર્મ, ૩) ઔદારિક કાર્મણ બંધન નામકર્મ, ૪) ઔદારિક તૈજસ બંધન નામકર્મ, ૫) વૈક્રિય વૈક્રિય બંધન નામકર્મ, ૬) વૈક્રિય તૈજસ બંધન નામકર્મ, ૭) વૈક્રિય કાર્મણ બંધન નામકર્મ, ૮) વૈક્રિય તૈજસ કાર્મણ બંધન નામકર્મ, ૯) આહારક-આહારક બંધન નામકર્મ, ૧૦) આહારક તૈજસ બંધન નામકર્મ, ૧૧) આહારક કાર્મણ બંધન નામકર્મ, ૧૨) આગારક તૈજસ કાર્મણ બંધન નામકર્મ, ૧૩) તૈજસ-તૈજસ કાર્મણ બંધન નામકર્મ, ૧૪) તૈજસ-કાર્મણ બંધન નામકર્મ, ૧૫) કાર્મણ-કાર્મણ બંધન નામકર્મ.

૬) **સંઘાતન નામકર્મ :** જે કર્મ પોતાના ઉદયથી શરીરની રચના કરવાવાળા, નિશ્ચિત પ્રમાણવાળા પુદ્ગલોને દંતાલીની જેમ ભેગા કરે. તેના ૫ ભેદ છે.

૧) ઔદારિક સંઘાતન નામકર્મ, ૨) વૈક્રિય સંઘાતન નામકર્મ, ૩) આહારક સંઘાતન નામકર્મ, ૪) તૈજસ સંઘાતન નામકર્મ,, ૫) કાર્મણ સંઘાતન નામકર્મ.

૭) **સંઘયણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને હાડકાંની વિશિષ્ટ રચના પ્રાપ્ત થાય છે. તેના ૬ ભેદ છે. વજ્રઋષભ નારાચ આદિ ૬ સંઘયણ કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તે સંઘયણ નામકર્મ કહેવાય છે. સંઘયણના વજ્રવૃષભ નારાચ આદિ ૬ ભેદ છે. તેમનું વર્ણન નીચે પ્રમાણે છે.

● **વજ્રઋષભ નારાચ સંઘયણ :** જેમાં મર્કટ બંધની જેમ બંધાએલા બે હાડકાં ઉપર એક હાડકાંનો પટ્ટો હોય તથા તેના ઉપર ખીલી લાગેલી હોય, આવી હાડકાંઓની રચના વજ્રઋષભ નારાચ સંઘયણ કહેવાય છે.

● **ઋષભ નારાચ સંઘયણ :** જેમાં ખીલી ન હોય. (શેષ ઉપર પ્રમાણે હોય.)

● **નારાચ સંઘયણ :** જેમાં ફક્ત બંને બાજુ મર્કટ બંધ હોય.

● **અર્ધનારાચ સંઘયણ :** જેમાં એક બાજુ મર્કટ બંધ હોય અને બીજી બાજુથી બે હાડકાં ખીલીમાં જકડાયેલા હોય.

● **કીલિકા સંઘયણ :** જેમાં બંને હાડકાંઓની જોડ ફક્ત ખીલીથી જકડાયેલ હોય.

● **છેવઠ્ઠું સંઘયણ :** જેમાં હાડકાંઓ એકબીજાને માત્ર અડીને રહ્યા હોય અર્થાત્ એક હાડકામાં બીજું ફસાયેલ હોય. ભરત ક્ષેત્રમાં આજે બધાને આ સંઘયણ હોય છે. જેથી જલદી ફ્રેક્ચર વગેરે થાય છે.

દેવ, નારક અને એકેન્દ્રિયને સંઘયણ નામકર્મનો ઉદય હોતો નથી. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવને છેવઠ્ઠા સંઘયણ નામકર્મનો ઉદય હોવાથી છઠ્ઠું સંઘયણ હોય છે.

સંજ્ઞા પંચેન્દ્રિય જીવને પોતાના કર્મોના અનુસારે ૬ સંઘયણ હોય છે, પહેલું સંઘયણ પુણ્ય પ્રકૃતિ છે, બીજાં પાપ પ્રકૃતિ છે.

૮) **સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને શુભ અને અશુભ સ્વરૂપની આકૃતિ પ્રાપ્ત થાય છે, તે સંસ્થાન નામકર્મ કહેવાય છે. તેના સમચતુરસ્ત્રસંસ્થાન વગેરે ૬ ભેદ હોય છે.

● **સમચતુરસ્ત્ર સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને ચારે ખૂણા જેમાં સમાન હોય, તેવું સંસ્થાન મળે, અથાત્-પયાપકાસનથી બેસતાં :

૧) જમણા ખભાથી ડાબા ઢીંચણ સુધીનું અંતર, ૨) ડાબા ખભાથી જમણા ઢીંચણ સુધીનું અંતર, ૩) બંને ઢીંચણની વચ્ચેનું અંતર અને ૪) લલાટથી બે ઢીંચણના વચ્ચેના મધ્યભાગ સુધીનું અંતર. આ ચારેય અંતર સમાન માપવાળાં હોય, વળી જેમાં બધાં અવયવ શાસ્ત્રમાં કથિત શુભ લક્ષણો સહિત હોય છે. તે સમચતુરસ્ત્ર સંસ્થાન કહેવાય. અને તે, જે કર્મના ઉદયથી મળે, તે સમચતુરસ્ત્ર સંસ્થાન નામકર્મ કહેવાય.

● **ન્યાગ્રોધ પરિમંડલ સંસ્થાન નામકર્મ :** વડવૃક્ષનો ઉપરનો ભાગ સૌન્દર્યયુક્ત હોય છે અને નીચેનો ભાગ કૃશ અને સૌન્દર્ય રહિત હોય છે. એવી જ રીતે જે કર્મના ઉદયથી નાભિના ઉપરનો આકાર શાસ્ત્રોક્ત શુભ લક્ષણોથી સહિત હોય અને નીચેનો આકાર શુભ લક્ષણોથી સહિત ન હોય.

● **સાદિ સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને નાભિના ઉપરનો ભાગ શાસ્ત્રીય લક્ષણોથી રહિત અને નીચેનો ભાગ શાસ્ત્રીય લક્ષણ સહિત હોય. એમ પૂર્વના સંસ્થાનથી ઉલટું હોય.

● **કુબ્જ સંસ્થાન નામકર્મ :** હાથ, પગ, મસ્તક અને ડોક શાસ્ત્રીય લક્ષણથી સહિત

હોય અને પેટ તથા હૃદય લક્ષણ રહિત હોય, તે કુબ્જ સંસ્થાન કહેવાય, તે જે કર્મના ઉદયથી હોય તે કુબ્જ સંસ્થાન નામકર્મ.

- **વામન સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને કુબ્જથી વિપરીત આકૃતિ મળે.
- **હુંડક સંસ્થાન નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના બધા અવયવ અશુભ લક્ષણવાળા હોય.

નારક, સ્થાવર અને વિકલેન્દ્રિયને હુંડક સંસ્થાન હોય. દેવને પહેલું સંસ્થાન હોય તથા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને ૬ સંસ્થાન હોય છે. પહેલું સંસ્થાન નામકર્મ પુણ્ય પ્રકૃતિ છે, શેષ પાંચ પાપ પ્રકૃતિ છે.

૯) **વર્ણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં શ્વેતાદિ વર્ણ (રંગ) હોય. તેના પાંચ ભેદ છે.

- **કૃષ્ણ (કાળો) વર્ણ નામકર્મ :** જેના ઉદયથી શરીરનો રંગ કાળો હોય.
- **નીલ (આસમાની) વર્ણ નામકર્મ :** જેના ઉદયથી શરીરનો બ્લ્યુ રંગ હોય.
- **લોહિત (લાલ) વર્ણ નામકર્મ :** જેના ઉદયથી શરીરનો રંગ લાલ હોય.
- **હારિદ્ર (પીળો) વર્ણ નામકર્મ :** જેના ઉદયથી શરીરનો રંગ પીળો હોય.
- **શ્વેત (સફેદ) વર્ણ નામકર્મ :** જેના ઉદયથી શરીરનો રંગ સફેદ હોય.

૧૦) **રસ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તિક્ત વગેરે રસ હોય. તેના પાંચ ભેદ છે.

- **તિક્ત (તીખો) રસ નામકર્મ :** જે કર્મના ઉદયથી શરીર મરચાં જેવા તીખા રસવાળું હોય.
- **કટુ (કડવો) રસ નામકર્મ :** જે કર્મના ઉદયથી શરીર કારેલા જેવા કડવા રસવાળું હોય.
- **કષાય (કષાયેલો) રસ નામકર્મ :** જેના ઉદયથી શરીર હરડે જેવા તુરા રસવાળું હોય.
- **આમ્લ (ખાટો) રસ નામકર્મ :** જેના ઉદયથી શરીર આમલી જેવા ખાટા રસવાળું હોય.
- **મધુર (મીઠો) રસ નામકર્મ :** જેના ઉદયથી શરીર ગોળ જેવા મીઠા રસવાળું હોય.

**૧૧) ગંધ નામકર્મ :**

- **સુગંધ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં ગુલાબના ફૂલ જેવી સુગંધ હોય.
- **દુર્ગન્ધ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં લસણ જેવી દુર્ગન્ધ હોય.

**૧૨) સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં શીત આદિ સ્પર્શ હોય. તેના ૮ ભેદ છે.

- **શીત સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી હિમ જેવો ઠંડો સ્પર્શ હોય.
- **ઉષ્ણ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં આગ જેવો ગરમ સ્પર્શ હોય.
- **સ્નિગ્ધ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં તેલ જેવો ચિકણો સ્પર્શ હોય.
- **રૂક્ષ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં રાખ જેવો સ્પર્શ હોય.
- **લઘુ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં રૂ જેવો હલકો સ્પર્શ હોય.
- **ગુરુ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં લોઢા જેવો ભારે સ્પર્શ હોય.
- **મૃદુ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં માખણ જેવો કોમળ સ્પર્શ હોય.
- **કર્કશ સ્પર્શ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કરવત જેવો સ્પર્શ હોય.

કાળો, આસમાની, દુર્ગંધ, તિક્ત, કડવો, ગુરુ, કર્કશ, શીત એ ૯ અશુભ છે, શેષ ૧૧ શુભ છે.

**૧૩) આનુપૂર્વી નામકર્મ :** જે કર્મના ઉદયથી મૃત્યુ પામી નરક આદિ ગતિમાં જતી વખતે જીવને ગમનમાં આકાશ પ્રદેશાનુસારે વક્ર (વાંકું) ગમન થાય છે. આ કર્મ બળદની દોરી અથવા મોટરકારના સ્ટેરિંગ જેવું છે. તેના ૪ ભેદ હોય છે.

- **નરકાનુપૂર્વી નામકર્મ :** જેના ઉદયથી નરકમાં જતી વખતે આકાશ પ્રદેશાનુસારે વક્ર ગમન થાય તે.
- **તિર્યંચાનુપૂર્વી નામકર્મ :** જેના ઉદયથી તિર્યંચમાં જતી વખતે આકાશ પ્રદેશાનુસારે વક્ર ગમન થાય તે.

● **મનુષ્યાનુપૂર્વી નામકર્મ :** જેના ઉદયથી મનુષ્યમાં જતી વખતે આકાશ પ્રદેશાનુસારે વક્ર ગમન થાય તે.

● **દેવાનુપૂર્વી નામકર્મ :** જેના ઉદયથી દેવમાં જતી વખતે આકાશ પ્રદેશાનુસારે વક્ર ગમન થાય તે.

**૧૪) વિહાયોગતિ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને શુભ કે અશુભ ગતિ (ચાલ) પ્રાપ્ત થાય. તેના ૨ ભેદ છે.

● **શુભ વિહાયોગતિ નામકર્મ :** જેના ઉદયથી હાથી વગેરેની જેવી સારી ચાલ મળે.

● **અશુભ વિહાયોગતિ નામકર્મ :** જેના ઉદયથી ઊંટ વગેરેની જેવી ખરાબ ચાલ મળે.

**પ્રત્યેક પ્રકૃતિ :** જે પ્રકૃતિઓના ઉપભેદ નથી તે પ્રત્યેકને પ્રકૃતિ કહેવાય છે. પ્રત્યેક પ્રકૃતિ નીચે મુજબ ૮ છે.

૧) **અગુરુલઘુ નામકર્મ :** જેના ઉદયથી શરીર લોઢા જેવું અત્યંત ગુરુ=ભારી અને રૂ જેવું અત્યંત લઘુ=હલકું ન મળે.

૨) **ઉપઘાત નામકર્મ :** જેના ઉદયથી પોતાનો અવયવ પોતાને બાધા પહોંચાડનાર મળે. જેમ કે, પડજીભ, છટ્ઠી આંગળી વગેરે.

૩) **પરાઘાત નામકર્મ :** જેના ઉદયથી જીવ બીજાને પ્રભાવિત કરે, તેવું શરીર મળે.

૪) **શ્વાસોચ્છ્વાસ નામકર્મ :** જેના ઉદયથી ઉચ્છ્વાસ લબ્ધિથી યુક્ત જીવ બને છે તેથી જીવ શ્વાસોચ્છ્વાસ વર્ગણાને લઈ તેને ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપે પરિવર્તિત કરે છે.

૫) **આતપ નામકર્મ :** જે કર્મના ઉદયથી પોતે ઠંડુ રહીને બીજાને ઉષ્ણતાયુક્ત પ્રકાશ આપનાર શરીર જીવને મળે. જેમ સૂર્યના વિમાનના રત્નના જીવોનું શંરીર પોતે ઠંડું હોવા છતાં બીજાને ગરમ પ્રકાશ આતપનામકર્મના ઉદયથી આપનારું છે. અગ્નિકાય જીવોનું શરીર ઉષ્ણ સ્પર્શ અને રક્ત વર્ણનાળું હોવાથી ગરમ પ્રકાશવાળું હોય છે. પરંતુ તે આતપ નામકર્મના ઉદયથી ન હોય. કેમ કે અગ્નિકાય જીવોનું શરીર પોતે ઠંડું હોતું નથી.

૬) **ઉદ્યોત નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને ઠંડો પ્રકાશ આપનાર શરીર મળે. જેમ કે, ચંદ્રના વિમાનમાં રહેનાર રત્નોના જીવોનું શરીર અને આગિયા જીવનું શરીર.

૭) **નિર્માણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ પોતાના શરીરના અંગોપાંગ સુથારની જેમ તે તે યોગ્ય સ્થાને બનાવે, જેમ મોઢાની વચ્ચે નાક વગેરે.

૮) **તીર્થંકર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ ૮ મહાપ્રાતિહાર્યથી સહિત તીર્થંકર બને અને ધર્મશાસનની સ્થાપના કરે.

**ત્રસદશક :** નીચે લખેલ ત્રસ આદિ ૧૦ પ્રકૃતિયોનો સમૂહ ત્રસદશક કહેવાય છે.

૧) **ત્રસ નામકર્મ :** જે કર્મના ઉદયથી ત્રસપણું પ્રાપ્ત થાય. અર્થાત્ એવી કાયા મળે કે જેથી તડકાથી બચવા છાંયડામાં પોતાની મેળે જઈ શકે. જેમ કે કીડા, માણસ વગેરે.

૨) **બાદર નામકર્મ :** જે કર્મના ઉદયથી આંખે દેખાય એવું શરીર જીવને મળે.

૩) **પર્યાપ્તિ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય આહારપર્યાપ્તિ વગેરે પૂર્ણ કરે.

૪) **પ્રત્યેક નામકર્મ :** જે કર્મના ઉદયથી ૧-૧ જીવને અલગ સ્વતંત્ર શરીર મળે.

૫) **સ્થિર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને અંગોપાંગ સ્થિર મળે, જેમ કે દાંત વગેરે.

૬) **શુભ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને નાભિ ઉપરના શુભ અવયવ મળે જેમકે માથું વગેરે.

૭) **સૌભાગ્ય નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ બીજા ઉપર ઉપકાર ન કરે, તો પણ એમનાથી સ્વાગત વગેરે પામે.

૮) **સુસ્વર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને કોયલ જેવો મધુર અવાજ મળે.

૯) **આદેય નામકર્મ :** જે કર્મના ઉદયથી તર્ક રહિત વચન બોલવા છતાં પણ લોકો એ વચનનો સ્વીકાર કરે.

૧૦) **યશ નામકર્મ :** જે કર્મના ઉદયથી પોતાનો યશ વિસ્તરે.

**સ્થાવર દશક :** નીચે મુજબ સ્થાવર વગેરે ૧૦ પ્રકૃતિઓનો સમૂહ સ્થાવર દશક કહેવાય છે.

૧) **સ્થાવર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને સ્થાવરપણું મળે, અર્થાત્ જેના ઉદયથી એક સ્થાનેથી બીજા સ્થાને તડકા આદિના કારણે પોતાની મેળે જઈ ન શકે, એવું શરીર મળે.

૨) **સૂક્ષ્મ નામકર્મ :** જે કર્મના ઉદયથી અનેક શરીર ભેગા હોવા છતાં પણ આંખેથી ન દેખાય.

૩) **અપર્યાપ્ત નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય આહાર વગેરે પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે.

૪) **સાધારણ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવ સાથે અનંતા જીવ એક શરીરમાં રહેવાનું હોય.

૫) **અસ્થિર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને જીભ વગેરે અસ્થિર મળે.

૬) **અશુભ નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને નાભિના નીચેના અશુભ અવયવ મળે.

૭) **દૌર્ભાગ્ય નામકર્મ :** જે કર્મના ઉદયથી લોકના ઉપકારી એવા જીવોનું સ્વાત વગેરે લોકોથી ન થાય. પરંતુ લોકો અરૂચિ રાખે.

૮) **દુ:સ્વર નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને કાગડા અને ગધેડા વગેરે જેવો કર્કશ અવાજ મળે.

૯) **અનાદેય નામકર્મ :** જે કર્મના ઉદયથી યુક્તિયુક્ત વચન બોલવા છતાં પણ લોક તેનો સ્વીકાર ન કરે.

૧૦) **અપશય નામકર્મ :** જે કર્મના ઉદયથી જીવને સારાં કામો કરવા છતાં પણ અપયશ મળે.

**★ સુવાક્યો :**

★ બાલ્ય-યુવા-પ્રૌઢ-વૃદ્ધાવસ્થા નામકર્મનું નાટક છે.

★ કોઈના મિત્ર ન થાઓ ચાલશે. પણ શત્રુતો ન જ થતાં.

★ નામકર્મનો ક્ષય એટલે મોક્ષ પ્રાપ્તિ.

**★ પ્રશ્નોત્તરી :**

★ વરદત્ત મૂગા-બોબડા રાજપૂત્ર કેમ થયા ?

★ નામકર્મ શું ચિત્રકાર જેવું છે ?

★ શરીરમાં કઈ કઈ નામકર્મની વસ્તુ છે ? ૧૦ના નામ આપો.

**★ ઉપસંહાર :**

નામ સ્થાપના દ્રવ્ય ભાવએ ચાર સ્થાપના નિક્ષેપામાંથી જે પુદ્‌ગલો-આકૃતિને જોવાથી "નામ" પાડવામાં આવે તેવા અનેકાનેક ગુણધર્મોનો જે સ્થળે સંગ્રહ થયો છે. તેણે નામકર્મનું પરિણામ કહેવામાં આવે તો ખોટું નથી.

સંસારમાં ૩૨ લક્ષણવંતા બાળકમાંની પરીક્ષામાં અંગ-ઉપાંગ-સ્વર-શરીર-વર્ણ આદિને તપાસવા પડે છે. એજ રીતે કામધેનુ ગાય અથવા પદ્મીની સ્ત્રીની પરીક્ષા કરતી

વખતે નામકર્મની શુભ પ્રકૃતિઓને નજર સામે રાખવી પડે છે. એટલે સંસારમાં જે ભાગ્યવાન હોય તે બધા જીવો નામકર્મની અનેક સાનુકૂળ પ્રકૃતિવાળા હોય એમ સમજવું.✤

જીવનમાં ભાગ્યવાન થવા માટે પૂર્વભવે વિવિધ રીતે નામકર્મનો બંધ કરવો પડે તેજ રીતે ભાગ્યવાન થયા બાદ ભગવાન અથવા કર્મરહિત થવા માટે પુરુષાર્થમાં સહેજ પણ ઉણપ ન રખાય. ટૂકમાં આઠ કર્મમાં જેમ મોહનીય કર્મ યા અંતરાય કર્મ જન્મ-મરણ વધારે છે. તેમ આયુષ્ય-વેદનીય ને ગોત્ર કર્મની મદદ લઈ નામકર્મનો સંપૂર્ણ ક્ષય કરવા પ્રયત્ન કરવામાં આવે તો સંસારનો અંત દૂર નથી.

શુભ નામકર્મ બાંધવા માટે નીચેની ૪ ભાવનામાંથી પ્રથમ બે અશુભ અને બીજી બે શુભ કહીશું તો ખોટું નથી.

| | | | |
|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત માટે | મારું જ ભલું થાઓ | અધમાધમ |
| ૨ | પોતાના પરિવાર માટે | અમારું ભલું થાઓ | અધમ |
| ૩ | સંસારીઓ માટે | આપણું ભલું થાઓ | મધ્યમ |
| ૪ | જીવ માત્ર માટે | સૌનું ભલું થાઓ | ઉત્તમ |

નામકર્મની ભલે પ્રકૃતિ ૧૦૩ હોય પણ જ્યારે કર્મનો ક્ષય થવા લાગે છે ત્યારે એમાંથી અમુક પ્રકૃતિ આત્મોન્નતિ માટે ઘણી ઉપયોગી બને છે.

બસ હવે ગોત્ર-કર્મની મુલાકાત લઈ સંસારથી મુક્તીનો માર્ગ શોધીએ એજ મંગળ કામના.

✤

---

✤ એક પંડિત (મુનિ) રાજસભામાં આવે છે. તેમના વક્ર શરીરાદિને જોઈ સભા હસે છે. ત્યારે એ પંડિત સભાને ઉદ્દેશી કહે છે, મારા શરીરની સામે ન જુઓ, મારા જ્ઞાનને જુઓ.

# ૮. ગોત્રકર્મ...

**★ મીતાક્ષરી - પરિચય :**

આત્માનો મૂળ ગુણ - અગુરુલઘુપણું.

કર્મનું નામ - અઘાતીકર્મ અંતર્ગત - ચોથુ ગોત્રકર્મ

મૂળ પ્રકૃતિ (ભેદ) - ૨

કર્મનો ઉદય વિકૃતિ - ઉચ્ચ અથવા નીચ ગોત્ર (કુળ)માં જન્મવું.

કર્મનું ઉદાહરણ - કુંભારના ઘડા જેવું.

કર્મની સ્થિતિ - જઘન્ય-૮ અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૦ કોડાકોડી સાગરોપમ.


કર્મનો બંધ - નીચગોત્ર-૨,

ઉચ્ચગોત્ર-૧૦મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે.

કર્મનો સંપૂર્ણક્ષય - ૧૩માં સયોગી કેવળી ગુણસ્થાનકે.

કર્મ નિવારણ - વિનયી, વિવેકી, નિરાભિમાની જીવન.

આરાધનાના મંત્ર - ૐ હ્રીં શ્રી અગુરુલઘુ ગુણધરાય નમઃ




**★ વિવરણ :**

ક્ષેત્ર-જમીન કાળીભૂમિ, ફળદ્રુપભૂમિ, કસવગરની ભૂમિ, ઉખરભૂમિ વિગેરે જોવા મળે છે. જમીનને સંસ્કારીત કર્યા પછી સમયાનું સાર ખેડયા પછી તેમાં કસવાલું બી નંખાય છે. ચોખા (ડાંગર)ના પાક લેવા માટે જમીનની શેકવી (બાળવી) પડે છે જ્યારે શેરડીનો પાક મેળવવા માટે બે વખત વાવવી અને રાહ જોવી પડે છે.

ફળ-(ધાન્ય) કેટલુંક જમીનની ઉપર પાકે. કેટલુંક જમીનને અડીને પાકે, કેટલુંક જમીનની અંદર (અનંતકાય) પાકે તો છોડ (દ્રાક્ષ) ખેતરમાં મંડપ બાંધી તેના ઉપર થાય તો કેરી શ્રીફળના ઝાડની જેમ ઉપર ઉંચે થાય. આટલી કથા એટલા માટે વિચારી કે, ખેડૂત જેવું વાવે તેવું તે પ્રકારે ઉગાડે. તેમ ગોત્રકર્મની વાત સમજવાની જરૂર છે.

ગોત્રકર્મના ઉચ્ચ અને નીચ એમ બે પ્રકાર છે. જીવમાત્ર સાથે સિધો તેનો સંબંધ છે. ઉચ્ચગોત્રીય જીવનું આયુષ્ય, વેદના અને નામ વિશિષ્ટ પ્રકારની ભોગવવાની પદ્ધતિ છે. જ્યારે નીચ ગોત્રીય જીવનું આયુષ્ય-વેદના કે નામ ભોગવવા માટે દયા પાત્રક દશા હોય છે.

સામાન્ય રીતે ઉચ્ચ ગોત્રીય જીવનો આહાર શુદ્ધ-સાત્વિક-પૌષ્ટિક અલ્પ હિંસાવાળો મર્યાદીત હોય છે.★ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન અને દર્શન પણ સમ્યગ્દર્શન હોય છે. ચારિત્ર પણ સમ્યગ્ ચારિત્ર. એટલે એ જીવો ગુણવાન અલ્પકષાયી હોય જ્યારે નીચ ગોત્રીય જીવો તેનાથી તદન વિરુદ્ધ હોય. કહેવા દો એ જીવો મનુષ્યપણાને પામ્યા એ જ ભૂલ થઈ અથવા મનુષ્ય થઈ ગાઢ કર્મ બાંધી બીજા ભવે દુર્ગતિ-નરકગતિને પામે છે. (મનુષ્યલોકા મૃગાશ્ચરંતિ)





★ સર્વાથ સિદ્ધ વિમાનવાસી જીવ ૩૩ હજાર વર્ષે અમૃતનો ઓઢકાર લઈ તૃપ્ત થાય. જ્યારે પહેલા-બીજા આરાના યુગલિક જીવો ૩ દિવસે તુવેરના દાણા જેટલો, બે દિવસે બોર જેટલો આહાર કરે.

મન ચંચળ છે. છતાં કર્મ એ ચંચળ મનને ગગનવિહાર કરવા હેતુ નથી. આજે જેમ માનવી પુણ્યહીન હોય છતાં પુરુષાર્થ કરોડપતિ થવાનો કરે. પંડીત પુત્ર કપિલને રાજા પ્રસન્ન થયો. જો કે રાજા રોજ બે માસાનું સુવર્ણદાન આપતો હતો. પણ આ ભાગ્યશાળી ઉપર રાજી થયો. અને જે માગવું હોય તે માંગવા કહ્યું. પંડીત પુત્ર કપિલે વિચાર કરવા બે મિનીટ માંગી. બગીચામાં જઈ વિચાર કર્યો ૨-૪ માસા સુવર્ણથી શું થશે. ૧૦૦૦/૨૦૦૦ માગું ? તે પણ ખૂટી જશે. ગામ માગું પ્રાન્ત માંગુ અડધુ રાજ્ય માગું ? અચાનક વિચાર આવ્યો કે રાજાનું રાજ્ય માંગવા બેઠો તે સારું છે ? લોભનો થોભ ન હોય. ત્યાંજ એ માંગનારે દીશા બદલી નાખી. કાંઈજ જોઈતું નથી. એમ નમ્રભાવે રાજાને કહ્યું.

ગોત્રકર્મને કુંભાર જેવું કહ્યું છે. કુંભાર માટીને કેળવે, નરમ બનાવે અને ઈચ્છા અનુસાર નાના-મોટા માટલા, કુંડા, દીવા વિ. બનાવે તેમ કર્મ આ જીવને જેવા કર્મ બાંધ્યા હોય તેવા ગોત્ર (કુળ)માં જન્મ અપાવે. અર્થાત્ સારા કર્મના ઉદયથી ઐશ્વર્ય સન્માન વિગેરે યુક્ત જાતિ અને ઉત્તમ કુળમાં જીવનો જન્મ થાય. તેજ રીતે નીચગોત્ર કર્મ-જે કર્મના ઉદયથી ઐશ્વર્ય-સત્કાર-સન્માન રહિત નીચ જાતિ અને નીચકુળમાં જન્મ થાય. શરીર, ધન, પરિવારાદિ પણ તેવા મળે.

કુંભાર-ઘડા તો બનાવે પણ ઘરે લઈ જનાર એ ઘડામાં પાણી પણ ભરે ને દુર્ગંધીત પદાર્થ પણ ભરે. તેમ નીચ કુળમાં જન્મેલ જીવ ઉચ્ચકુળને શોભે તેવી પણ ભાગ્યના યોગે કદાચ કાર્ય કરે. નીચકુળમાં જન્મવાનું તે જીવ માટે નિકાચિત કર્મના અનુસાર નિશ્ચિત હતું પણ ત્યાં ભાગ્યનું પાંદડું બદલાઈ ને તે જીવ પ્રસંશનીય કાર્ય કરતો થયો.卐




ઉચ્ચ કુળમાં તીર્થંકર, ગણધર, ઉગ્રકુળ, ભોગકુળ, રાજન્યકુળ, હરિવંશકુળ, ઈન્દ્ર, ચક્રવર્તિ વાસુદેવ, બળદેવ, હીરો, માણેક, કલ્પવૃક્ષ આદિ આવી શકે છે. તે માટે પૂર્વમાં જીવે (૧) દેવ-ગુરુ-જ્ઞાનનીસેવા (૨) જિનધર્મની આરાધના-પ્રભાવના (૩) અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રતનો સ્વીકાર આરાધના (૪) નિયાણા વગરની કર્મક્ષયની બુદ્ધિથી તપસ્યા (૫) નિર્મળ નિરાભિમાની જીવન (૬) ગુણાનુરાગી પણું (૭) જૈન દર્શન અહિંસામૂલક

卐 જ્યાં સુધી શ્રેણીક રાજાનું નામ બિંબસાર પ્રસિદ્ધ હતું ત્યાં સુધી એ જીવે હિંસા પણ કરી પરંતુ ભ. મહાવીરના સમાગમથી એ આત્માએ શુભકરણી કરી તીર્થંકર પદની નિકાચના પણ કરી.

ધર્મનું જ્ઞાન ભણે-ભણાવે-અનુમોદે વિગેરે શુભકાર્ય કરી ઉચ્ચગોત્રકર્મનો બંધ કર્યો હતો.

ઉચ્ચગોત્રકર્મના બંધની વાત જેમ ઉપર જણાવેલ તેમ નીચ ગોત્રકર્મ બંધ માટે સામાન્ય રીતે જાતિ-કુળાદિનું નીચે મુજબની વાતો શાસ્ત્રમાં આવે છે. ટૂંકમાં કોઈ પણ સારું કાર્ય આ જીવથી થયા પછી તેની જાહેરાત કરવી ન જોઈએ. જમણા હાથે આપેલા દાન માટે ડાબા હાથને પણ ખબર પડવી ન જોઈએ. દાન જો ગુપ્ત અપાય તો વધુ ને વધુ આપવાની ભાવના થાય. દાન આપવાની ભાવના પુણ્યના યોગે થાય છે.

**૮ પ્રકારના અભિમાન કરનારા અને નીચ ગોત્ર કર્મનો બંધ કરનારાઓ :**

| | પ્રકાર | કરનાર | પરિણામ |
|---|---|---|---|
| ૧. | જાતિમદ | હરિકેશીમુનિ | ચાંડાળ-નીચકુળમાં જન્મ |
| ૨. | કુળમદ | મરીચિ | બ્રાહ્મણ કુળમાં જન્મ |
| ૩. | બળમદ | બિંબસાર (શ્રેણિક રાજા) | નરકગતિમાં જન્મ |
| ૪. | રૂપમદ | સનતકુમાર ચક્રી | કાયા અનેક રોગોથી ઘેરાઈ |
| ૫. | શ્રુત(જ્ઞાન) | સ્થુલિભદ્ર મુનિ | ૪ પૂર્વની અર્થથી વાચના ન મળી |
| ૬. | ઐશ્વર્યમદ | દશાર્ણભદ્ર | ઈન્દ્રની ઋદ્ધિ જોઈ શરમાવવું પડયું. |
| ૭. | લોભમદ | સુભૂમ ચક્રી | સમુદ્રમાં ડૂબી દુર્ગતિ પામ્યા. |
| ૮. | તપમદ | કુરગુડુ મુનિ | તીવ્ર ક્ષુધાવેદનીય કર્મનો ઉદય. (તપ ધર્મનો અંતરાય) |

ગોત્ર-એટલે કુળ. માતાના પક્ષે-મોસાળ અને પિતાના પક્ષે-કુળ કહેવાય છે. ભારતીય સંસ્કૃતિ અને કર્મ વિજ્ઞાને વારસાગત કેટલીક વસ્તુ પુત્ર પરિવારના જીવન સાથે સાંકળી દીધી છે. મોટે ભાગે રોગ-અને ધન વારસામાં પુત્ર-પુત્રીઓને મળે છે. તે કારણથી ઉચકુળમાં જન્મેલા જીવની વિદ્યાર્થી અવસ્થા સંસ્કારી થાય તે જરૂરી છે. જે દિવસે આ પરંપરા બદલાશે તે દિવસે ન ધારેલું ન વિચારેલું અનુભવવું પડે. તેમાં કાંઈ નવાઈ નથી. આપણા જ બાંધેલા કર્મ આપણાને જ ભોગવવાના છે.卐

ગોત્રકર્મનો પડછાયો પૂર્વના સાતે કર્મો પર પડે છે. ઉચ્ચગોત્રના અધિકારી જીવને જ્ઞાનાદિ સાતે કર્મ અનુકૂળ અલ્પમાત્રામાં ભોગવવા પડે છે. ઉચ્ચ કોટીના પરિણામના કારણે જન્મ-મરણનો અંત સહેલાઈથી થોડા જ કાળમાં એ કરી શકે છે. જ્યારે નીચ ગોત્રના ઉદયવાળો પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવન જીવે ને ભવના ફેરા વધારે. ઉચ્ચગોત્રીય

卐 રોહણીય ચોરે વારસાગત ધંધો કર્યો પણ પ્રભુવીરના અનિચ્છાએ સાંભળેલા વચનોએ એ સુધરી ગયો.

જીવ એટલે લાકડાંની નાવમાં પ્રવાસ કરનાર આત્મા જ્યારે નીચ ગોત્રીય જીવ પત્થરની નાવમાં બેસી સંસાર સમુદ્રને પાર કરવાનો પુરુષાર્થ કરનાર આત્મા. બીજી રીતે જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતીકર્મ એટલે અધ્યાત્મશાસ્ત્ર અને વેદનીયાદિ ચાર અઘાતીકર્મ એટલે શરીર શાસ્ત્ર અધ્યાત્મ ઉચ્ચકોટીનું જીવનમાં પ્રવેશે એટલે શરીરની નશ્વરતા સમજાઈ જાય અને તેના દ્વારા છેલ્લી સાધના સધાઈ જાય.

## ★ ગોત્રકર્મ કેવી રીતે બંધાય ?

- ★ કષાયોના કારણે નીચગોત્ર કર્મ બંધાય.
- ★ ભાષાસમિતિ ઉચ્ચ ગોત્રકર્મ બાંધવા કામ આવે છે.
- ★ ભૂતકાળ કે વર્તમાન કાળનું કર્મ પશ્ચાતાપથી વધે-ઘટે.
- ★ તીર્થંકર નામકર્મ ઉચ્ચકુળમાં જન્મવાથી બંધાય.

## ★ ગોત્રકર્મ કેવી રીતે ખપે ?

- ★ સારા કાર્યો કરવાથી નીચકુળનો બંધ અટકે.
- ★ સારી રસોઈની જેમ સારું જીવન ભૂલ સુધારવાથી થાય.
- ★ રોગ કે ધન વારસામાં મળે છતાં ભોગવતા આવડે તો અટકે.
- ★ ડૉક્ટરનો પુત્ર કર્મ તેવા બાંધે તો જ ડૉક્ટર થાય.

## ★ ગોત્રકર્મ સાથે સંકળાયેલા મહાપુરુષો :

- ★ કુરગુડુ મુનિએ તપ ન કર્યો પણ તપસ્વીની સેવા કરી તરી ગયા.
- ★ ઈલાચીએ રાગનો ત્યાગ કર્યો તો કેવળી થયા.
- ★ અઈમુત્તા મુનિ જીવ વિરાધનાથી કર્મ બાંધતા હતા પણ પ્રાયશ્ચિત્તથી તર્યા.
- ★ સાતે કર્મના શુભબંધથી નામકર્મ શુભ બંધાય.
- ★ હરિકેષી મુનિ નીચ ગોત્રકર્મમાંથી મુનિપણાના કારણે ઉચ્ચગોત્રીય થયા.
- ★ હંસ પક્ષી કાગડાના સંગથી દુઃખી થયો.
- ★ દશાર્ણભદ્રનું પ્રભુવીરનું અદ્વિતીય સામૈયું અભિમાનના કારણે કલંકિત થયું.
- ★ છ ખંડથી સુભૂમચક્રીને સંતોષ ન થયો તો ડૂબી મર્યા.

## ★ ગોત્રકર્મના ૨ ભેદની વ્યાખ્યા :

૧) **ઉચ્ચગોત્ર કર્મ :** જે કર્મ ઉદયથી ઐશ્વર્ય અને સત્કાર વગેરેથી સંપન્ન ઉત્તમ જાતિ અને ઉત્તમ કુળમાં જીવનો જન્મ થાય.

૨) **નીચગોત્ર કર્મ :** જે કર્મના ઉદયથી ઐશ્વર્ય આદિથી રહિત નીચજાતિ અને નીચ કુળમાં જન્મ થાય.

**★ સુવાક્યો :**

★ વાણી અને વર્તન ઉચ્ચ કુળની જાહેરાત કરે છે.

★ સ્વદેશમાં રાજા-વિદ્વાન બધે માન-પાન પામે છે.

★ ઈચાલીકુમાર છેલ્લે ઉચ્ચ કુળના કારણે તરી ગયા.

**★ પ્રશ્નોત્તરી :**

૧. ગોત્ર કર્મનું જીવનમાં સ્થાન ક્યાં ?

૨. આઠ મદ કરે તો શું નુકસાન ?

૩. ખરાબ સારા ને સારા ખરાબ ક્યારે થાય ?

૪. ત્રાજવામાં બે પલ્લા હોય તેમ જીવનમાં શું છે ?

૫. મોક્ષ ક્યો કર્મબંધ કરવાથી મળે ? ન મળે ?

**★ ઉપસંહાર :**

દેવગતિ સામાન્ય માનવીને ઉચ્ચગતિ જેવી લાગે પણ તે ગતિમાં પણ ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ, અનીક પ્રકીર્ણક, આભિયોગિક અને કિલ્બીશીક-એવા ૧૦ ભેદ છે. કુમારનંદી સોનાર હાસા-પ્રહાસાના મોહમાં બળીને દેવ તો થયો. પણ ત્યાં ઢોલ વગાડવાનું કૃત્ય તેને કરવું પડ્યું. કિલ્બીશીક એટલે ચાંડાલ જેવું હલકું કર્મ કરનાર. તિર્યંચગતિમાં પણ ગધેડા, શિયાળ, ભૂંડ, ઘુવડ જેવા જીવોને સ્પર્શ કરવામાં આપણે પાપ સમજીએ છીએ. તેથી નીચ ગોત્રકર્મના ઉદયવાળા જીવોનો સમાગમ પણ ન કરવાનું ઉપકારી પુરુષોએ ફરમાવ્યું છે.✤

સંસારમાં મિત્રની વ્યાખ્યા કરાતં બતાડયું છે કે, શરીરને પહેલા નંબરનો જીગરજાન મિત્ર ઘણાં માને છે. પણ એ જ ધોકો આપી દુર્ગતિ સુધી પહોંચાડે છે. બીજા નંબરે સ્વજનો સાથે સંબંધ કહ્યો છે પણ તે વાર તહેવારે મીઠું-મીઠું બોલવા પૂરતું કામ આપે છે. ત્રીજો ધર્મ (દેવ-ગુરુ-કલ્યાણમિત્ર) મિત્ર છે. જે સંસારીને સુખ-દુઃખમાં કામ આવે છે. અનંત કાળના જન્મ-મરણના ફેરામાંથી ઉગારે છે.

ટૂંકમાં ઉચ્ચગોત્ર કર્મ એ અપેક્ષાએ આધિ-વ્યાધિ-ઉપાધિમય સંસારથી બચવા માટેનું સર્વોત્તમ કારણ છે. સારી વિચારણા, સારા વિચાર, સારી ભાવના કલ્પનાતીત શુભ ફળ આપે છે. માટે જ તેનો સદુપયોગ કરી ધન્ય બનીએ એજ મંગળ કામના.

✤

---

✤ સમકિતી જીવને મિથ્યાત્વીનો સંગ પણ ન કરવા કહ્યું છે.

# ચાલો આત્મારામ ! શાશ્વતા ઘરે...

૧. મારું નામ અરૂપી આત્મા.

૨. હું નિત્ય છું.

૩. હું કર્મનો (વ્યવહારથી) કર્તા છું.


૪. કર્મનો (વ્યવહારથી) ભોક્તા છું.

૫. મોક્ષ છે અને

૬. મોક્ષ પ્રાપ્તિનો ઉપાય છે.

આ એક સનાતન છ સત્ય વાતો છે પણ તેના (આત્માના) પ્રારંભની તિથિ-વાર-મહિનો-ઋતુ-સંવતની કોઈ નોંધ મળતી નથી. પછી કુંડલી કે ફળાદેશની વાત જ નકામી. અવ્યવહાર રાશિમાં અનંતકાળ નિવાસ કર્યા પછી આત્મા વ્યવહાર રાશિમાં આવ્યો. સૂક્ષ્મ નિગોદમાંથી બાદર નિગોદમાં આવ્યો. પ્રત્યેક વનસ્પતિમાંથી સામાન્ય વનસ્પતિમાં આવ્યો. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-તિર્યંચ પંચેન્દ્રિય અને દેવ-નરકની વિઝિટ લઈ અંતિમ સ્ટેશનરૂપ દુર્લભ એવી પંચેન્દ્રિય મનુષ્ય ગતિમાં આવ્યો.

આ ભ્રમણ યાત્રામાં કેટલીય ઉત્સર્પિણી-અવસર્પિણીઓ પૂરી થઈ. બસ, હવે તેનો અંત-કિનારો દૂર નથી. આ પરિભ્રમણમાં સારું-ખરાબ, જાણ્યે-અજાણ્યે ઘણું કર્યું, ઘણું ભોગવ્યું. હવે કર્મની કથા જાણી લીધા પછી જ્યાં શાશ્વતું ઘર છે ત્યાં તમોને લઈ જવું છે. એક વાત નક્કી મનમાં બેસાડી દેજો કે જો પરિભ્રમણ ઘટાડવું હોય તો આચાર-વિચાર-વર્તન સુધારવા પડશે.



ભાગ્યના યોગે મનુષ્ય જન્મ પામ્યા પછી પ્રભુવીરનું શાસન મળ્યું. ઉપકારી તારક, ત્યાગી-વૈરાગી ગુરુ મળ્યા. અહિંસા મૂલક ધર્મ મળ્યો. એના કારણે જે અનંતા જન્મમાં કર્મક્ષય માટે પુરુષાર્થ ન થયો એ એક જ ભવમાં અલ્પકાળ માટે મોકો મળ્યો છે. હવે

એક એક કર્મ દલિકોનો ક્ષય કરવા દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની વિશિષ્ટ રીતે આરાધના કરી કર્મ નિર્જરા કરી. બાહ્ય-અભ્યંતર તપના પ્રકારમાંથી રોજ વિવિધ રીતે આરાધના કરી ઘાતી કર્મનો ક્ષય કર્યો. આત્મા કેવળદર્શન-જ્ઞાનનો માલિક થયો. હવે માત્ર અઘાતી કર્મના ક્ષય માટે પ્રયત્ન કરવાનો રહ્યો.

અઘાતી કર્મ લગભગ ભોગવવાનું જ હોય છે. જ્યારે આયુષ્ય કર્મનો ક્ષય થાય ત્યારે બાકીના-૩, વેદનીય-નામ-ગોત્ર અદ્રશ્ય થઈ જાય. તેઓ એકલા કાંઈ જ કરી શકતા નથી. આમ, મોહનીય ક્ષયે ઘાતી કર્મ અને આયુષ્ય ક્ષયે અઘાતી કર્મનો ક્ષય થાય એમ કહી શકાય. એક એન્જિન જે ગાડી ચલાવે છે, જ્યારે બીજો ગાર્ડ ગાડી ચલાવવી કે ઊભી રાખવી તેની જાહેરાત કરે છે.

આત્માની જન્મ-મરણની શરીરરૂપી ગાડી કિનારે આવી ગઈ છે. આત્માને સિદ્ધપદ-મોક્ષ પ્રાપ્ત કરવા હવે ઉચ્ચ-નીચકુળ, પુલિંગ-સ્ત્રીલિંગાદિ કાંઈ જ નડતું નથી. કર્મ ક્ષય એજ એની છેલ્લામાં છેલ્લી કન્ડીશન છે.◆ જો મન કોઈ સ્થળે અટવાઈ ગયું તો પણ ગાડી મોક્ષના બદલે દેવગતિમાં પહોંચી જાય.卐 ત્યાંથી મોક્ષ જવા મનુષ્ય ગતિમાં જન્મ લેવો જ પડે. માટે દેવગતિની લાલસા ન કરતાં.

જૈનદર્શન એક એવું દર્શન છે કે તેમાં કોઈની પણ કાંઈ લાગવગ કામ આવતી નથી. કર્મ બાંધનારને જ બધા કર્મ ભોગવવા પડે છે. આ રીતે આ જીવે જે ક્ષણે પોતાના બાંધેલા કર્મ સંપૂર્ણ ભોગવી લીધા હોય તે જ ક્ષણે એ ૧૪ રાજલોકના અગ્રભાગ ઉપર ક્ષણવારમાં સિદ્ધશિલા પરના અજરામર સ્થાનને પ્રાપ્ત કરી લે છે. ત્યાં ગયા બાદ ફરી કોઈપણ જાતની ક્રિયા-કર્મબંધ કે ફરી જન્મ લેવા માટેની પ્રવૃત્તિ કરવી પડતી નથી.


એવી અનંતકાળે આત્માને આત્માની પોતાની જગ્યામાં રહેવા-જવા મળી રહ્યું છે એજ ભાગ્યનો ઉદય. અમર આશા સાથે એ પરમપદનો જરૂરી પરિચય જાણી લો અને તેના સત્વરે અધિકારી બનો એજ મંગળ કલ્યાણકારી ભાવના.

✤

---

◆ શાલિભદ્રજીએ માતાને જોઈને મોહકર્મ મોક્ષને ધક્કો માર્યો.

卐 એક મુનિ મોક્ષબારી પર ઊભા હતા. પણ એક છઠ્ઠતપ જેટલું પુણ્ય અને સાતલવ જેટલું આયુષ્ય હિસાબ કરતાં ખૂટ્યું તેથી એ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મનુષ્ય થઈ મોક્ષે જશે. (વેદનીય કર્મપૂજા-૫)



# મુક્તિ...

**★ મિતાક્ષરી - પરિચય :**

સ્થળ - ૧૪ રાજલોકના અગ્રભાગે, પહોળાઈ-૨ ।। દ્વીપ. મધ્યમાં જાડાઈ ૧ યોજન, અંતમાં માખીની પાંખ જેવી.

કર્મ - ૪ ઘાતી (૪૭) ૪ - અઘાતી (૧૧૧) કર્મોનો ક્ષય કરી સંપૂર્ણ શરીરમાંથી જવાય

અવસ્થા - પ્રકાશમાં પ્રકાશ મળી જાય તેરી પરિસ્થિતિ અરૂપી અશરીરી અનંત સુખ, શાશ્વત સ્થળ, અચલ, રોગરહિત.

(મોક્ષગામિ) જીવના શાસ્ત્રીય નામો - ભવિ, તત્ભવ મોક્ષગામી, સમ્યગ્દષ્ટિ, સમકિત


પ્રકાર - ૧૫ પ્રકારે જીવ સિદ્ધગતિને પામે.

અનુકુળતા - દ્રવ્યથી મનુષ્યગતિ, ક્ષેત્રથી અઢીદ્વીપની અંદર કાળથી ઉત્સ, અવ. કાળનો ત્રીજો-ચોથો આરો (મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ) ભાવથી ૧૪ ગુણસ્થાનક સ્પર્શ્યા પછી. ત્રસનાડીમાંથી જવાય.

યોગ્યતા - ૧૪ માર્ગણાના ૬૫ પ્રભેદમાંથી માત્ર ૧૦ માર્ગણાના ૧૦ પ્રભેદ દ્વારા મોક્ષગમન. સમકિતી જીવ, ભવિ જીવ.

ગમણાગમણ - છ મહિનામાં ઓછામાં ઓછો એક જીવ મોક્ષ પામે (આશ્ચર્યરૂપે ભ.ઋષભદેવના મોક્ષગમન વખતે એક સાથે ૧૦૮ મોક્ષે ગયા.)

અધિકાર - જ્ઞાનાવરણીયાદિ ૪ - ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય કરી આત્મા કેવળજ્ઞાની થાય એટલે.




**★ વિવરણ :**

બંધન અને મુક્તિ એટલે જન્મ અને મૃત્ય-મરણ.

કર્મબંધનો પ્રારંભ સહેતુ (કારણ સહિત) નિમિત્તથી થાય છે. સ્વાભાવિક રીતે થતો નથી. જ્યારે કર્મ ક્ષય દર્શન-જ્ઞાન-ચારિત્રાદિના આરાધનાથી વિશિષ્ટ પ્રયત્નથી થાય છે. આ જીવે આઠે (સાતે) કર્મનો ભોગવટો બંધ ઉદય, ઉદીરણા, સત્તા માટે ખાસ પદ્ધતિથી અનંતકાળથી કર્યો છે. એ કર્મ સત્તાથી મુક્ત થવા સંવર અને નિર્જરાને નજર સામે જો રાખવામાં આવશે તો બેડો પાર થયો સમજવો.

કદાચ એક પ્રશ્ન થાય કે, આત્મા બાંધેલા કર્મોને ભોગવી લે પછી એ કર્મો ક્યાં જાય ? પાનખર ઋતુ બધાએ જોઈ છે. તે વખતે વૃક્ષ ઉપરથી પાંદડા આપ મેળે છૂટા થઈ જમીન ઉપર પડે છે. તેમ કાર્મણ વર્ગણાઓ ૧૪ રાજલોકમાં વિખરાયેલી છે. જ્યાં કર્મ બાંધવાનું નિમિત્તમળે ત્યાં એ વર્ગણાઓને આત્મા ગ્રહણ કરે હવે જ્યારે કાર્મણ વર્ગણાઓ આત્માથી છૂટી પડે ત્યારે એ વર્ગણા રૂપે અથવા પુદ્‌ગલરૂપે પાછી સ્વ સ્વરૂપમાં પરિણમે છે.

આઠ કર્મની વિચારણા તો આપણે કરી. હવે તે કર્મને પરસ્પર સંબંધ કાંઈ છે કે ? તે સર્વ પ્રથમ જાણી લઈએ.

**જ્ઞાન** અને **દર્શન** એ બે જીવના લક્ષણ છે. જ્યારે તેના ઉપર આવરણીરૂપ કર્મ સવારી કરે ત્યારે સર્વ પ્રથમ **વેદનીય** કર્મનું સુખ-દુઃખ આપવા માટે આગમન થાય. સુખ-દુઃખ એમનેમ હેરાન ન કરે તેથી તેના મિત્ર રાગ-દ્વેષ-કષાય રૂપે **મોહનીય** કર્મને રાજસત્તાની જેમ સાથ લઈ પાઠ ભજવે. એના કારણે મુંઝાઈ ગયેલ જીવ આરંભ-સમારંભ દ્વારા ચાર ગતિમાં જવા માટે **આયુષ્ય** નક્કી કરી લે. જ્યારે એ આયુષ્ય ભોગવવાની મુસાફરીએ નિકળે ત્યારે ભાથાંરૂપે જરૂરી ઉપસાધન સામગ્રી **નામકર્મ**ની આગેવાની હેઠળ ભેગી કરે. સામગ્રીને ભેગી કરતાં સારી-નરસી, અસલી-નકલી, ઉચ-નીચના વિચારો મનમાં **ગોત્ર** કર્મના દલાલ દ્વારા પ્રગટે. આમ બધુ મેળવ્યું તો ખરું પણ ઉપયોગ પૂરો કરી ન બેસે ભીખારી ન થાય તે માટે દ્વારપાળ રૂપે **અંતરાય** કર્મ હાજર થઈ શું કર્યું શું કરવું છે તે પૂછે.

આઠ કર્મમાટે વ્યવહારીક ભાષામાં વિચાર કરીએ તો જ્ઞાનાવરણીય શિક્ષામંત્રી દર્શનાવરણીય વિદેશમંત્રી વેદનીય હેલ્થ મંત્રી મોહનીય રાજાધિરાજ અથવા રાષ્ટ્રપતિ. આયુષ્ય-ચુટણીનો સમય ભોગવવાનો કાળ. નામકર્મ વહીવટદાર, ગોત્રકર્મ ન્યાયાલય કોર્ટ કચેરી અને અંતરાય કર્મ-પ્રધાનમંત્રી સ્વરૂપે નિશ્ચિત સમય સુધી જીવન લીલાનો વહીવટ સંભાળે છે.

કહેવાનું તાત્પર્ય એજ છે કે, આઠ કર્મની શ્રેણીમાં ડાબી બાજુના ઘાતી કર્મ જ્ઞાનની વિચારણા કરનારા છે. જ્યારે જમણી બાજુની અઘાતી કર્મની શ્રેણી ક્રિયાની વિચારણા કરનાર છે. આ રીતે શરીર દ્વારા આત્મા જ્ઞાન-ક્રિયા ભેગા કરી સિદ્ધિ-મુક્તિ-મોક્ષ

મેળવવા પૂર્ણતાના દ્વાર ખખડાવે છે. પૂર્ણતા એમનમ પ્રાપ્ત થવાની નથી, કાંઈક કરવું પડશે.

નવતત્ત્વ પ્રકરણના સંકલન કરનાર મહાપુરુષ શ્રી ચિરંતનાચાર્યે એક નવિ દૃષ્ટિ કર્મ સાહિત્યને સમજવા આપી છે. જીવતત્ત્વ વિષયનો પ્રારંભ કરી મોક્ષતત્ત્વના છેલ્લા શાશ્વતા વિશ્રામ સ્થાને પ્રાપ્ત કરવાની ઝંખના રાખનારને બાકીના સાત તત્ત્વને ખૂબ સૂક્ષ્મતાથી સમજવા પગદંડી આપી છે. સર્વપ્રથમ જ્યાં સુધી આત્મા (જીવ)મોક્ષ ન પામે ત્યાં સુધી એનું શું થાય ? આ પ્રશ્નને નજર સામે રાખી અજીવ તત્ત્વને દર્શાવી આત્મા અને શરીરના નાજુક છતાં કામચલાઉ અલ્પકાલીન છૂટા સ્થાનો બતાડ્યા.



નાશવંત શરીર જ્યાં સુધી આત્માની સાથે સંકળાયેલું છે અથવા આત્મા શરીરની અંદર જ્યાં સુધી અરૂપીપણે રહે છે ત્યાં સુધી એને શું કરવાનું ? અથવા એ શું કરે ? એનો જવાબ ત્રીજા-ચોથા તત્ત્વની સાથે જોઈન્ટ આપ્યો. એટલે કાં તો એ પુણ્યનો વ્યાપાર કરે યા પાપમય પ્રવૃત્તિ કરે. વ્યાપારમાં નફો મેળવે અન્યથા અશુભ પ્રવૃત્તિ દ્વારા ૮૪ લાખ યોનિના ફેરા વધારે.

ત્રીજો પ્રશ્ન એ જ કે વ્યાપાર કે પ્રવૃત્તિ કરવા માટે કઈ વસ્તુ (જ્ઞાન)ની જાણકારી મેળવી પડે ? કહેવા-સમજવાનું એજ કે મોક્ષ પ્રાપ્તિ માટે એ કયા ક્ષેત્રમાં પગલા માંડે ? સંસારી જીવ પ્રભુતામાં પગલા માંડ્યા પછી સંસાર વધારવાના ક્ષેત્રમાં આગળ વધે. તેમ અહીં ચાર તત્ત્વને એ ઉપકારી પુરુષે બે વિગામાં સાંકળી દીધા છે. ગણિતશાસ્ત્રમાં (+) વૃદ્ધિ, (÷) ભાગાકાર, (-) બાદબાકી અને (x) ગુણાકાર દ્વારા વ્યાપારી આલમને કામે ચડાવ્યા છે. બુદ્ધિપૂર્વક કામ કરવાની અને તેમાંથી પાર ઉતરવાની દૃષ્ટિ આપી છે. તેમ આધ્યાત્મિક શાસ્ત્રમાં કલ્પના ગગનમાં વિચરતા અને તથ્ય સુધી પહોંચાડવાની ભાવના ભાવતા જીવોને મહાપુરુષે આશ્રવ-(વધારો), સંવર (ભાગાકાર), નિર્જરા (બાદબાકી) અને બંધ (ગુણાકાર) એમ તત્ત્વની બુદ્ધિએ પાપ-પુણ્યની કથાએ સાંકળી છે.

જીવને શિવ થવું છે. આત્માને પરમાત્મા થવું છે, રૂપીને અરૂપી થવું છે યા સંસારીને મુક્તિગામી થવું છે. તો તેને કાંઈક ક્રાંતિકારી પગલાં ભરવા પડશે. અનંતકાળથી આ આત્મા જે રીતે ભાડાના શરીરરૂપી ઘરમાં રહી અવનવું કરે છે તે ચાલુ ચિલે કરાતી પ્રવૃત્તિ સુધારવી પડશે. આજ સુધી જન્મ-મરણનો વધારો કર્યો છે (આશ્રવ) અને જીવન

જે રીતે જીવવું જોઈએ તે જાણ્યા-સમજ્યા વિના ગુણાકાર (બંધ) કર્યા છે. સાચું જોવા જાઓ તો અજ્ઞાન કષ્ટમય આ રૂઢિગત પ્રવૃત્તિથી ઘણું નુકસાન થયું છે. જવું હતું મુક્તિના પંથે ને જઈ ચડ્યા કર્મ વૃદ્ધિના બંધનના પંથે.

હવે ? આ ભૂલભૂલામણીનો માર્ગ જો સમજવો હોય એમાંથી સાચા માર્ગે ચઢવું હોય સમજ્યા ત્યાથી સવારની જેમ કાંઈક ક્રાંતિ કરવી હોય તો ભાગાકાર (સંવર) અને બાદબાકી (નિર્જરા)ના પંથે (તત્ત્વ) પ્રયાણ કરવું પડશે. આ પંથે અનંતા આત્મા ગયા. ઈચ્છીત ફળને પામ્યા છે. એટલે જે આ પંથનો અનુરાગી થશે તેનું નિશ્ચિત કલ્યાણ થશે.

આ એક ગૂઢ માર્ગદર્શન સમજવા માટે નવતત્ત્વના પ્રણેતા સર્જનદાર પુણ્ય પુરુષની આગમ વાણીને જ્ઞાનના ખજાનામાંથી વાગોળી દર્શાવેલ વાણીને જાણીએ, સમજીને સાચા રસ્તે પ્રયાણ કરીએ એજ મંગળ કામના.

✤

# મનમંદિર...

**મનમંદિર આવો રે, કહું એક વાતલડી,**
**અજ્ઞાનની સંગે રે, રમિયો રાત લડી.**

– ઉપા. વીરવિજયજી મ.

પરમ કૃપાળુ દેવાધિદેવ ત્રણલોકના જ્ઞાતા વીતરાગ પ્રભુને ઉપા. વીરવિજયજી મ. અંતરાય કર્મ નિવારણ પૂજા દ્વારા મનમંદિરમાં પધારવા માટે ભાવભરી વિનંતી કરે છે. અરજી-આજીજી-કાલાવાલા કરે છે. જ્યાં સુધી એ હૃદય મંદિરમાં નહિં આવે ત્યાં સુધી ધારેલું કાર્ય થવાનું નથી એવી તેમને પૂર્ણ શ્રદ્ધા છે.

પ્રભુ ઘેર આવશે એ શ્રદ્ધાથી ઉત્તમ પ્રકારે તૈયારી કરે છે. ભક્તિની નવનવિ ભાવના ભાવે છે, ઝંખે છે. પણ ભક્તનું મનમંદિર કેટલું સ્વચ્છ-નિર્મળ છે. તે થોડું શોધી લઈએ. જાણી લઈએ પછી ભક્તના ઘરે પ્રભુ ન આવે એ બને જ કેમ ?



**ઈંદિય કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ કમા,**
**કિરિયાઓ પણવીસં, ઈમા ઉતાઓ અણુક્કમસો.**

નવતત્ત્વ (આશ્રવ) ।।૨૧।।

**અર્થ :** ઈન્દ્રિય, કષાય, અવ્રત, યોગ (ના ભેદો) ક્રમશઃ પાંચ, ચાર, પાંચ ત્રણ (કુલ-૧૭) છે. ઉપરાંત ક્રિયા પચ્ચીસ છે. આ રીતે આશ્રવ તત્ત્વના ૪૨ ભેદ જાણવા.

વ્યવહારથી ઘર ભાડાનું અમુક સમય સુધી લીધું છે. તેમાં રહેવા માટે જવું છે પણ ઘરને બારી બારણા નથી. ઈલેકટ્રીક ફીટીંગ કે લાદી જમીન ઉપર પાથરી નથી. ભીંતોને પ્લાસ્ટર, રંગ-રોગાન કર્યા નથી. તો ચાર દિવાલ જેવા ઘરમાં રહેવા માટે જવાય ? જઈશું ?

ના.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં એક ગતિમાંથી બીજી ગતિમાં જવાની પ્રવૃત્તિ-ક્રિયાને 'યોનિ'એ નામે સંબોધિ છે. આવી યોનિઓ★ નવ પ્રકારની ત્યાં દર્શાવી છે. જ્યારે જીવવિચાર-નવતત્ત્વમાં ગર્ભજ-સમુર્ચ્છિમ, ઉપપાત, (અંડજ પોતજ) એમ ૩ (૫) કહી છે. જન્મ ધારણ કર્યા પછી આશ્રવ તત્ત્વના જે ૪૨ ભેદ છે તેનો સહવાસ આ સંસારી આત્માએ કરવો ન જોઈએ. આશ્રવ એટલે કર્મને આવવાના દ્વાર એનાથી આત્મા જેટલો આજ સુધી મલીન હતો તેમાં વધારો થયો. જ્યાં સુધી બાહય રીતે આત્મા મલીન થતો જશે ત્યાં સુધી કાંઈજ સુધારો થવાનો નથી.

લાજવંતિ વનસ્પતિને સ્પર્શ કરો એ અમુક સમય માટે કરમાઈ જાય. તેમ લોહચુંબક લોખંડને સ્પર્શ કરે તો લોખંડ ચુંબઈ એક બીજાને ચોટી જાય. તેમ આ ૪૨ પ્રકારો● (કાર્મણ વર્ગણાને) શુદ્ધ આત્માને મલીન કરી દે. માત્ર મલીન થતા આત્માને મલીન ન થાય તે માટે ખાસ ઉપરના મુખ્ય પાંચ અવાંતર ૪૨ ભેદથી અલિપ્ત રહેવું જોઈએ. તો જ મનમંદિર શુદ્ધ રહેશે-થશે.

મુખ્ય પાંચ ભેદમાં સર્વપ્રથમ ઈન્દ્રિય આવે છે. આજ સુધી ઈન્દ્રિયના ગુલામ (પરવશ) થયા ન હોત તો એ ઈન્દ્રિયો ના કારણે જે દુઃખદાઈ પરિણામ ભોગવવા પડે છે તે ભોગવવાનો અવસર ન આવત. આ પાંચ ઈન્દ્રિયને બીજી રીતે પાંચ પ્રાણ કહેવાય છે. પ્રાણ એટલે જીવનમાં જીવવા માટેની ઉપયોગી વસ્તુ. જ્યારે શરીરમાંથી આત્મા જાય છે ત્યારે શરીરવ્યાપી સ્પર્શ, જીભ દ્વારા સ્વાદ, નાક દ્વારા ગંધ, ચક્ષુ દ્વારા જોવાનું અને કાન દ્વારા સાંભળવાનું બંધ થઈ જાય. જે વાત આપણે સૌ સારી રીતે જાણીએ-માનીએ છીએ.

---

★ સચિત્ત, અચિત્ત, સચિત્તઅચિત્ત, શીત, ઉષ્ણ, શીતોષ્ણ, સંવૃત, વિવૃત, સંવૃત નિવૃત.

● ઈન્દ્રિયના વિષય-૨૩, કષાય-૧૬, અવ્રતિ-૫, યોગ-૧૫, ક્રિયા-૨૫, કુલ-૮૪ પણ થાય.

૧. ઈન્દ્રિય ઝાડ : પૃથ્વી કાયવાળું છે. અપ-પાણીથી તેનો વિકાસ થાય છે. તેઉ-અગ્નિથી સુકાઈ જાય, બીજાને બાળે અને સૂર્યની ગરમીને પોતે પણ સહન કરે. વાયુ-હવા પ્રફુલ્લિત થાય છાયામાં કોઈ બેસે તો તેને પણ શાતા આપે. વનસ્પતિ-સ્વયં એકેન્દ્રિય છે. ત્રસકાય પશુ-પક્ષી-મનુષ્યને વિરામ આપે. ટૂંકમાં એક માક્ષ ઝાડ આટલા અનુકૂળ કાર્ય કરે છે. તેમ પંચેન્દ્રિય માનવ જો ઈન્દ્રિયોને વશમાં રાખે તો ધારેલું કાર્ય સિદ્ધ અવશ્ય કરે.

૨. કષાય : ક્રોધાદિ ચારે કષાયોના કારણે ઘણાં જીવોએ પોતાના જન્મ-મરણ વધાર્યા છે. જો એ ચારે કષાયોની સામે ક્ષમા-નમ્રતા-નિખાલસતા અને ઉદારતા ગુણ જીવનમાં પ્રવેશે તો એક જન્મમાં અનેક જન્મના પાપ ધોવાઈ જાય.

૩. અવ્રત : વ્રતનો સ્વીકાર જીવનના દરેક ક્ષણે લાભ દાઈ છે. અવ્રતિ જીવન સ્વચ્છંદી જીવન છે. વડીલો સાથે અસભ્ય વ્યવહાર કરવો, વિચાર દુષિત કરી મિથ્યાત્વનું પોષણ કરવું. ભક્ષાભક્ષનો વિવેક ત્યજી પેય-અપેયનું ભાન ભૂલી મનુષ્ય છતાં પશુ જેવું જીવન વ્યતીત કરવું એ અયોગ્ય છે.●

૪. યોગ : મનોયોગ, વચનયોગ, કાયયોગ અથવા મનદંડ, વચનદંડ કાયદંડ જીવન જીવવા માટે ૧૦ પ્રાણમાં આ ત્રણના નામો જીવતત્ત્વના જ્ઞાતા પુરુષોએ સ્વીકાર્યા છે. કોઈપણ વ્યક્તિને બેચૈન બનાવવો હોય દુઃખી દુઃખી કરવો હોય યા શરીરના અંગ-ઉપાંગને ખામીવાળા કરવા હોય તો આ ત્રણ શક્તિ અયોગ્ય પ્રવૃત્તિ કરે, તો અપકીર્તિને વધારે છે. જે જન્મ દ્વારા પૂજનીય-વંદનીય-સત્કારનીય-સન્માનનીય થઈ શકાય છે તે જન્મ વેડફી નાખે છે.




૫. ક્રિયા : 'ક્રિયા એ કર્મ' સુવર્ણાક્ષરે લખાય તેવું આ પ્રેરણાત્મક-આગમવાણી વાક્ય છે. એ વાક્ય ઘણું સમજાવી કહી જાય છે. કેટલાક બુદ્ધિશાળી ક્રિયાને નકામી પ્રવૃત્તિ કહે છે, જડ કહે છે. ઉદ્દેશ્ય વિહીન ગતાનુંગતિક કાર્ય કહે છે. તેઓને આ પંક્તિ ચેતવણી આપે છે, જાગ્રત કરે છે. ગમે તેવું અવિચાર્યું ન બોલવા આગ્રહ કરે છે.




● પૂછે ન હીના પશુભીઃ સમાના. - ભત્રૃહરિજી.

ક્રિયાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. આ આત્મા સામાન્ય રીતે ક્ષણેક્ષણે ક્રિયા (જોવા-બોલવા-ખાવા-ચાલવા-ઉંઘવા આદિ) કરે જ છે. શ્વાસોશ્વાસની સામાન્ય ક્રિયા ચાલુ તો એ આત્મા સચેતન-જીવવાળો અન્યથા મૃત સમજાય છે.

પાપના બંધ માટે નવતત્ત્વમાં ૨૫ ક્રિયા બતાડી છે. તેના ઉપર દૃષ્ટિ નાખશું તો સ્પષ્ટ સમજાશે કે–આ જીવ ઈચ્છાએ કે અનિચ્છાએ સકારણ કે નિષ્કારણ, રાગભાવે કે દ્વેષભાવે, અનુકૂળ કે પ્રતિકૂળ રીતે દિવસ કે રાત્રે, લાભ યા નુકસાન માટે ક્રિયા કરે છે. એ ક્રિયા અજ્ઞાનતાના અથવા મિથ્યાત્વના કારણે પાપકર્મનો બંધ કરે છે. પછી તેનું પરિણામ જન્મ-મરણની વૃદ્ધિ સિવાય શું આવે ?

અઈમુત્તા મુનિએ બાલ્યાવસ્થાના કારણે પાણીના ખાબોચિયામાં પોતાના હાથમાં રહેલ પાત્ર તરવા મુકયું, હવાના કારણે એ પાત્ર ડોલાવવા લાગ્યું. તે જોઈ બાળમુનિ ઘણા આનંદમાં આવી ગયા. આ બધી પ્રવૃત્તિ નિર્દોષ ભાવે બાળક્રિડારૂપે એ મુનિ કરતા હતા. પણ જ્યારે વડીલમુનિ પોતાનું કાર્ય પતાવી બાળમુનિ પાસે આવ્યા અને આ બાળમુનિની પ્રવૃત્તિ જોઈ બોલ્યા, ‘‘હે મુનિ ! તમે આ શું કર્યું ! સચિત પાણીને અડકાય નહીં. તમે પાપ કર્યું પ્રાયશ્ચિત રૂપે લઘુ પ્રતિક્રમણની ક્રિયા કરી લો.’’

મુનિ પાપની વાત સાંભળી પશ્ચાતાપ કરવા લાગ્યા. અને ઈરિયાપથિકી ક્રિયાની (ઈરિયાવહિની ક્રિયા) શુદ્ધ મને ઉચ્ચભાવે અંતરની સાક્ષીએ વિધિ-ક્રિયા કરતાં ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનને પામ્યા. ધન્ય મુનિરાજ !

આવી રીતે પાપપ્રવૃત્તિ સંસાર વધારે ને પશ્ચાતાપ પૂર્વક કરેલી આરાધના જન્મ-મરણ ઘટાડે. આ જીવે અનંતકાળ સુધી અનંતા જીવોની ભાગીદારીમાં નિગોદાદિ સ્થળે દુઃખ દાઈ સમય વિતાવ્યો. કાળક્રમે એજ જીવે આશ્રવના પાપકર્મના બંધના દ્વાર બંધ કરી સંવરના દ્વારો ખોલવાનો પાપમાર્ગથી પુણ્યના માર્ગે કાર્યો કરવાનો નિર્ધાર કર્યો જેથી અનંત આત્માની સાથે શાશ્વતી જગ્યાએ જવાનું પહોંચવાનું સંસારથી મુક્ત થવાનું સ્વપ્નને સાકાર કરવાના પગલા ભર્યા.

**પાવોવસેસ હિંસપ્પયાણાં, અવસાણ, ગુરુપમાયરિયં ।**
**ભેણા અન્યત્થદંડસ્સ, હુંતિ ચઉસે જિણકખાયા ।।**

વીતરાગ જિનશ્વર દેવે અનર્થદંડ વિરમણવ્રતના (૧) પાપોપદેશ (૨) હિંસકપ્રદાન (૩) અપધ્યાન આચરણ અને (૪) ગુરુપ્રમાદ આચરણ એ ચાર ભેદો કરેલા છે.

૧. કષાયભિક્ષુની જેમ વગર માગેલી સલાહ આરંભ સમારંભ કરનારી જાતિ (ખેડુત-ભરવાડ-કુંભારાદિ)ને આપવા જેવું પરોપદેશાય પાંડિત્યં.

૨. ચોરપલ્લીના ચોરની જેમ વિષ અગ્નિ શસ્ત્ર વિ. હિંસક વસ્તુ બીજાને આપવા.

૩. સ્કંધકસૂરિની જેમ આર્તધ્યાન અશુભધ્યાન અન્ય જીવો માટે કરવું.

૪. ગુણસેન-અગ્નિશર્માની જેમ અયોગ્ય આચરણ કર્યા. ૪ વિગઈ તથા ગોળ-ઘી આદિ સાચવ્યા નહિં જીવહિંસાની જયણા ન કરી.

આશ્રવ તત્ત્વના આ રીતે ૪૨ ભેદોની વિચારણા હૃદયને પવિત્ર બનાવવા માટે કરી. જે જીવે આ પાંચ યા ૪૨ ભેદોના આલંબનથી આત્મા અપવિત્ર થાય છે તે જાણી તેનાથી દૂર થવા વિચાર્યું છે એ ખરેખર મુક્તિનો પ્રવાસી છે.

હવે માત્ર સંવર તત્ત્વની ઉપર નજર નાખવાની જરૂર છે. એ છેલ્લા પ્રકરણમાં ટૂંકમાં જોઈશું.

✤

# સંસારથી અલવિદા...

**જીવાય નવ પયત્થે, જો જાણાઈ તસ્સ હોઈ સમ્મત્તં,**
**ભાવેન સદ્દહંતો, અયાણ માણોઙવિ સમ્મત્તં. (૫૧)**

**સવ્વાઈં જિણેસર ભાસિયાઈં, વયણાઈં નન્નહા હુંતિ,**
**ઈય બુદ્ધિ જસ્સ મણે, સમ્મત્તં નિચ્ચલં તસ્સ. (૫૨)** (નવતત્ત્વ)

**અર્થ :** જીવાદિ નવ પદાર્થોને જે જાણે છે, તેને સમ્યક્ત્વ હોય. તેવી જ રીતે બોધ, જ્ઞાન વિના માત્ર ભાવથી (નવતત્ત્વની ઉપર) શ્રદ્ધા રાખનારને પણ સમ્યક્ત્વ હોય છે. (૫૧)

શ્રી જિનેશ્વર ભગવંતે કરેલા સર્વ (કોઈપણ) વચનો અસત્ય ન જ હોય. એવી જેના હૃદયમાં બુદ્ધિ (નિર્ણય) છે તેનું સમ્યક્ત્વ દ્રઢ નિશ્ચલ સમજવું. (૫૨)

વૈરાગ્યશતક ગ્રંથના રચયિતા મહાપુરુષ આ સંસારથી અલવિદા-છૂટકારો લેવા માટે વિવિધ પ્રકારે અજ્ઞાની-અલ્પજ્ઞાની કે પૂર્ણજ્ઞાન તરફ પ્રગતિ કરતાં જીવને મૃત્યુ-મરણ-કાળધર્મ આદિ. શબ્દો દ્વારા એક જ વાત સમજાવવા પ્રયત્ન કર્યો છે, કે-મૃત્યુ એવું પામો ફરી મૃત્યુના દ્વારે પહોંચવું ન પડે. અર્થાત્ જ્યાં જન્મ પછી મૃત્યુ નથી એવું સમાધિમય-કર્મરહિત મૃત્યુ-નિર્વાણપદ મેળવો.

મૃત્યુ નામ સાંભળી ઘણાં દુ:ખી થાય છે, કંપાય છે, ઘબરાય છે. તે માટે ટૂંકા વાક્યમાં ઘણું સમજાવવા પ્રયત્ન કર્યો છે. કોઈક જાગૃત આત્મા જ મૃત્યુને સત્કારે છે.

**આ રહ્યા એ વિચારનીય વાક્યો :**

★ દુ:ખને આવકારો. કારણ તમારા આમંત્રણથી એ આવ્યા છે.

★ મન ખાલી ન રાખો. કારણ આર્તધ્યાન કરશે.

★ દુ:ખીના વિચાર કરો. કારણ તમારા કરતાં બીજા ઘણાં વધારે દુ:ખી છે.

★ દુ:ખના મૂળને શોધો. કારણ આસક્તિના કારણે એ આવે છે.

★ અંતે પુણ્ય અનુસાર જે મળ્યું છે, તેમાં સંતોષ રાખો.

સંસારથી નિવૃત્તિ લેવાનો ઉપાય નવ તત્ત્વની અંદર સંવર તત્ત્વમાં ૫-સમિતિ, ૩-ગુપ્તિ, ૨૨-પરિષહ, ૧૦ ભાવના, ૧૨-યતિધર્મ અને ૫-ચારિત્ર એમ કુલ-૫૭ ભેદે બતાવેલ છે. કદાચ એમ થશે કે, આટલા બધા ભેદ-પ્રકાર બતાડવાની જરૂર શું પડી ? માત્ર- ૧/૨ વાતમાં સમાઈ ન જાય ? એવો અધૂરા માનવી અવશ્ય વિચાર કરે. પણ આઠ કર્મ સાથે જો યુદ્ધ કરવું હોય તો જેવા સાથે તેવા થવું જ પડે. તેથી જેવું કર્મ તેવી દવા અહિં દર્શાવી છે.

સર્વ પ્રથમ એક વાત વિચારી લઈએ કે, જો પાપથી નિવૃત્તિ લેવી હોય તેનાથી છૂટા થવું હોય, રસ્તે ચાલતાં ગમે ત્યાં અથડાતા એ પાપ કર્મને અડવું ન હોય તો ચોવિશે કલાક અપ્રમાદિ જીવન યા શુભ ઉપયોગ અત્યંત આવશ્યક છે. ક્યારે આત્મા અશુભધ્યાન-ઉપયોગમાં અટવાઈ પાપનો બંધ કરવા બેસી જાય તે કહેવું અશકય છે.★ માટે ઉપકારી પુરુષોએ ચિંતન કરી શુભ પરિણામો પ્રગટાવવા પાંચ વિચારો આપ્યા છે.

૧. **ચિંતન :** સાધક આત્મા ચિંતન કર્યા કરે. આત્મા સિવાયના સર્વ પર પદાર્થોને પર માને મિત્ર ભાવે તેની સાથે વ્યવહાર ન કરે. (નાગાથી સૌ ગાઉ દૂર)

૨. **કરણ :** ધર્મક્રિયા ભાવપૂર્વક-ઉપયોગ સહિત કરે. સાવદ્ય આચરણ છોડી નિરવદ્ય આચરણનો સંગ વધુ કરે.

૩. **શયન :** નિદ્રાના સામાન્ય રીતે પાંચ પ્રકાર છે. તેમાં પ્રથમ પ્રકારની નિંદા શરીરનો ધર્મ સમજી અપ્રમત્ત અવસ્થાએ મર્યાદિત સાધન પૂંજી પ્રમાર્જી 'કુકડીય પાય પસારણ' રીતે અનિવાર્ય કારણે વાપરે.●

૪ **ગમન :** ઈર્યાસમિતિ પાળવાપૂર્વક કાયાથી ગમણાગમણ કરે. મનને આર્ત-રૌદ્રમાં જવા ન દે. વચનને વધુમાં વધુ ગોપવે, જયણા સાચવે. સાવધાનીપૂર્વક ઉઠ-બેસાદિ કરે.

૫. **વચન :** શાસ્ત્રવચન એક સર્વમાન્ય છે. એમ શ્રદ્ધાથી સ્વીકારે. હિતં-મિતં-પથ્યં-સત્યં વચનનો વચનગુપ્તિ પાળી ઉપયોગ કરે. કષાય ન વધે. જન્મ-મરણ ન વધે તે માટે સાવધાન રહે.◆ (બાંધી મુટ્ઠી લાખની, મૌનં સવાર્થ સાધનમ્.)

આટલા પ્રાથમિક પ્રેરણાત્મક વિચારો કર્યા પછી હવે સંવરતત્ત્વ જેને કહેવાય છે. જેના ૫૭ ભેદ છે. એ વિસ્તારથી જાણી લઈએ. આ વિચારો આ ભેદો નવા કર્મબંધ થતા અટકાવે છે. બચાવે છે. જ્યાં સુધી નવા કર્મ બંધ અટકાવીશું નહિં ત્યા સુધી જૂનાં બાંધેલા કર્મ ખપશે નહિ. જૂનાં જે દિવસે ખપી જશે તે દિવસે કેવળજ્ઞાન (કેવળજ્ઞાની થઈ) પદે પહોંચ્યા સમજવું. આશ્રવતત્ત્વ દ્વારા કર્મોનું આગમન થાય છે અને સંવરતત્ત્વ દ્વારા કર્મ જીવનમાં પ્રવેશી શકતા નથી.

જેટલુ આશ્રવ-સંવર તત્ત્વનું મહત્વ છે તેટલું નિર્જરાતત્ત્વ અને બંધ તત્ત્વનું અપેક્ષાએ મહત્વ નથી. જો જીવનમાં નવા કર્મનો બંધ થાય અને કર્મ આવતા અટકી ન જાય તો

---

● ભ. ઋષભદેવ અને પ્રભુવીરે છદ્મસ્થ કાળમાં અલ્પાતી અલ્પ નિદ્રા લીધી હતી.

★ પ્રસન્નચંદ્ર દુર્ધ્યાનના કારણે નરકે જવાના હતા પણ બચી ગયા જ્યારે શ્રેણીકરાજા રૌદ્રધ્યાનના કારણે નરકે ગયા.


◆ મરીચિના જીવે ઉત્સૂત્ર પ્રરૂપણા કરી જન્મ-મરણ વધાર્યા. નીચ કુળ-ગોત્રનો કર્મ બંધ કર્યો.

છેડો આવવાનો જ નથી. નિર્જરા એટલે પૂર્વે બાંધેલા કર્મને ઉદય વખતે સમતા-શાંતિ-સમાધિથી ભોગવી લેવા તે કર્મોની નિર્જરા કરવી. તે જ રીતે કર્મના બંધનો વિચાર છે. ઓછો બંધ ઓછો ભોગવટો. સ્પૃષ્ટ બંધમાં જો કામ પૂર્ણ થતું હોય તો પછી નિકાચિત સુધી રાહ જોવાનીને સમયને બગાડવાની જરૂર જ નથી.

**૫૭-ભેદની ટૂંકી મુલાકાત :**

(૧) **સમિતિ :** આ વિભાગના પાંચ ભેદ-પ્રકાર છે. ચતુર્વિધ સંઘમાંથી કોઈ પણ જીવને આ વિભાગમાં પ્રવેશ લેવો પડે. આ વિભાગના જે પાંચ ભેદ છે તે સર્વવિરતિધર કાળજી રાખે અને અણુવ્રતધારીએ કાળજી રાખવા પ્રયત્ન કરે. જીવ માત્રને કાળજી રાખવાની જ છે ? જોઈ જોઈને ચાલવું, જરૂર પડતું બોલવું. શુદ્ધ આહારાદિની ગવેષણા કરવી, કોઈ પણ વસ્તુ લેતા-મુક્તા દૃષ્ટિ પડિલહેણ, ભૂમિ પડિલહેણ જયણાપૂર્વક કરવી. અને ત્યાજ્ય વસ્તુને ત્યજતી વખતે જીવદયા ને નજર સામે રાખી ઉપયોગપૂર્વક નિર્દોષ ભૂમિમાં પરઠવી.

ઝીણવટથી જોવા જઈએ તો આ વિભાગને શરીર-કાયા સાથે ઘણો ઘનિષ્ઠ સંબંધ છે. પાપ પ્રવૃત્તિ કાયા દ્વારા અશુભ ભાવે પરિણામે જો કરવામાં આવે તો કર્મબંધ વૃદ્ધિ પામે. તેનાથી બચવા માટે ખાસ આચાર ઉપર નજર રાખવા વિવેકી થવા અહીં સૂચવવામાં આવ્યું છે. દીવો લઈને કૂવામાં પડનારને મહામૂર્ખ કહેવાય.




(૨) **ગુપ્તિ :** ગોપવવું. બીન જરૂરી ન વાપરવું. માનવી પાગલ કેમ થાય છે ? માનવી બ્લડપ્રેશર–ડાયાબિટીશનો બિમારી કેમ બને છે ? માનવી અશાંત-દુ:ખી કેમ બને છે. હાથે કરીને અકાળે જો વૃદ્ધાવસ્થાને આમંત્રવી હોય તો એક જ માર્ગ છે, શક્તિ ઉપરાંત મન-વચન-કાયાને વાપરો. શરીર વિજ્ઞાનીઓનું કહેવું છે કે, તમારા મન-વચન-કાયાને કાબુમાં રાખો 'કમ ખા, ગમ ખા, નમ જા''ના વિચારો આચરણમાં મૂકનારને પસ્તાવું પડતું નથી. વૃદ્ધાવસ્થામાં પણ જે સ્વસ્થ-તંદુરસ્ત સ્વાવલંબી જીવન જીવે છે તેનું મુખ્ય કારણ ગુપ્તિ છે. તેથી જ વીતરાગ જિનેશ્વર ભગવંતે બીજા વિભાગમાં પાપથી બચવા ગુપ્તિની પ્રરૂપણા કરી છે.




(૩) **પરિષહ :** ઉપદ્રવ-મન ગમતું ન થાય. વચનને માન્યત ન મળે. કાયાની માયા દુ:ખી કરે એવા પ્રાયઃ સર્વવિરતિધર (સાધુ)ના જીવનમાં ૨૨ પ્રસંગો (પરિષહ) જન્મે છે. અને એ પ્રસંગે જીવ વિના કારણે ત્યાગ-વૈરાગ્ય ભૂલી દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી ●આર્તધ્યાન કરે છે. મુમુક્ષુ, વ્રતધારી શ્રાવક યા પડિમાધારી શ્રાવકને પણ આવા ઓછા-વધુ પરિષહ આવે તો તેઓએ પણ આર્ત-રૌદ્ર ધ્યાનથી મુક્ત- દૂર રહેવા પ્રયત્ન કરવો હિતાવત છે.

સંપ્રતિરાજા પૂર્વ ભવે ભિખારી હતા. તે વખતે ખાવા માટે ઉપકારી ગુરુના કથન અનુસાર દીક્ષા લીધી. જરૂર કરતાં વધુ આહાર કરવાથી રાત્રે જ ચારિત્રની અનુમોદના કરતાં આયુષ્ય પૂર્ણ થયું. ફળ સ્વરૂપે એ સંપ્રતિરાજા થયા.




(૪) **યતિધર્મ-સાધુ ધર્મ :** આચાર્યના-૩૬, ઉપાધ્યાયના ૨૫, સાધુના-૨૭ ગુણો જેમ સંયમી જીવનના આભૂષણ રૂપે સ્વીકાર્યા છે. તેજ રીતે સાધુ-મુનિજીવન માટે પંચિંદિય સૂત્રમાં ૧૮+૧૮=૩૬ ગુણનું વિવરણ છે. પ્રથમ-૧૮ એ મુનિજીવન માટે વ્યક્તિગત સમજીશું તો બાકીના ૧૮ ગુણ આચાર-વિચાર માટે વંદનીય-પૂજનીય થવા માટે કહેવા પડશે. એજ રીતે ૧૦ યતિધર્મ એટલે બીજી રીતે સર્વ સામાન્ય મુનિજીવનના ૧૦ ધર્મ (આચાર) પાપથી મુક્ત થવા માટેના છે. અવાંતર રીતે પાંચ મહાવ્રતોની તેમાં છાયા જ દેખાશે.

● તૃણસ્પર્શ – કાયા-મેઘકુમાર, વધ-ખંધકસૂરિ, અલાભ-ઢંઢણ ઋષિ, રોગ-સનતકુમાર ચક્રી, સત્કાર-આર્યસુહસ્તિ સૂરિ.

કહેવાય છે કે, સમકિતધારી જીવ ઉપયોગવાન હોય છતાં તેનાથી પાપ થઈ જાય તો તે પાપનો બંધ અલ્પ થાય. નિર્ધ્વંસ પરિણામ ન હોવાના કારણે પાપ કરવું નથી એવી જાગૃતિના કારણે અલ્પપ્રમાદથી પાપ થાય તેથી પાપનો બંધ અલ્પ દર્શાવ્યો. (વંદીતું સૂત્ર) એવું પાપ પણ મોક્ષાભિલાશી જીવે કરવું ન જોઈએ. થાય તો પ્રાયશ્ચિત લેવું કરવું જોઈએ.

**(૫) ભાવના :** ભાવ-ના અને ભાવના શબ્દ અર્થની દૃષ્ટિએ વિરોધાભાસી છે. અહીં પણ સંયમી જીવન સંયમી (વિવેકવાળું) બને. સંયમી જીવનમાં ચિત્તની પ્રસન્નતા રહે. સંયમી દ્રવ્ય યા ભાવથી અસંયમી ન બને તેના માટે બાર ભાવના પડતાને લાલબત્તીરૂપે ડગમગતાને ચેતવણી રૂપે અને સંયમીને સ્થિર થવા રૂપે બતાડવામાં આવી છે.

જોવા જાઓ તો ઉપરના પાંચે વિચારો સાધુજીવન સાથે જ પ્રરૂપેલા છે. પણ એક દિવસ જો શ્રાવકને મુમુક્ષુ થવું હોય, મુમુક્ષુને સંયમ પ્રાપ્ત કરવું હોય તો વૈરાગ્યનો રંગ લગાડવા માટે આ ભાવનાઓથી ભાવિત થવું પડશે. આત્મા સંયમી કયારે બને ? ક્યારે એ માર્ગે જવા તૈયાર થાય ? કેવા સંયોગે એ ક્ષણિક સુખને દુઃખરૂપ માને ! તે માટે સંયમ ગ્રહણની પૂર્વ ભૂમિકારૂપે ત્રણ કારણો ઉપકારી પુરુષોએ દર્શાવ્યા છે. (૧) પૂર્વભવે ચારિત્રધર્મનું અપૂર્ણ આરાધન કરેલ-તે આ ભવે પૂર્ણ કરવા આગળ વધવા ચારિત્રઅંગિકાર કરે. (૨) ત્યાગી-વૈરાગી મહાપુરુષોના શ્રીમુખે બાર ભાવના યુક્ત ક્ષણિક સુખ-શાશ્વત સુખની વાતો ઉપદેશાભુત દ્વારા સાંભળી સંયમ લેવાની ભાવના થઈ. (૩) સ્વાર્થ ભર્યો સંસાર છે. કોઈ કોઈનું નથી. જીવ એકલો આવ્યો છે. જે પારકું છે તેને મારું માનું છું. વિગેરે ખાટા-મિઠા અનુભવો કરી સંસાર દાવાનલથી મુક્ત થવા-શાંતિના ઘરમાં વસવા સંયમનો સ્વીકાર કરે. 'સસનેહી પ્યારા રે, સંયમ કબ હી મીલે' એ ભાવના રોજ એ જીવે ભાવવી જોઈએ.




**(૬) ચારિત્ર :** જેનું ચરિત્ર આદર્શ તેનું ચારિત્ર આદર્શ-વંદનીય કોઈપણ આત્મા મોક્ષે જો ગયો હોય તો તે દ્રવ્ય-ભાવથી ચારિત્રવાન હોવાજ જોઈએ. 'ચારિત્ર વિન કલ્યાણ નહિ. ચારિત્ર પરમ આધાર'. એવા એ ચારિત્રધર્મના પરિણતિ અનુસાર પાંચ

ભેદ-પ્રકાર કહ્યા છે. અવાંતરે કષાયોને ઉપશમાવવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન ચારિત્ર છે. જેમ જેમ પાપનો ક્ષય થતો જાય. વૈરાગ્ય ભાવના વૃદ્ધિ પામતી જાય તેમ તેમ ચારિત્રધરની યોગ્યતા વધતી જાય.

પરિહારવિશુદ્ધિ ચારિત્રમાં વિશેષ પ્રકારની સાધના તપ-જપ-સાથે કરવાની હોય છે. અઢાર મહિનાની ૯ સાધુ-શ્રમણોના સાથે સંકળાયેલી આ સાધના શાસ્ત્રમાં બતાડેલ વિધિ પ્રમાણે કરવાની હોય છે. સુક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્ર ૧૦માં ગુણસ્થાનકથી ૧૪માં ગુણસ્થાનક સુધીની પ્રગતિમય સંયમયાત્રા છે. અને તો જ એ નિર્મળ ચારિત્રવાન નિરતિચારી આત્મા પરમપદ-મોક્ષના અધિકારી બની શકે છે.

ટૂંકમાં સંવર તત્ત્વના ૬ વિભાગમાં ૫૭ ભેદ ઉપર પુનઃ પુનઃ વિચાર કરીશું તો સ્વચ્છંદી સ્વમતિથી જીવન જીવનારા જીવો શાસ્ત્રમતિ અને ગુરુઓની નિશ્રામાં સંયમી જીવન જીવવાના અનુરાગી થશે. દૃષ્ટિ બદલવાથી પાપમય બુદ્ધિ સુધરી પુણ્યમય બુદ્ધિ જાગૃત થઈ જશે. જ્યાં પાપ ઘટે ત્યાં કર્મ ઘટે અને કર્મ ઘટે તો ધર્મ-પુણ્ય વધે. આ વૃદ્ધિના કારણે એક દિવસ સંવર તત્ત્વની કૃપાથી કહો આત્મા મોક્ષનો અધિકારી અવશ્ય બને.

પહેલા જ કહ્યું તેમ મોક્ષના અધિકારી ચારિત્રવાન આત્મા છે. ચારિત્રવાન એટલા માટે કે તેણે સર્વ રીતે વિરતિમય-અપરિગ્રહમય-અકષાયમય જીવન જીવવાનું શરૂ કર્યું છે. તેથી એ આત્મા દ્રવ્ય ચારિત્રવાન હોય કે ભાવ ચારિત્રવાન હોય, એ જોવાની જરૂર નથી. ભાવ ચારિત્રવાન પણ તરત જ દ્રવ્યચારિત્ર માટે જરૂરી ઉપકરણ ઓઘો-મુહપત્તી લઈ ચારિત્રવાન થઈ મોક્ષે જાય.●

✤

● ભરત ચક્રવર્તી, ૧૫૦૦ તાપસો.

નોંધ :

નોંધ :

નોંધ :

નોંધ :

-: પ્રવર્તક :-

## સાહિત્યોપાસક પૂ. મુનિરાજ
## શ્રી હરીશભદ્રવિજયજી મહારાજનું
## દેવગુરૂની કૃપાથી કલમની સહાયથી
## લખાયેલું સમ્પાદિય-સંગ્રહિત સાહિત્ય



૧. વીર જાવડશા
૨. પૂર્વભારતની પંચતીર્થિ
૩. અન્વેષણ હિન્દી
૪ ૭. અન્વેષણ ગુજરાતી ભાગ-૧-૨-૩-૪
૮. અવલોકન સચિત્ર
૯. સચિત્ર નવકાર ગુજરાતી
૧૦. સચિત્ર નવકાર હિન્દી
૧૧. સચિત્ર નવકાર મરાઠી
૧૨. સચિત્ર નવકાર ઈંગ્લીશ
૧૩. સચિત્ર જીવવિચાર
૧૪. સચિત્ર નવતત્ત્વ
૧૫. સચિત્ર સામાયિક ચૈત્ય ગુજરાતી
૧૬. સચિત્ર સામાયિક ચૈત્ય મરાઠી
૧૭. સચિત્ર સામાયિક ચૈત્ય ઈંગ્લીશ
૧૮. બે પ્રતિક્રમણ ઈંગ્લીશ
૧૯. આરાધનાના બે માર્ગ ગુજરાતી
૨૦. આરાધનાના બે માર્ગ હિન્દી
૨૧. કથા બે ભાઈની ઐતિહાસિક
૨૨. ધર્મરત્નના અજવાળા
૨૩ ૨૬. પૂર્ણતા (જ્ઞાનસાર) ભાગ-૧-૨-૩-૪
૨૭ ૨૮. થોર પુરૂષ ભાગ-૧-૨ મરાઠી કથા
૨૯. જીવનાચી જડણ ઘડણ-પ્રેરણાત્મક
૩૦. પ્રાતઃ સ્મરણ હિન્દી
૩૧. સચિત્ર ભક્તામર
૩૨. શ્રુત સાગરના રહસ્યો ભાગ-૧ (સંગ્રહ)
૩૩. શ્રુત સાગરના રહસ્યો ભાગ-૨ (સંગ્રહ)
૩૪. સયમં ગોયમ મા પયમાએ ભાગ-૧ થી ૭
૩૫. કામ બોલે છે
૩૬. ગુરૂકૃપા સ્મૃતિ અંક
૩૭. તીર્થંકર વંદના
૩૮. સહસ્ત્રકુટ
૩૯. દવા દુઃખ નિવારણની (પરીક્ષા-૬)
૪૦. જીવનનો સાચો સાથી (પરીક્ષા-૭)
૪૧. જિજ્ઞાસા (પ્રશ્નોત્તરી)
૪૨. પત્થરને પારસ કરનારા
૪૩. સુખ - સુખ - સુખ (ચિત્રવાર્તા)
૪૪. ચાંડાલ બન્યા મહામુનિ (ચિત્રવાર્તા)
૪૫. બાર ભાવના (પરીક્ષા-૮)
૪૬. કરમ ન રાખે શરમ (પરીક્ષા-૯)
૪૭. કરોળીયાની જાળ (પરીક્ષા-૧૦)
૪૮. કાલચક્ર (સંગ્રહ)
૪૯. મારો સોહામણો ધર્મ (પરીક્ષા-૧૧)
૫૦. આદર્શ શ્રાવક જીવન (સચિત્ર)
૫૧. આદર્શ શ્રાવક જીવન (પરીક્ષા-૧૨)
૫૨. પગલે પગલે પ્રગટે જ્ઞાન (સચિત્ર)
૫૩. સૂત્રકથા (સચિત્ર)
૫૪. આથમતી સંધ્યાએ (પરીક્ષા-૧૩)
૫૫. અરિહંત વંદનાવલી (સચિત્ર)
૫૬. ઉગમતી પ્રભાતે (પરીક્ષા-૧૪)
૫૭. જીવવિચાર-નવતત્ત્વ (પરીક્ષા-૧૫)
૫૮. જીવનનું સરવૈયું (પરીક્ષા-૧૬)
૫૯. બુદ્ધિ ચતુરાઈ (ભાગ ૧ થી ૪)
૬૦. ત્રિકાળ દેવવંદન
૬૧. નવકાર સચિત્ર મહિમા
૬૨. પાંચ પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૩. સંયમીનું જીવન ચરિત્ર
૬૪. ધર્મ મહેલના ૨૧ પગથિયા (પરીક્ષા-૧૭)
૬૫. પક્ખિ પ્રતિક્રમણ
૬૬. શાશ્વતા તીર્થના પાંચ ચૈત્યવંદન
૬૭. બે પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૮. સંવત્સરી પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૯. પ્રભુ દર્શન - ઈંગ્લીશ
૭૦. અમાસ થી પૂનમ
૭૧. નવપદ વિધિ સંગ્રહ
૭૨. પાંચ પ્રતિક્રમણ-અનુપ્રેક્ષા
૭૩. ભાવભરી વંદના
૭૪. ઉપકારી ઉપકરણ